પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૨૦-૮-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૪૩

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**


આજકાલ આંગળીઓ જ નિભાવી રહી છે સંબંધો... મળીને નિભાવવાનો સમય જ કયાં છે? બધા ટચમાં વ્યસ્ત છે પરંતુ કોઈ ટચમાં નથી...

પ્લોટ સાગરમાં વેચવાનો છે
કુવાડવા રોડ
સાત હનુમાન સામે
100 ફૂટનો રોડ
600 વાર
98242 00970
(રાજકોટ)

### સંઘ સુપ્રીમો મોહન ભાગવતના પ્રવાસ પૂર્વે

# અમેરિકામાં આરએસએસ પર પ્રતિબંધ મૂકવાની માંગથી ખળભળાટ

## અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પર સલાહ આપતા આયોગે માંગ ઉઠાવી



**અબતક, રાજકોટ**

આરએસએસના વડા મોહન ભાગવતના અમેરિકા પ્રવાસ પૂર્વ વિવાદનો મધપૂડો છંછેડાયો છે. અમેરિકામાં રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ પર પ્રતિબંધ મૂકવાની અને સંઘના નેતાઓને રાજદ્વારી સન્માન ન આપવાની માંગથી ખળભળાટ મચી જવા પામ્યો છે.

અમેરિકામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (આરએસએસ) પર પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી રહી છે. આ માંગ બુધવારે અમેરિકી ધાર્મિક સ્વતંત્રતા પર સલાહ આપતા આયોગ યુએસસીઆઈઆરએફ દ્વારા કરવામાં આવી છે.

આ આયોગના ના અધિકારીઓએ અમેરિકી સરકારને આરએસએસ નેતાઓને રાજદ્વારી સન્માન ન આપવા અને તેમની સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો ન કરવા જણાવ્યું છે. આયોગના ચેરમેન આસિફ મહેમૂદે કહ્યું કે પીએમ મોદી આરએસએસ ના સભ્ય છે અને (અનુ. આઠમા પાને)

## ભારત અગાઉ યુએસસીઆઈઆરએફની ટીકા કરી ચૂક્યું છે

આ પહેલી વખત નથી જ્યારે USCIRFએ ભારત અથવા આરએસએસને લઈને આ પ્રકારની ભલામણ કરી હોય. માર્ચમાં જાહેર થયેલા પોતાના વાર્ષિક અહેવાલ (Annual Report)માં પણ USCIRFએ ભારતની ધાર્મિક સ્વતંત્રતાની સ્થિતિ અંગે ટીકા કરી હતી અને આરએસએસતથા આરએડબલ્યું જેવી સંસ્થાઓ સામે પ્રતિબંધની માંગ કરી હતી.

જોકે, ભારત સરકારે USCIRFના આ અહેવાલને સ્પષ્ટપણે ફગાવી દીધો હતો. વિદેશ મંત્રાલયે આયોગ પર ભારતની એકતરફી અને પસંદગીયુક્ત (Selective) તસવીર રજૂ કરવાનો આરોપ લગાવ્યો હતો. ભારતે USCIRFને અમેરિકામાં હિન્દુ મંદિરો સામેની તોડફોડ, ભારતીય મૂળના લોકો સામે વધતી અસહિષ્ણુતા અને ધમકી જેવી ઘટનાઓ પર પણ ધ્યાન આપવા જણાવ્યું હતું. આ દરમિયાન મોહન ભાગવતની ન્યૂયોર્ક મુલાકાત (અનુ. આઠમા પાને)

## આરએસએસના નેતાઓને અમેરિકામાં રાજદ્વારી સન્માન ન આપવા અને તેની સાથે બેઠકો ન કરવા પણ ભલામણ

### તહેવારોની સીઝનમાં જ ખાંડ બની કડવી

# ખાંડના ભાવ કાબૂમાં લેવા વેપારીઓ માટે સ્ટોક લિમિટના નિયમો કડક બનાવાયા

## તહેવારોની સિઝનમાં વધતી માંગ અને ઓછા વરસાદને કારણે ભાવમાં ૧૦ ટકાનો ઉછાળોઃ દર મહિને ૧૦ મેટ્રિક ટનથી વધુ ખાંડનો ઉપયોગ કરતા વેપારીઓ હવે માત્ર ૧૫ દિવસનો જ સ્ટોક રાખી શકશે

**અબતક, નવી દિલ્હી**

દેશમાં ખાંડના આસમાને પહોંચેલા ભાવને કાબૂમાં લેવા માટે કેન્દ્ર સરકારે એક મોટો નિર્ણય લીધો છે. નવા આદેશ અનુસાર, દર મહિને ૧૦ મેટ્રિક ટનથી વધુ ખાંડનો ઉપયોગ કરતા વેપારીઓ હવે માત્ર ૧૫ દિવસનો જ સ્ટોક રાખી શકશે. આ નવો નિયમ ૧ સપ્ટેમ્બરથી અમલમાં આવશે અને ૩૦ નવેમ્બર સુધી લાગુ રહેશે. સરકારનો મુખ્ય હેતુ બજારમાં ખાંડનો પુરવઠો જાળવી રાખવાનો અને વિક્રમી સપાટીએ પહોંચેલા ભાવને અંકુશમાં લેવાનો છે.

આગામી સમયમાં ગણેશ ચતુર્થી, દશેરા અને દિવાળી જેવા મોટા તહેવારો આવી રહ્યા હોવાથી ખાંડની માંગમાં જંગી વધારો થવાની ધારણા છે. ખાસ કરીને બિસ્કિટ અને કન્ફેક્શનરી બનાવતી કંપનીઓ તહેવારો પહેલા જ થથાબંધ ખરીદી કરતી હોય છે. છેલ્લા એક મહિનામાં



જ ખાંડના ભાવમાં ૧૦% નો ઉછાળો જોવા મળ્યો છે અને આગામી ૩ મહિના સુધી ભાવ ઊંચા રહેવાની શક્યતા છે જેને જોતા સરકારે આ પગલું ભર્યું છે.

ભાવવધારા પાછળનું બીજું મુખ્ય કારણ હવામાન છે. દેશના ઘણા ભાગોમાં અનિયમિત વરસાદ અને સૂકા હવામાનને કારણે શેરડીના પાકને મોટું નુકસાન થયું છે. શેરડીના પાકને સિંચાઈ માટે પુષ્કળ પાણીની જરૂર હોય છે પરંતુ વરસાદ ખેંચાતા ઉત્પાદન પર અસર પડી છે. નોંધનીય છે કે, ગયા મહિને પણ સરકારે સપ્લાય વધારવા અને ભાવ ઘટાડવા ૩૦ દિવસથી વધુ સ્ટોક ન રાખવાનો આદેશ આપ્યો (અનુ. આઠમા પાને)

## આયાત ડ્યૂટી ઘટાડવા સહિતના અન્ય વિકલ્પો પર પણ વિચારણા

દેશમાં ખાંડની સતત વધતી કિંમતોને રોકવા માટે સરકાર દ્વારા માત્ર સ્ટોક લિમિટ જ નહીં, પરંતુ અન્ય પગલાં લેવા પર પણ ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટ અનુસાર, સરકાર ખાંડની આયાત ડ્યૂટીમાં ઘટાડો કરવા પર વિચાર કરી રહી છે જેથી વિદેશથી સસ્તા ભાવે ખાંડ લાવી શકાય. આ ઉપરાંત, બલ્ક ટ્રેડર્સ માટે પણ નિયમો વધુ કડક બની શકે છે. લગભગ એક દાયકામાં પહેલીવાર એવું બની શકે છે કે સરકારને ભાવ અંકુશમાં લેવા માટે ડ્યૂટી ફ્રી આયાતની મંજૂરી આપવી પડે. આ તમામ પગલાં તહેવારોની સિઝનમાં સામાન્ય જનતાને મોંઘવારીથી રાહત આપવા માટે લેવાઈ રહ્યા છે.


# રાજ્યમાં ૨૨ વર્ષ બાદ નવી અર્બન કો-ઓપરેટિવ બેંકો શરૂ કરવાનો માર્ગ મોકળો

## માધવપુરા બેંક કૌભાંડ બાદ મુકેલો પ્રતિબંધ રિઝર્વ બેન્ક હળવો કરશે, ૪ થી ૬ નવી બેંકોને લાયસન્સ મળવાની શક્યતા

**અબતક, ગાંધીનગર**

માધવપુરા મર્કેન્ટાઈલ કોઓપરેટિવ બેન્કના કૌભાંડ પછી, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા નવી અર્બન કો-ઓપરેટિવ બેંકોને લાયસન્સ આપવાનું બંધ કરવામાં આવ્યું હતું. હવે ૨૨ વર્ષ પછી, રિઝર્વ બેન્ક આ લાયસન્સના નિયમોમાં છૂટછાટ આપવા જઈ રહી છે, જેનાથી ગુજરાતમાં બેંકિંગ ક્ષેત્રે નવી બેંકો ખુલવાનો રસ્તો સાફ થઈ ગયો છે.

વર્ષ ૨૦૦૪ માં એમએમસીબી કટોકટી પછી આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો, જેમાં થાપણદારોએ ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધુની બચત ગુમાવી હતી. હવે નિયમો હળવા થવાથી,



એવી અપેક્ષા છે કે ગુજરાતમાં ૪ થી ૬ જેટલી કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઓ નવી અર્બન કો-ઓપરેટિવ બેંક શરૂ કરવા માટે અરજી કરશે.

એફયુબીસીએસના નેશનલ ચેરમેન જ્યોતિન્દ્ર મહેતાએ જણાવ્યું હતું કે કેન્દ્રીય સહકાર મંત્રાલયની સકારાત્મક પહેલના કારણે આ શક્ય બન્યું છે, કારણ કે છેલ્લા બે દાયકામાં ભારતમાં કોઈ નવી યુસીબીને લાયસન્સ મળ્યું નથી. અત્યારે ગુજરાતમાં ૨૦૪ અર્બન કો-ઓપરેટિવ બેંકો છે, જેની ૧૨૦૦ જેટલી બ્રાન્ચ કાર્યરત છે. જ્યારે રાષ્ટ્રીય સ્તરે ૧૪૩૭ બેંકો અને ૧૧૦૦૦ થી વધુ બ્રાન્ચ છે.

આરબીઆઈના નવા ડ્રાફ્ટ મુજબ, બેંકિંગ લાયસન્સ માંગતી સંસ્થા ઓછામાં ઓછા ૧૦ વર્ષથી કાર્યરત હોવી જોઈએ. આ ઉપરાંત, તેમની પાસે ૧૦૦૦૦ કરોડ રૂપિયાની થાપણો અને ઓછામાં ઓછી ૩૦૦ કરોડ રૂપિયાની નેટવર્થ હોવી જરૂરી છે, તથા તે મલ્ટી સ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી એક્ટ ૨૦૦૨ હેઠળ નોંધાયેલ હોવી જોઈએ. અરજદારે છેલ્લા ૫ વર્ષમાં સતત સારો નાણાકીય દેખાવ પણ કર્યો હોવો જોઈએ.

નવા નિયમો મુજબ, માર્ચ ૩૧ ના રોજ બેંકનો સીઆરએઆર ઓછામાં ઓછો ૧૨% હોવો જોઈએ. માલિકી કોઈ એક વ્યક્તિ પાસે ન રહે તે માટે કોઈપણ સભ્ય ૫% થી વધુ શેર મૂડી રાખી શકશે નહીં અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો ટ્રેક રેકોર્ડ પણ સારો હોવો જોઈએ. સહકારી બેંકરોનું માનવું છે કે આ કડક નિયમોને કારણે લોકોના પૈસા સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે અને સહકારી બેંકિંગ સિસ્ટમ વધુ મજબૂત બનશે.

# હોટેલ-રેસ્ટોરન્ટના કિચનમાં સીસીટીવી ફરજિયાતઃ ગ્રાહકો લાઈવ જોઈ શકશે

## ખોરાકની ગુણવત્તા અને સ્વચ્છતા પર નજર રાખવા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો કડક આદેશઃ રસોડામાં સ્વચ્છતા નહીં જળવાય તો ફૂડ લાયસન્સ રદ કરી એકમ સીલ કરાશે



**અબતક, અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના ખાદ્ય એકમોમાં સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના ધોરણો જાળવવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા શહેરની ૧૧,૧૨૩ જેટલી હોટેલ્સ, રેસ્ટોરન્ટ્સ અને ફૂડ બિઝનેસ ઓપરેટરોને કિચનમાં સીસીટીવી કેમેરા લગાવવા અને તેનું લાઈવ પ્રસારણ ગ્રાહકો જોઈ શકે તે રીતે રિસેપ્શન કે ડાઈનિંગ એરિયામાં સ્ક્રીન પર દર્શાવવા માટે કડક સૂચના આપવામાં આવી છે. ગ્રાહકો પોતે જમતી વખતે ખોરાક બનવાની પ્રક્રિયા અને કિચનની સ્વચ્છતા પ્રત્યક્ષ જોઈ શકે તે હેતુથી આ એડવાઈઝરી જારી કરાઈ છે.

એએમસી આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર, તમામ સંચાલકોએ ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ ના નિયમોનું ચુસ્ત પાલન કરવું પડશે. જેમાં કિચનની (અનુ. આઠમા પાને)






### ન તો બંદૂક, ન બોમ્બ છતાં, સૌથી ઘાતક હથિયાર મચ્છર !

# અમારૂ આયુષ્ય સાવ ટૂંકું પણ 'માનવી'ને મોત આપવાની ક્ષમતાઃ મચ્છર

## ડેંગ્યુ જેવા ખતરનાક રોગ ફેલાવનાર 'મચ્છર'નું રોચક ઈન્ટરવ્યુ સાથે એક્સકલ્યુઝીવ વાર્તાલાપ

## વિશ્વમાં તેની ૩૭ મુખ્ય પ્રજાતિઓ સાથે ૩૨૦૦થી વધુ પેટા જાતી છેઃ આપણા દેશમાં ૧૪ જાતીના ૨૫૫ પેટાજાતીના મચ્છરો જોવા મળે છેઃ દુનિયાના ૫૦ ટકાથી વધુ રોગો આ નાનકડુ મચ્છર ફેલાવે છે

વિશ્વભરમાં માનવ કરતા પણ વધુ વસ્તી ધરાવતા મચ્છરો વિશે સૌએ જાણવાની જરૂર છે. તે કરોડરજજુ વગર સાવ નાનકડુ જીવ છે. અને તે માત્ર ૨૦ થી ૨૫ દિવસ જ જીવે છે. વિશ્વમાં તેની ૩૭ મુખ્ય પ્રજાતિઓ સાથે ૩૨૦૦થી વધુ પેટા જાતી છે. આપણા દેશમાં ૧૪ જાતીના ૨૫૫ પેટા જાતીના મચ્છરો જોવા મળે છે. દુનિયાના ૫૦ ટકાથી વધુ રોગો આ નાનકડુ મચ્છર ફેલાવે છે. આજે અખબારી આલમમાં પ્રથમવાર તમે એક મચ્છરનું લીધેલ ઈન્ટરવ્યુ વાંચશો, અને હા તેને પ્રશ્નોના જવાબોમાં ઘણી વાત એવી પણ કરી જે બાબતે આપણી ભૂલ સ્વીકારવી પણ પડશે.

**તો ચાલો શરૂ કરી મચ્છરનું ઈન્ટરવ્યું.** સૌ પ્રથમ અબતક આંગણે આપનું સ્વાગત છે, સૌથી પ્રથમ પ્રશ્ન એ છે કે તમારી જાતીના કેટલા પ્રકારો હોય છે?

જવાબઃ- દુનિયામાં અમારી મુખ્ય ૧૪ જાતીઓ છે, એનો ફિલિસ, એડિસ, ક્યુલેક્સ અને મેન્સોનીયા મુખ્ય ચાર પ્રકાર છે. જે માનવ જાત માટે ગંભીર રોગ કરીને મૃત્યુ પણ કરી શકે છે.

**તમારો થોડો પરિચય વાંચક મિત્રોને આપશો**

જવાબઃ- અમે એક વાહક (વેક્ટર)છીએ, ઉંડાણથી સમજાવું તો અમો કરોડરજજુ વિનાનું એવું જંતુ કે જે ચેપ પોતાના શરીરમાં લઈને તેનું વિભાજન કરી બીજાને ચેપ આપે છે, જેને વાહક કહેવાય છે, અમે એક ઉડતા કિટક છીએ, અમારે ૭ પગ અને સખત શરીર છે, લોહી ચુસવા અમો માનવ અને પ્રાણીઓને ડંખ મારીએ છીએ.

**ચોમાસાના હાલના વાતાવરણમાં શરીર-તાવ, ઝાડા ઉલ્ટી સાથે 'ડેંગ્યુ' બહું ચર્ચામાં છે, તો તેના વિશે જણાવો.**

જવાબઃ- અમારી એક પ્રજાતિ કે અમારો ભાઈ 'એડિસ' મુખ્ત્વે ડેંગ્યુ ફેલાવવાનો માસ્ટર છે, પૃથ્વીવાસીઓએ એનાથી ચેતવું બીજુ તે ચિકનગુનીયા અને ગંભીર ઝીંકા વાયરસનો પણ વાહક છે. તમારા દેશમાં જ ૧૧૧ પ્રકારના પેટા જાતી છે, પણ તેમાંથી એડિસ જેવા બે પ્રકાર જ આ જીવલેણ રોગ ફેલાવે છે. અમારા આ ભાઈઓ ખતરનાક છે. જેમાં ક્યુલેક્સ ભાઈતો હાથી પગો (ફાઈલેરીયા) અને જાપાની એન્સેફીલીયાટીસના પણ વાહક છે.

**તમારી શરીર રચના વિશે થોડી માહિતી આપશો.**

જવાબઃ- અમે આમતો એકવડા બાંધાના નાના જંતુ છીએ, પણ અમારૂ શરીર ત્રણ ભાગમા વહેચાયેલ છે, જેમાં માથુ-ધડ અને પેટનો સમાવેશ થાય છે. અમારામાથાના ભાગમા પાલ્પી, એન્ટેના, પ્રોબોસીલ અને કંપાઉન્ડ આંખો આવેલ છે.

**તમે માણસ ઉપરાંત કેનું કેનુ લોહી ચૂસો છો ?**

જવાબઃ લોહી પીવુંએ અમારો ધંધો જ નહી ખોરાક પણ છે. માણસ સિવાય સાપ-પક્ષી, ગધેડા તેમજ ઘોડાનું લોહી ચૂસી લઈએ છીએ અમે પુરૂષ મચ્છર ૭ થી ૧૦ દિવસ અને સ્ત્રી મચ્છર ૩૦દિવસ નું જ આયુષ્ય ભોગવે છે. અમારી માદા શિયાળામાં ઈંડા કે ઈયળ તરીકે જીવન પસાર કરે છે.

**મેલેરીયા તમારો કયો ભાઈ ફેલાવે છે?**

જવાબઃ- તમારા દેશમાં ૫૮ જાતીઓ પૈકી ૯ જાતી જ મેલેરીયા ફેલાવે છે. આ કામ અમે હજારો વર્ષથી કરતા આવ્યા છીએ પણ ૧૮૮૭ માં તમારા દેશમાં આંધ્ર પ્રદેશના રોનાલ્ડ રોસ નામના વૈજ્ઞાનિકે મેલેરિયા મચ્છરથી ફેલાય છે એ સાબીત કરી દેતા બધા જુન મહિનમાં અમારી વિરૂધ્ધ મેલેરીયા માસની ઉજવણી કરીને અમને ધંધે લગાડી દીધા છે, આમ જોઈએ તો ૧૮૧૮ માં અમારા એનોફિલિસભાઈને મૈજેન નામના વૈજ્ઞાનિકે પકડી લીધા હતા.

**તમારી લોહી ચુકવા સિવાય બીજી કંઈ આવડત છે, તે જણાવો?**

જવાબઃ- અમે માત્ર ૨૫ દિવસ જીવનાર જંતુ છીએ પણ સમુદ્રથી ૩૫૩૦મીટર સુધી ઉંચાઈ સુધી જોવા મળીએ છીએ. ૯૨ થી ૧૦૦૦ મીટરની ઉંડાઈમાં પણ અમારી હાજરી હોય શકે છે. અમો ૨૮ થી ૩૦ સેન્ટીગ્રેડ તાપમાનમાં સારો વિકાસ કરી શકીએ છીએ.

**તમારૂ સંવનન (મેટીંગ) બાદ મૃત્યુ થાય તે વાત સાચી છે.**

જવાબઃ- હા....અમે એકવાર સંવનન કરી એટલે અમારૂ (નર મચ્છરનું) મૃત્યું થઈ જાય છે. બીજી વાત એ છે કે એકવાર સંવનન બાદ અમારી માદાને જીવનભર બીજીવાર સંવનની જરૂર નથી પડતી, તે માત્ર એકવારમાં જીવે ત્યાં સુધી દર ત્રીજા દિવસે ઈંડા મૂકે છે.

**તમે કેટલુ લોહી પી શકો?**

જવાબઃ- અમો અમારા વજન કરતા ત્રણ ગણુ લોહી પી શકવાની ક્ષમતા ધરાવીએ છીએ. અમો તમારા 'ઓ' બ્લડ ગ્રુપવાળા લોકોનું લોહી વધુ પીવા માટે સતત કરડતા હોય છીએ.

**તમારી વસ્તી વિશ્વમા કયા સૌથી ઓછી કે નહિવત છે ?**

જવાબઃ- આમ તો દુનિયામાં બધે જ અમારૂ સામ્રાજય છે, પણ આયલેન્ડ દેશમાં અમારી વસ્તી લગભગ ના બરાબર છે.

**તમે આરામ ક્યારે કરો છો?**

જવાબઃ- અમે માણસને કરડીને તેનું લોહી પીધા બાદ આરામ કરવા જઈએ છીએ. માનવજાત અમારૂ વધુ પડતુ ધ્યાન કેન્દ્રીત કરીને અમારો ખાત્મો બોલાવવા મહેનત કરે છે, પણ અમારી વસ્તીની તાકાત સામે તમારૂ કંઈ નહી આવે.

**માણસને કરડયા વગર તમે રોગ ફેલાવી શકો?**

જવાબઃના. અમારે વાયરસનો ફેલાવો કરવા કરડવું જરૂરી છે. અમો માણસમાં મેલેરીયા, ડેંગ્યુ, ચિક્ન ગુનીયા સાથે તેના વિવિધ લક્ષણો લાવવામાં મહત્વની ભૂમિકા ભજવીએ છીએ

**તમારાથી બચવા અમારે શું કરવું જોઈએ?**

જવાબઃ એક માત્ર સાફ સફાઈ રાખશો તો અમે કશુ ન કરી શકીએ, પણ તમે બહારથી લાવેલા શાકભાજી પણ ધોતા નથી. તમરા ઘરની આસપાસ કે રોડ ઉપર સતત પાણી ભરાતા અમોને મોકળુ મેદાન રોગ ફેલાવવા મળી જાય છે. જો તમે કાળજી લેતા થઈ ગયા તો અમારે તમારો દેશ છોડીને બીજે કરડવા જવું પડશે. તમે ફકત અમોને કરડવા ન દોતો તમને કંઈ નહી થાય. તમારી સમગ્ર માનવજાતને તમારા બચાવ માટેનો અમારો સંદેશ છે કે ગમે ત્યાં કચરો ફેંકીને ગંદકી ન કરવી જોઈએ? આટલુ કરો એટલે અમારો ઉપદ્રવ ઓછો થઈ જશે.

**તમારો કરડવાનો કોઈ ચોકકસ સમય ખરો?**

જવાબઃ- હા અમે સૂર્યોદય અને સૂર્યાસ્ત સમય વચ્ચે વધુ સક્રિય હોય છીએ, એટલે આ સમયે અમો કરડી છીએ, પણ અમારો એક ભાઈ ક્યુલેક્સ રાત્રીના કરડે છે. અમારી તાકાતનો તમને એક દાખલો આપું કે દર વર્ષે ૧૦ લાખથી વધુ મોત માટે અમારૂ કાર્ય જવાબદાર છે. અમારા વિશ્વમાં ૩૫૦૦થી વધુ ભાઈઓ છે, જેમાથી ૧૦૦ ભાઈતો ખતરનાક ડોન છે, જોકે આટલા તમારા માટે કાફી છે. કારણ કે તમે સુધરતા નથી ને ગંદકી કર્યા રાખો છો, એટલે અમારા કામમાં મોજ પડી જાય છે.

**યલો ફિવર ફેલાવવામાં તમારી ભૂમિકા કેવી ?**

જવાબઃ આ એક અમારાથી ફેલાતો રોગ છે. આજે જે કરીએ તેના બચવાના ચાન્સ ઘટી જાય છે. અમારા 'એડીસ' એજીપ્ટી ભાઈ આ ફેલાવે છે. રોગના હેમરેજિક સ્વભાવને કારણ તે અમારાથી ફેલાતો સૌથી જીવલેણ રોગ છે. તમે અમને કહેતા હોકે 'એક મચ્છર આદમીકો હિજડા બના દેતા હે' પણ અમે જીવલેણ રોગ આપીને જ તમરૂ 'રામ બોલો ભાઈ રામ' કરી નાંખીએ છીએ. ચાલો. આવી બીજી જ્ઞાનવર્ધક આદાન-પ્રદાનના લેખમાં ફરી મળશું અને હા મચ્છરથી બચવા શરીર સંપૂર્ણ ઢંકાય જાય તેવા કપડા પહેરજો જેથી આ 'મચ્છરભાઈ' કંઈ નહી કરી શકે.

**નાનો ડંખ, મોટી દહેશતઃ દુનિયાનો સૌથી ખતરનાક 'ઉડતો હત્યારો' !**

દર વર્ષે આજે વિશ્વ મચ્છર દિવસ મનાવવામાં આવે છે,કારણકે કદમાં નાનકડો આ જીવ માનવજાત માટે અત્યંત મોટો જાહેર આરોગ્ય પડકાર છે. વિશ્વમાં મચ્છરની ૩૭૦૦થી વધુ પ્રજાતિઓ છે, જોકે તમામ મચ્છર રોગ ફેલાવતા નથી, મુખ્યત્વે સંક્રમિત માદા મચ્છરો મનુષ્યને ડંખ મારતી વખતે રોગાણુઓનું સંક્રમણ કરે છે. વાહક છે. ઠઈંધના આંકડા મુજબ માત્ર મેલેરિયાએ ૨૦૨૪માં વિશ્વભરમાં અંદાજે ૨૮.૨ કરોડ લોકોને સંક્રમિત કર્યા અને ૬.૧૦ લાખ લોકોના જીવ લીધા, જેમાં લગભગ ૯૫% મૃત્યુ આફ્રિકન પ્રદેશમાં નોંધાયા, પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકો સૌથી વધુ ભોગ બન્યા. ડેન્ગ્યુ પણ હવે વૈશ્વિક સ્તરે ઝડપથી ફેલાઈ રહ્યો છે. ૨૦૨૪માં WHOને ૧.૪૪ કરોડથી વધુ કેસ અને ૧ લાખથી વધુ મૃત્યુ નોંધાયા, જે અત્યાર સુધીનું સૌથી મોટું નોંધાયેલ વૈશ્વિક ડેન્ગ્યુ ભારણ હતું. જાપાનીઝ એન્સેફેલાઈટિસના દર વર્ષે અંદાજે ૧ લાખ ક્લિનિકલ કેસ અને લગભગ ૨૫ હજાર મૃત્યુ થાય છે, જ્યારે પીળા તાવથી આફ્રિકા અને અમેરિકામાં દર વર્ષે અંદાજે ૩૧૦૦૦થી ૮૨૦૦૦ મૃત્યુ થઈ શકે છે. અજાણી વાત એ છે કે માત્ર માદા મચ્છર જ લોહી ચૂસે છે, કારણ કે તેને ઈંડાં વિકસાવવા માટે લોહીમાં રહેલા પ્રોટીનની જરૂર પડે છે. નર મચ્છર સામાન્ય રીતે વનસ્પતિના રસ પર જીવે છે. મચ્છર પોતે રોગનો કારણ નહીં પરંતુ વાહક છે, તેના શરીરમાં રહેલા પરોપજીવી કે વાયરસને એક યજમાનમાંથી બીજા યજમાન સુધી પહોંચાડે છે.




**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
**મો.૯૮૨૫૦૭૮૦૦૦**

## મચ્છરો મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ઝિકા, પીળો તાવ, જાપાનીઝ એન્સેફેલાઈટિસ, વેસ્ટ નાઈલ ફીવર અને લિમ્ફેટિક ફાઈલેરિયાસિસ જેવા રોગોના વાહક છે

# બાબરાઃ સંત રવિદાસજીની જન્મજયંતિ નિમિત્તે ભવ્ય કળશ યાત્રામાં શ્રદ્ધાળુઓ ઉત્સાહભેર જોડાયા



**અબતક, મૌલિક તેરૈયા, બાબરા**

સંત શિરોમણી રવિદાસજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે બાબરા શહેર ભાજપ દ્વારા ભવ્ય કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે ૪:૩૦ કલાકે મધુવન સોસાયટી કરીયાણા રોડ ખાતેથી કળશ યાત્રાનો પ્રારંભ થયો હતો. કળશ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ, મહિલાઓ તથા નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. ભક્તિમય વાતાવરણ વચ્ચે યોજાયેલી આ યાત્રામાં સંત રવિદાસજી મહારાજના સમાનતા, એકતા અને ભકિતના સંદેશને જન-જન સુધી પહોંચાડવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

મધુવન સોસાયટીથી પ્રસ્થાન કરેલી યાત્રા સર્વપરી હનુમાનજી દાદા મંદિર, ડો. બાબા આંબેડકર ચોક, પંચનાથ મહાદેવ મંદિર, કષ્ટભંજન હનુમાનજી દાદા મંદિર અને મારુતિ ચોક સહિતના માર્ગો પરથી પસાર થઈ અંતે જૂના રામજી મંદિર ખાતે પૂર્ણ થઈ હતી.

# સોમનાથ સંસ્કૃત યુનિ. દ્વારા શાસ્ત્રીય સંશોધન કાર્યની પ્રવેશ પરીક્ષા આજે યોજાશે

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા વિવિધ શાસ્ત્રીય વિષયો પર સંશોધન કાર્ય માટે પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ભાષા દક્ષતા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ૭ શાસ્ત્રો પર સંશોધન કાર્ય કરવા માટે યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા આશરે ૩૭ જેટલા ગુજરાત તથા ગુજરાત રાજ્ય બહારના શોધાર્થીઓ આ પરીક્ષામાં ઉપસ્થિત રહેશે. સંશોધન માટે પસંદગી પામનાર શોધાર્થીઓને સંબંધિત શાસ્ત્રીય વિષયોમાં સંશોધન કાર્ય કરવાની તક આપવામાં આવશે. શોધાર્થીઓની ભાષાકીય ક્ષમતા અને સંશોધન માટેની જરૂરી પાયાની તૈયારીનું મૂલ્યાંકન કરવા માટે આ ભાષા દક્ષતા પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી દ્વારા પરિણામ જાહેર કરી આગળની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# 'અનુભવ' માણસને જ્ઞાન, સમજણ અને પરિપવકતા આપે છે!

## સમજાવેલુ ક્યારેક ભૂલાય જાય છે પણ અનુભવેલુ હંમેશા યાદ રહે છે

**ડો. બી.આર.વાઘેલા**
**પ્રમુખ શ્રી શક્તિ એજ્યુકેશન ટ્રસ્ટ - રાજકોટ**

અનુભવે જીવનની એક એવી પ્રક્રિયા છે કે જે માણસને જ્ઞાન, સમજણ અને પરિપકવતા આપે છે. અનુભવ એ એક શિક્ષક છે જેમાં વ્યક્તિત્વનો વિશ્વાસ અને અનુભવ માત્ર ઘટનાઓનો સંગ્રહ નહીં, પણ એ ઘટનાઓને જે ઘટી એમાંથી તમને શું શીખ્યા તેને અનુભવ કહેવાય છે. પુસ્તક યુગમા આપણને શું કરવું તે શીખવે છે પણ અનુભવ આપણને કેવી રીતે કરવું, અને ક્યારે કરવું એ શીખવે છે.

ઘણી બધી રીતે આપણે અનુભવને જાણી શકાય જેમાં સકારાત્મક અનુભવમાં આપણે ખુશી, આત્મવિશ્વાસ અને પ્રેરણા આપે છે. એવી જ રીતે નકારાત્મક અનુભવમાં આપણને મળેલ નિષ્ફળતા એ જ મોટી શીખ છે. પછી આપણે પ્રત્યક્ષ અનુભવમાં જોઈએ તો આપણે જે કામ કરીએ છીએ તે પરિસ્થિતિમાંથી પસાર થઈ અને જે અનુભવ મેળવીએ છીએ તેને પ્રત્યક્ષ અનુભવ કહેવાય. જ્યારે અપ્રત્યક્ષ અનુભવમાં આપણે બીજાના અનુભવો અને વાર્તા, પુસ્તકો વગેરેમાંથી આપણે શું શીખ્યા તેને અપ્રત્યક્ષ અનુભવ કહેવાય.

એ જ રીતે અનુભવનું મહત્વ જોઈએ તો યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતાને જોઈએ અને અનુભવી વ્યક્તિને ભૂતકાળની ભૂલોમાંથી ભવિષ્ય અને યોગ્ય રીતે ઝડપી નિર્ણયો લેવા અને આપણા પોતાના માં આત્મવિશ્વાસનો વધારો થવો જ્યારે તમે કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાંથી એકવાર બહાર નીકળી જાવ છો ત્યારે જે ડર અને ભયનો અનુભવ નથી કરતા અને સામે પ્રતિક્રિયા આપો છો એ અનુભવ ખૂબ સારો અનુભવ છે. આપણામાં પરિપકવતા હોવી ખૂબ જ જરૂરી છે. જેમાં અનુભવી માણસના વિચારવાની પરિસ્થિતિને જોવાની દ્રષ્ટિ બદલવી અને આપણને પોતે સહનશીલ અને શાંત બનાવે છે. એવી જ રીતે આપણા જીવનમાં ભૂલોનું પુનરાવર્તન ને અટકાવવું જેમાં અનુભવ પરથી આપણે યાદ અપાવે છે કે ફરીથી આ ભૂલ ન થાય.

આ રીતે અલગ અલગ રીત પણ છે. અનુભવની જેમાં નવા લોકોને મળવું, નવી જગ્યા પર જવું, નવા કૌશલ્ય શીખવા, ઘણી ભૂલો બીજી વાર ન થાય તેનું ધ્યાન રાખવું,ભૂલ એ અનુભવનું પગથિયું છે એમ પણ માની શકાય છે. એમ પણ માની શકાય છે કે આપણે અનુભવવી લોકો સાથે વાત કરી જાણકારી લેવી અને એમના અનુભવ માંથી આપણે ઘણું બધું શીખી શકે છે. અનુભવ આપણને કોઈ પુસ્તકમાંથી નહીં મળે પણ જીવન જીવવાથી મળે છે. એક કહેવત છે કે ''સમજાવેલું ક્યારેક યાદ આવે પણ અનુભવેલું હંમેશા યાદ રહે છે''. એવી જ રીતે માણસોની અને પરિસ્થિતિઓની સાચી પરખ કરાવે છે. કોના પર વિશ્વાસ કરવો, ક્યારેય મૌન રહેવું, ક્યારે બોલવું,અને સાચા ખોટા ની પરખ આપણને અનુભવ જ કરાવે છે. અનુભવો હંમેશા આપણને સામેથી નથી મળતો પણ છે પરિસ્થિતિ છે એ પરિસ્થિતિનો સામનો કરીને આપણે અનુભવને મેળવવાનો રહે છે.

જીવનમાં જોખમ લેવું ખૂબ જરૂરી છે જો આપણે આરામદાયક પરિસ્થિતિમાંથી નીકળીએ નહીં અને રિસ્ક ન લઈએ તો આપણે કોઈપણ અનુભવ ન મેળવી શકીએ. જો જીત મળે કે હાર એ અનુભવ આપણે મેળવીએ તો ઘણીવાર મૂંઝવણના સમયે પણ આપણે આકરા સમય ને માત દઈ આગળ આવીયે છીએ. આમ એ અનુભવ ને આપણે જીતનો અનુભવ કરી શકે છે. ઘણી વખત આપણે આપણા સગા સંબંધીઓના વ્યવહારમાંથી પણ કડવા અને મીઠા અનુભવો થતા હોય છે. અને જીવનમાં ઘણા એવા માણસો પણ હોય છે કે જેના લીધે આપણને ખરાબ તો ના કહીએ પણ એક મીઠો પાઠ ભણાવીને જાય છે. જેને આપણે અનુભવ જ કહી શકાય.

ઘણી વખત માણસ એક એવા અહંકારમાં જીવે છે કે હું જ કંઈક છું,મને જ બધું આવડે છે, તો એ અહંકારમાં જીવતો માણસ ને ખરાબ અનુભવ પણ જોવા મળે છે, સાથોસાથ માણસને શીખવાના બધા દરવાજા બંધ કરે છે.અને એટલે હંમેશા આપણે વિવેકપૂર્ણ શબ્દનો ઉપયોગ કરી નમ્રતાથી જે સંબંધોમાં રહી વાત કરે છે તો તે અનુભવ હંમેશા સારો રહ્યો ગણાય. આપણે માણસાઈને ન ભૂલી એ તો આપણને આપણા જીવનમાં હંમેશા સારા જ અનુભવો થાય છે. હંમેશા બધાની મદદ કરવી સારા અને સાચા માર્ગદર્શનથી લોકોને આગળ વધારી એ અનુભવ ખૂબ સારો કહેવાય છે. જિંદગી એક સારા છે જ્યાં પરીક્ષા પહેલા લેવાય છે અને પાઠ પછી શીખવા મળે છે જે પાઠને આપણે અનુભવ કહીએ છીએ.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૮-૨૦૨૬ ગુરુવાર**

૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (અજબ રાતની ગજબ વાત)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દળ - ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (શિવ તાંડવ નો મહિમા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ હેલ્થ વેલ્થ (ડો.બિરજુ મોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૮-૨૦૨૬ શુક્રવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૨૧-૮-૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** શ્રાવણ શુદ નોમ બગીચા નોમ
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** વૈધૃતિ **કરણઃ** બાલવ
**સુર્યોદય** ૬.૨૭ **સુર્યાસ્તઃ** ૭.૧૩
**ચંદ્ર રાશી** વૃશ્ચીક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા**
ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા**
રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૫ થી ૧.૧૬

**શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭**

## સૂડોકુ -૫૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | | |
| | ૧ | | | | | ૩ | ૪ | |
| | | | | ૮ | ૧ | ૭ | | |
| | | ૪ | | ૯ | ૬ | | | |
| | | | | ૭ | ૪ | | | |
| ૫ | | ૩ | ૨ | | | | | |
| | | | | | ૫ | | ૬ | |
| ૬ | | | | | | | | ૭ |
| | | | | | | ૪ | ૮ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૯ | ૬ | ૫ | ૨ | ૭ | ૪ | ૮ |
| ૨ | ૭ | ૮ | ૯ | ૧ | ૪ | ૫ | ૬ | ૩ |
| ૪ | ૬ | ૫ | ૭ | ૩ | ૮ | ૧ | ૯ | ૨ |
| ૬ | ૮ | ૧ | ૨ | ૭ | ૩ | ૪ | ૫ | ૯ |
| ૭ | ૯ | ૩ | ૫ | ૪ | ૬ | ૮ | ૨ | ૧ |
| ૫ | ૨ | ૪ | ૧ | ૮ | ૯ | ૬ | ૩ | ૭ |
| ૧ | ૩ | ૭ | ૪ | ૯ | ૫ | ૨ | ૮ | ૬ |
| ૮ | ૪ | ૬ | ૩ | ૨ | ૭ | ૯ | ૧ | ૫ |
| ૯ | ૫ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૭ | ૪ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૨૧.૮.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, શ્રાવણ સુદ નોમ, અનુરાધા નક્ષત્ર, વૈધુતિ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે



**જ્યોતિષાચાર્ય**
**રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨**

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે,મનોમંથન કરી શકો.વિચારોમાં પરિવર્તન જણાય ,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો ,દિવસ શુભ રહે.

**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે,યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય,સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો , દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસ થી સિદ્ધિ પ્રાપ્ત થાય,રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા (ર,ત) :** આર્થિક બાબતો માં મધ્યમ રહે,આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલ થી દૂર રહેવું, વાદ-વિવાદ થી દૂર રહેવું,અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય,મુશ્કેલી માં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય,નવીન તક હાથ માં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

# ચોટીલા: વર્ષો જૂના સાથણીના હક્કનો કબ્જો ખેડૂતોને સોંપાયો

## નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાની મહત્વપૂર્ણ કામગીરી : સાથણીદારોને જમીનનો પ્રત્યક્ષ કબજો અપાયો




**અબતક, રણજીતસિંહ ધાંધલ ચોટીલા**

ચોટીલા તાલુકામાં વર્ષોથી પેન્ડિંગ રહેલા સાથણીના હક્કના કબજા સોંપવાની કામગીરીને નાયબ કલેક્ટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ શ્રી એચ.ટી. મકવાણા તથા મામલતદાર, ચોટીલા દ્વારા વેગ આપવામાં આવ્યો છે. બદલી બાદ ચોટીલા છોડતા પહેલા પણ વર્ષોથી કબજાથી વંચિત રહેલા સાથણીદારોને તેમના હક્કની જમીનનો કબજો સોંપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.ચોટીલા તાલુકાના આણંદપુર, કંથારિયા, આંકડિયા, પરબડી, મોણપર, વડાલી, ગોલીડા સહિતના ગામોમાં વર્ષ ૨૦૦૬થી કુલ ૫૦૮ સાથણીના હુકમો થયેલા હતા. તે પૈકી ૨૮૯ લાભાર્થીઓ સાથણીની જમીનના વાસ્તવિક કબજાથી વંચિત હતા.

આ તમામ પેન્ડિંગ કબજાઓના નિકાલ માટે છેલ્લા છ મહિનાથી વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન સરકારી જમીનની ઓળખ કરી, જરૂરી માપણી કરાવી અને બે-બે એકરના બ્લોક તૈયાર કરવામાં આવ્યા હતા. કુલ ૫૮૬ એકર જમીન સાથણીદારોને કબજો સોંપવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.આજરોજ સ્થળ પર જઈને ચિઠ્ઠી દ્વારા પારદર્શક ડ્રો પદ્ધતિથી જમીનની ફાળવણી કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૭ સાથણીદારોને બે-બે એકર મુજબ કુલ ૧૧૪ એકર જમીનના સર્વે નંબરો સાથે પ્રત્યક્ષ કબજા સોંપવામાં આવ્યા હતા. આ તમામ સાથણીદારો આણંદપુર ગામના રહેવાસી હતા અને તેમને સખપર તથા આણંદપુર ગામની જમીનમાં પ્રત્યક્ષ કબજો સોંપવામાં આવ્યો હતો.

# સોમનાથ મહાદેવને ચંદન,ભસ્મ અને પૂષ્પોથી ઓમકારનો શૃંગાર

**અબતક, જયેશ પરમાર સોમનાથ**



શ્રી સોમનાથ મહાદેવને પવિત્ર શ્રાવણ માસ અંતર્ગત વિશેષ 'ઓમકાર દર્શન' શૃંગારથી શૃંગારિત કરાયા હતા. ચંદન, ભસ્મ અને પુષ્પોથી મહાદેવના ઓમકાર સ્વરૂપના દર્શન ભક્તોને કરાવવામાં આવ્યા હતા.'ૐ' એ માત્ર ત્રણ અક્ષરોથી બનેલું પ્રતીક જ નહીં, પણ સમગ્ર સૃષ્ટિની ઊર્જાનો સ્રોત છે. 'ૐ' એ આપણા બ્રહ્માંડનો પ્રથમ ધ્વનિ છે, જે સિદ્ધિઓ, શાંતિ અને અધ્યાત્મ તરફ દોરી જાય છે.

વેદોમાં ઉલ્લેખ છે કે જ્યારે સૃષ્ટિનું સર્જન થયું, ત્યારે જે પ્રથમ અવાજ થયો – એ અવાજ હતો ''ૐ''નો. ૐ એ બ્રહ્માંડનો મૂળ નાદ છે, જેને 'બ્રહ્મનાદ' પણ કહેવાય છે. આ નાદમાંથી સમગ્ર સૃષ્ટિ પ્રગટ થઈ અને આજે પણ તે ધ્વનિ બધું જ ચલાવી રહ્યો છે. ૐ એ ત્રિમૂર્તિનું પ્રતીક છે ૐની અંદર 'અ', 'ઉ' અને 'મ' – આ ત્રણ ધ્વનિ છે, જે ક્રમશઃ બ્રહ્મા (સર્જન), વિષ્ણુ (પોષણ) અને મહેશ (વિસર્જન)ના પ્રતીક છે. એટલું જ નહીં, ૐ આપણા શરીરની ત્રણ અવસ્થાઓ – જાગ્રત, સ્વપન અને સુષુપ્તિને પણ દર્શાવે છે.સફેદ ગુલાબ, લાલ ગુલાબ, કેસરી અને પીળા ગલગોટા સહિત ૧૨૧ કિલો વિવિધ પુષ્પોથી આજે સોમનાથ મહાદેવનો વિશેષ શૃંગાર કરવામાં આવ્યો હતો, જેના દર્શનથી ભક્તો ધન્ય બન્યા હતા.

### એસ.જી.એફ.આઈ. અંતર્ગત જિલ્લાકક્ષાની રમત-ગમત સ્પર્ધામાં

# ગોંડલ : સરકારી માધ્યમિક શાળા દુનાવાડાના ૩૨ વિદ્યાર્થીઓની રાજ્યકક્ષાએ પસંદગી

**અબતક, હરેશ ગણોદિયા ગોંડલ**



સરકારી માધ્યમિક શાળા દુનાવાડાના વિદ્યાર્થીઓએ એસજીએફઆઈ અંતર્ગત યોજાયેલી જિલ્લા કક્ષાની વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાનું નામ ગૌરવભેર રોશન કર્યું છે. વિવિધ રમતોમાં જિલ્લા કક્ષાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી ૩૨ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધાઓ માટે પસંદગી પામ્યા છે શાળાના ખેલાડીઓએ હેન્ડબોલ, ખો-ખો, કબડ્ડી, સ્વિમિંગ અને એથ્લેટિક્સ જેવી વિવિધ રમતોમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે.

અંડર-૧૭ બહેનો હેન્ડબોલ જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ટીમના ૧૨ ખેલાડીઓ રાજ્યકક્ષાએ રમશે અંડર-૧૯ બહેનો ખો-ખો જિલ્લા કક્ષાએ બીજું સ્થાન મેળવી ૨ બહેનો રાજ્યકક્ષાએ રમશે. અંડર-૧૭ બહેનો ખો-ખો જિલ્લા કક્ષાએ ત્રીજું સ્થાન મેળવી ૩ બહેનો રાજ્યકક્ષાએ રમશે. અંડર-૧૯ ભાઈઓ ખો-ખો જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી ૬ ખેલાડીઓ રાજ્યકક્ષાએ રમશે આ ઉપરાંત અંડર-૧૭ ભાઈઓ ખો-ખો જિલ્લા કક્ષાએ બીજું સ્થાનમેળવી ૩ ખેલાડીઓ રાજ્યકક્ષાએ રમશે.તેમજ અંડર-૧૯ બહેનો કબડ્ડી જિલ્લા કક્ષાએ બીજું સ્થાન મેળવી ૨ બહેનો રાજ્યકક્ષાએ રમશે. સ્વિમિંગમાં પણ નોંધપાત્ર સિદ્ધિ અંડર-૧૭ સ્વિમિંગમાં રામસિંગ કાંતિજી ઠાકોરે ૧૦૦ મીટર ફ્રીસ્ટાઈલ અને ૧૦૦ મીટર બેકસ્ટ્રોકમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી મેળવી છે. એથ્લેટિક્સમાં ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન કર્યું છે.

### 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' નિમિતે

# ભુજ: પ્રકૃત્તિ અને ફોટોગ્રાફીના અનોખા સંગમ સમાન ''રિલાઈવ ધ રૂટ્સ ૨.૦' કાર્યક્રમ

**અબતક, નવીનગીરી ગૌસ્વામી ભૂજ**



ભુજ: આજે તારીખ ૧૯ ઓગસ્ટના રોજ ઉજવાયેલા 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે' (વિશ્વ ફોટોગ્રાફી દિવસ)ના ઉપલક્ષ્યમાં, ભુજ સ્થિત સ્મૃતિવન મેમોરિયલ અને એચડીએફસી બેન્કના સંયુક્ત ઉપક્રમે ''રિલાઈવ ધ રૂટ્સ ૨.૦'' નામની એક વિશેષ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકોને પ્રકૃતિ અને આપણા વારસા સાથે ફરીથી જોડવાનો તથા કેમેરાના લેન્સ દ્વારા કુદરતી સૌંદર્યને માણવાનો હતો.

વહેલી સવારે ૬:૦૦ કલાકે સ્મૃતિવનના સન પોઈન્ટ તરફના રસ્તે (એમિનિટી પોઈન્ટ-૩) થી આ કાર્યક્રમનો શાનદાર પ્રારંભ થયો હતો. જેમાં નિષ્ણાત ગાઈડની દોરવણી હેઠળ સહભાગીઓએ 'ફોરેસ્ટ વોક'ની મજા માણી હતી. રોજિંદી ભાગદોડથી દૂર, સવારના ખુશનુમા અને શાંત વાતાવરણમાં લોકોએ જંગલ ભ્રમણ કરી પ્રકૃતિને ખૂબ નજીકથી અનુભવી હતી.આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ 'મોબાઈલ ફોટોગ્રાફી વર્કશોપ' રહ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે સ્મૃતિવન મ્યુઝિયમના ડાયરેક્ટર મનોજકુમાર પાંડેય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓને તેમના ઉત્સાહ અને ભાગીદારીને બિરદાવવા માટે સ્મૃતિવન અને એચડીએફસી બેન્ક તરફથી પ્રમાણપત્ર (સર્ટિફિકેટ) એનાયત કરવામાં આવ્યા હતા.

# ખંભાળિયા : ઓપરેશન મુસ્કાન અંતર્ગત ત્રણ કિશોરોનું પરિવાર સાથે મેળાપ કરાવતી પોલીસ

## શાળાએ જવાનું કહી ઘરે પરત ન ફરતા બાળકોને શોધવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી

**અબતક, વિનાયક ભટ્ટ ખંભાળિયા**



દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં પોલીસ દ્વારા ઓપરેશન મુસ્કાન અંતર્ગત બે કિશોરો તેમાં એક કિશોરી કે જેઓ શાળાએ ગયેલા કે પોતાના સંબંધીને ત્યાં ગયા પી પરત ના આવતા હોય તેમનો પરિવાર સાથે મેળાપ કરાવ્યો હતો. જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા તથા ડીવાયએસપી મીત રૂદલાલના માર્ગદર્શનમાં ખંભાળિયા પો.ઈ. સી. આર. રાણા તથા ઈન્ચાર્જ પીઆઈ એ.ચ.જી. રાઠોડના માર્ગદર્શનમાં પો.સ.ઈ. જે.ટી. ચાવડા, જે એમ.અગ્રાવત સરતાજ સાંધ, વિરેન્દ્રસિંહ જાડેજા, હેમતભાઈ નંદાણીયા વિ. દ્વારા ગુમ થયેલા અપહરણ વાળા બાળકોને શોધવાના ઓપરેશન મુસ્કાન હેઠળ કામગીરી કરીને ખંભાળિયામાં ધરાર નગર ગોવિંદતળાવ પાસે રહેતા જેઠાભાઈ રાણાભાઈ હાથિયાના સગીર પુત્ર મનસુખ પ્રવિણભાઈ જેઠાભાઈનો સગીર પુત્ર મયંક જે શાળાએ જવાનું કહી ઘરેથી નિકળી અને પાછા ઘરે આવ્યા ન હતાં. આ બન્ને કિશોર એક સુરેન્દ્રનગર પહોંચી ગયા હોય વિવિધ ટીમો તથા ટેક્નીકલ સાધનોનો ઉપયોગ કરી ત્યાંથી શોધી કાઢી ને બન્નેને તેના પરિવારોને કાઉન્સેલીંગ કરી આપવામાં આવ્યા હતાં.

ખંભાળિયાના આમરડી ગામે સગા સબંધીને ત્યાં રોકાવા આવેલ જેમૈલી અલીરાજપુર મધ્યપ્રદેશની શારદાદેવી ભાઈ રામશીભાઈ જેની પાસે પૈસા ના હોય માતાપિતા પાસેના જઈ શકેલ અને ખંભાળિયા પોલીસ સ્ટેશને આવી જતાં તેને પણ તેના માતાપિતાને અલીરાજપૂર બોલાવી સોંપવા કાર્યવાહી કરાઈ હતી.

# માણાવદર: સરદારગઢમાં શીતળા માતાજીના મંદિરે ભક્તોનું મહેરામણ ઉમટ્યું



**અબતક, જીજ્ઞેશ પટેલ માણાવદર**

માણાવદર તાલુકાના ઐતિહાસિક સરદારગઢ ગામે શીતળા સાતમના તહેવાર નિમિત્તે લોકમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સરદારગઢમાં સ્થિત પ્રસિદ્ધ શીતળા માતાજીના મંદિર પરિસરમાં વહેલી સવારથી જ શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને સમગ્ર મંદિર પરિસર ''જય શીતળા માતાજી''ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું.

સાતમના આ લોકમેળામાં ગ્રામજનો તેમજ આસપાસના વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો પરિવાર સાથે ઉમટી પડ્યા હતા. મેળામાં ખાસ કરીને બાળકો અને યુવાનો માટે ભાત-ભાતના ચગડોળ અને મનોરંજનના સાધનો ગોઠવવામાં આવ્યા હતા. બાળકોએ ચગડોળમાં બેસીને આનંદ માણ્યો હતો. આ ઉપરાંત, રમકડાં તેમજ અવનવી ખાણી-પીણીના સ્ટોલો પર ભારે ચહલપહલ જોવા મળી હતી.મેળાના લીધે સરદારગઢ ગામમાં ઉત્સવનો અનેરો માહોલ સર્જાયો હતો. સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે સ્થાનિક અગ્રણીઓ અને ગ્રામજનોના સહયોગથી મેળો શાંતિપૂર્ણ રીતે યોજાયો હતો. લોકોએ પરંપરાગત રીતે પૂજા-અર્ચના કરી મેળાની મોજ માણી હતી, જેનાથી ગ્રામીણ સંસ્કૃતિ અને લોકસંસ્કૃતિનો જીવંત નજારો જોવા મળ્યો હતો.

# માણાવદરના સણોસરા ગામે ઠાકર દ્વાર જગ્યા ખાતે ૧૮મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

**અબતક, જીજ્ઞેશ પટેલ માણાવદર**



માણાવદર તાલુકાના ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતા સણોસરા ગામે આવેલ ઠાકર દ્વારા જગ્યા ખાતે ૧૮મો પાટોત્સવ ભવ્ય અને જાહેર રૂપે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ ધાર્મિક મહોત્સવ પ્રસંગે સમગ્ર ગામ તથા આસપાસના વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા, જેના કારણે સમગ્ર પરિસરમાં ભકિતસભર માહોલ સર્જાયો હતો.

મહોત્સવ દરમિયાન સવારે વિષ્ણુ પૂજન, રામ સ્વરૂપ કૃષ્ણ ભગવાનનું પૂજન તેમજ શિવ પૂજન શાસ્ત્રોક્ત વિધિથી કરવામાં આવ્યું હતું, ત્યારબાદ ભવ્ય પ્રભાત મહાઆરતી યોજાઈ હતી. આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ વાનગીઓનો ૫૬ ભોગ ધરાવવામાં આવ્યો હતો, જેના દર્શન કરી શ્રદ્ધાળુઓએ ધન્યતા અનુભવી હતી.૫૬ ભોગના દર્શન સંપન્ન થયા બાદ મહોત્સવમાં પધારેલા તમામ ભક્તજનો માટે મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દિવસભરના ધાર્મિક કાર્યક્રમો બાદ સાંજના સમયે ભકિતમય ભજન સંધ્યા યોજાઈ હતી, જેમાં શ્રદ્ધાળુઓ મોડી રાત સુધી ભકિતરસમાં લીન રહ્યા હતા. જગ્યાના મહંત જગદીશ બાપુએ આ ૧૮મા પાટોત્સવ અંગેની તમામ માહિતી આપી ઉપસ્થિત સૌ ભક્તોને આશીર્વચન પાઠવ્યા હતા.

## જાહેર નોટિસ ઉપલેટા

આથી હું નીચે સહી કરનાર દલ રેહમતબેન ઉર્ફે રેમતબેન યુનિશભાઈ આ અગાઉ મારા પિયરનું નામ રેહમતબેન ઉર્ફે રેમતબેન અબુભાઈ સાંધ હતું લગ્ન બાદ મારું નામ સાસરે દલ રેહમતબેન યુનિશભાઈ કરવામાં આવેલ છે તો આ બંને નામો મારા સાચા અને ખરા છે અને હું આ બંને નામોથી ઓળખાવ છું

સહી : અવાચ્ય

# મુસ્લિમ સમાજ અગ્રણી પરવેઝ સુમાનો આજે જન્મદિવસ



વન વિભાગ ખાતામાં ફરજ બજાવતા નિવૃત્ત મુનીરભાઈ અબ્દુલભાઈ સુમાના સુપુત્ર પરવેઝ મુનીરભાઈ સુમાનો આજે જન્મદિવસ છે તેઓના ૩૩ વર્ષ પૂર્ણ કરી ૩૪ માં શુભ જન્મદિવસ નિમિત્તે સગા સંબંધીઓને સ્નેહીઓ દ્વારા હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી લોકસેવા માં હંમેશા અગ્રેસર રહેતા પરવેઝભાઈ સુમાને જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ.

## ટચૂકડી જાહેરાત

આ ટચૂકડી જાહેરાતથી જણાવવાનું કે પદ્મકુંવરબા હોસ્પિટલ, પેલેસ રોડ, રાજકોટ ખાતે નીચે મુજબના સાધનોની વસ્તુઓની ખરીદી માટે ભાવ મંગાવવામા આવે છે.

| ક્રમ | મશીનનું નામ | કંપનીનું નામ | મશીનની બ્રાન્ડનું નામ | જરૂરી વસ્તુનું નામ |
|---|---|---|---|---|
| 1 | Audiogram | Arphi Electronic Pvt Ltd | 2001 | Air conduction Headphone for Adult (Big Size) |
| 2 | Bubble C-pap | Fisher Paykel | MR850AEU | - Nasal Cannula - Wigglepad - HFNC kit |

ઉપરોક્ત મશીનનો માટે જરૂરિયાત મુજબ દર્શાવેલ વસ્તુનાં નંગ-૧નાં GST (તમામ કરવેરા) સહિતના ભાવ ભરીને કચેરી ખાતે તા.૦૧/૦૯/૨૦૨૬ સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં સીલ બંધ કવર ઉપર "Audiogram & Bubble C-pap નાં ભાવો" એમ લખીને નીચે સહી કરનારના નામ જોગ ટપાલ/કુરિયરથી પહોંચતા કરવાના રહેશે.

અધિક્ષક
પદ્મકુંવરબા હોસ્પિટલ, રાજકોટ

માહિતી /રાજ /૭૧૦/૨૬/૨૭

The Rajkot Commercial Co. Operative Bank Ltd
Web : rcc.bank.in
Ph. : 0281-2238946
ગ્રાહકોના અતૂટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧
૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૬ થી અમલમાં)
6.50% જનરલ ડિપોઝીટર માટે
7.00% વરીષ્ઠ નાગરીકો માટે
૨૫ લાખ સુધીના સિક્યોર્ડ ધિરાણ 9.00% વ્યાજના રાહતદરે
વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051, હિતેશ પટેલ 94294 72052
'શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ', મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.




તંત્રી લેખ

# મોંઘવારી સામે કરકસર જ રામબાણ ઈલાજ

વરસાદની અછત, આંતરરાષ્ટ્રીય યુદ્ધોની તલવાર અને ક્રૂડ ઓઈલના પુરવઠામાં સતત અસ્થિરતા જેવા પરિબળો આગામી વર્ષે મોંઘવારીના ભારે જોખમ તરફ ઈશારો કરી રહ્યા છે. આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં ભારત અને ખાસ કરીને ગુજરાત જેવા અગ્રેસર રાજ્ય માટે અર્થતંત્રને સાચવવું એક મોટો પડકાર છે, જેનો સામનો કરવા માટે આગોતરૂ આયોજન અને આકરી કરકસર સમયની માંગ છે.

ગુજરાતની મજબૂત આર્થિક ઓળખ તેના કૃષિ ક્ષેત્ર અને સક્ષમ ઉદ્યોગો પર ટકેલી છે. વૈશ્વિક બજારમાં'' મોંઘવારી અને પુરવઠાની અનિશ્ચિતતા'' વચ્ચે આપણી આંતરિક ક્ષમતાઓ જ આપણને સુરક્ષા પૂરી પાડી શકે છે. કૃષિ ક્ષેત્રે ડ્રિપ ઈરિગેશનટપક સિંચાઈ, જળ સંચય અને ઓછાં પાણીથી પાક લેવાની આધુનિક પદ્ધતિઓ અપનાવીને આપણે અન્ન સુરક્ષા સુનિશ્ચિત કરવી પડશે. તેવી જ રીતે, ઔદ્યોગિક ક્ષેત્રે 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વધુ વેગ આપીને સ્થાનિક સ્તરે જ કાચા માલ અને ઉર્જાના વિકલ્પો શોધવા અનિવાર્ય છે.

વરસાદની અછત, વૈશ્વિક યુદ્ધો અને ક્રૂડ ઓઈલની અસ્થિરતા જેવા પરિબળો આગામી સમયમાં ભારે મોંઘવારીનું જોખમ ઊભું કરી રહ્યા છે, જેનો સામનો કરવા માટે આગોતરૂ આયોજન અનિવાર્ય છે. ગુજરાત જેવા અગ્રેસર રાજ્ય માટે કૃષિ ક્ષેત્રે આધુનિક પદ્ધતિઓ અપનાવીને અને ઔદ્યોગિક ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને વેગ આપીને અર્થતંત્રને સુરક્ષિત કરવું જરૂરી છે. આ વૈશ્વિક કટોકટીમાંથી બહાર નીકળવા માત્ર સરકારી સ્તરે જ નહીં, પરંતુ નાગરિક સ્તરે પણ ઉર્જાનો વિવેકપૂર્ણ ઉપયોગ અને સામુહિક કરકસર અપનાવવી એ જ સમયની સૌથી મોટી માંગ છે.

ઓઈલના પુરવઠાની અસ્થિરતા સીધી જ પરિવહન અને ઉત્પાદન ખર્ચને વધારે છે. આ અસમંજસભરી સ્થિતિમાંથી પાર ઉતરવા માટે સરકારી સ્તરે જ નહીં, પરંતુ નાગરિક સ્તરે પણ 'કરકસર' એ માત્ર વિકલ્પ નહીં પણ મૂલ્ય બનવું જોઈએ. ઉર્જાનો વિવેકપૂર્ણ ઉપયોગ, બિનજરૂરી ખર્ચ પર કાપ અને સ્થાનિક ઉત્પાદનોને પ્રાથમિકતા આપવી એ આર્થિક શિસ્તના અનિવાર્ય અંગ છે.

આજે સમયની જરૂરિયાત એ છે કે આપણે સંસાધનોનો મહત્તમ અને વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ. જો ગુજરાત અને દેશ સમયસર યોગ્ય આયોજન કરશે અને સામુહિક કરકસર અપનાવશે, તો વૈશ્વિક આર્થિક મંદી કે મોંઘવારીના વાવાઝોડા સામે અડગ રહીને આપણે આપણા અર્થતંત્રને મજબૂતાઈથી આગળ ધપાવી શકીશું. આત્મનિર્ભરતા અને સંયમ જ આ કટોકટીમાંથી બહાર નીકળવાનો એકમાત્ર ચોક્કસ માર્ગ છે.

સતીષ કે. મહેતા

ધારાસભ્ય મેઘજી ચાવડાની મહેનત રંગ લાવી

# હાલાર પંથકમાં સૌની યોજનાનું પાણી ટૂંક સમયમાં ફરી વહેશે

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

નર્મદાની મુખ્ય કેનાલમાં તકનીકી ખામી સર્જાવાના કારણે સૌની યોજના પેકેજ ૫-૭ હેઠળની લીંક-૩ માં પાણીના સપ્લાયમાં વિક્ષેપ પડ્યો હતો. જેના પરિણામે કાલાવડ સહિત સમગ્ર હાલાર વિસ્તારમાં સૌની યોજનાનું પાણી વિતરણ બંધ કરવાની ફરજ પડી હતી.સૌની યોજના લીંક-૩ માં તાત્કાલિક પાણી પુરવઠો પૂર્વવત્ કરવા માટે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાએ ગાંધીનગર ખાતે સિંચાઈ મંત્રી ઈશ્વરભાઈ પટેલ મુલાકાત લીધી હતી અને સિચાઈ વિભાગના સચીવ, ઉપસચીવ સહીત અધિકારીઓ સાથે બેઠકો કરીને પ્રજાની મુશ્કેલીઓ અંગે ભારપૂર્વક રજૂઆત કરી હતી.



ગાંધીનગર સિંચાઈ મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાની રજૂઆત અને ચિંતા વ્યાજબી છે. નર્મદા કેનાલની ખામી સુધારીને લીંક-૩ પુનઃ ચાલુ કરવા માટેની કામગીરી ઝડપથી હાથ ધરવામાં આવી છે અને ટૂંક જ સમયમાં લીંક-૩ મારફતે પાણી છોડવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, સૌની યોજના પેકેજ ૫/૭ લીંક-૩ હેઠળ ત્રંબા (રાજકોટ) થી લઈને કાલાવડ સહિતના વિવિધ તાલુકાઓ તેમજ પોરબંદર સુધીના વિસ્તારોનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા આ તમામ વિસ્તારો માટે ટૂંક સમયમાં પાણી સપ્લાય શરૂ કરવાની ખાતરી ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાને આપવામાં આવી છે.

# ધોરાજીઃ વિવેકાનંદ પરિવારના સેવાભાવી રાજુ એરડાનો જન્મદિવસ

ધોરાજીના સેવાભાવી અને અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા વિવેકાનંદ પરિવારના મોભી એવા રાજુભાઈ એરડાનો આજે જન્મદિવસ છે. રાજુભાઈ એરડાએ ૭૬વર્ષ પૂર્ણ કરી ૭૭ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.



તેઓએ તન, મન અને ધનથી સમાજ સાથે જોડાઈ અનેક સેવાકાર્યો કર્યા છે. ધોરાજીના નાના વેપારીઓ તેમજ અજાણ્યા જરૂરિયાતમંદ લોકોને નિસ્વાર્થભાવે ચાલણી, સિક્કાઓ તેમજ છૂટા પૈસાનો મેળ કરી આપવાની સેવા સહિતના અનેક કાર્યો તેઓ દ્વારા કરવામાં આવ્યા છે.વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિજ્ઞાન પ્રવાહ પસંદ કરવા માટે નિઃશુલ્ક કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપવું તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને કુંડલા શરબત જેવી સેવાઓ પૂરી પાડવી તેમની સેવાભાવનાનો પરિચય કરાવે છે. તેમના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો તથા સેવાભાવી વર્ગ દ્વારા તેમને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# ઉપલેટા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં માનસિક સ્વાસ્થ્ય જાળવવા અને આત્મહત્યા નિવારણ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**



ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માં એનટીએફ દ્વારા આયોજિત વિદ્યાર્થીઓમાં માનસિક સ્વાસ્થય જળવાઈ રહે અને આત્મહત્યા નિવારી શકાય તે હેતુસર કાર્યક્રમ યોજવામાં આવેલો.

આ કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડો. દર્શનાબેન ચંદ્રવાડીયાએ સ્વાગત પ્રવચન આપેલું, અને મહેમાનોનું સ્વાગત સર્વે સ્ટાફ મિત્રો સાથે કરવામાં આવ્યુ. અર્બન હેલ્થ સેન્ટર ના ડો.કિરણબેન શાબાળા એ શારીરિક સ્વાસ્થ્ય વિશે પ્રવચન આપેલું તેમજ ડો. નીલમબેન નકુમે માનસિક સ્વાસ્થ્ય વિશે વિદ્યાર્થીઓમાં માહિતી પ્રદાન કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. મુકેશભાઈ કાંજિયાએ કરેલ.

આ કાર્યક્રમમાં સમગ્ર સ્ટાફે સાથ સહકાર આપેલો તેમજ વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજર રહી શાંતિથી સાંભળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. છેલ્લે માનસિક રીતે કેમ સ્વસ્થ રહેવું તેના શપથ લીધા હતાં.

જી.એસ.આર.ટી.સીનો અગત્યનો નિર્ણય

# દૈનિક મુસાફર પાસ યોજનામાં ભાડા રાહત વધારી ૫૦ ટકા સુધી કરાઈ

## રાજ્યના ૨.૫ લાખથી વધુ નોકરિયાતો અને ધંધાર્થી વર્ગને મળશે સીધો આર્થિક ફાયદો

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

રાજ્યમાં એસ.ટી. બસમાં રોજિંદા અપડાઉન કરતા લાખો નોકરિયાતો, વેપારીઓ અને ધંધાર્થી વર્ગના આર્થિક હિતને ધ્યાને રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા 'દૈનિક મુસાફર પાસ યોજના'ના નિયમોમાં લોકહિતલક્ષી સુધારો કરવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં દૈનિક મુસાફર પાસ યોજનામાં ભાડા રાહત વધારી ૫૦ ટકા સુધી કરવામાં આવી છે.

મુસાફરોના હિતમાં નિગમે પાસ યોજનાના માળખામાં ફેરફાર કર્યો છે, જેનાથી મુસાફરોને ભાડામાં ૫૦ ટકા સુધીની સીધી આર્થિક રાહત પ્રાપ્ત થશે.

અગાઉ માસિક પાસ માટે મુસાફરે ૧૮ દિવસનું ભાડું ચૂકવવું પડતું હતું, જેને ઘટાડીને હવે માત્ર ૧૫ દિવસનું ભાડું કરવામાં આવ્યું છે. એટલે કે માત્ર ૧૫ દિવસના ભાડામાં પૂરા ૩૦ દિવસ મુસાફરી કરી શકાશે.ત્રિમાસિક પાસ ધારકો માટે અગાઉ ૫૪ દિવસનું ભાડું લેવાતું હતું, જેના સ્થાને હવે માત્ર ૪૫ દિવસનું ભાડું ચૂકવીને સતત ૯૦ દિવસ સુધી મુસાફરીનો લાભ મેળવી શકાશે.

# ભાયાવદરમાં મોક્ષ ધામ સહિત જુદા જુદા વિસ્તારોમાં વૃક્ષારોપણ



**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

ભાયાવદર નગરપાલિકા દ્વારા શહેરના ભાયાવદર ડેમ સાઈડ તથા મોક્ષ ધામ સહિતના વિસ્તારોમાં વિકાસલક્ષી કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જીલ્લા ભાજપના આગેવાન ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, પ્રમુખ રેખાબેન સિંણોજિયા, ઉપપ્રમુખ સંજયભાઈ પરમાર, કારોબારી ચેરમેન માયાબેન વાછાણી, બાંધકામ ચેરમેન સર્જુભાઈ માકડિયા, સ્ટ્રીટ લાઈટ ચેરમેન પ્રવિણભાઈ ટાંક ની સૂચના અને માર્ગદર્શન હેઠળ મોક્ષ ધામનો જીર્ણોદ્ધાર કરી જરૂરી સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. મોક્ષ ધામને નવો ઓપ મળતાં તેની કામગીરીની શહેરમાં સરાહના થઈ રહી છે.

આ જ કામગીરીના ભાગરૂપે ડેમ સાઈડ તથા મોક્ષ ધામ ખાતે નગરપાલિકાના કર્મચારી ભાવેશભાઈ પરમાર તથા સ્ટાફ દ્વારા ૧૦૦થી વધુ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. રોપાઓના ઉછેર માટે પાણીના હવાડા તથા ઝારીઓ પણ ફિટ કરવામાં આવી હતી. આવનારા દિવસોમાં આ રોપાઓ વૃક્ષોમાં વિકસતા ડેમ સાઈડ અને મોક્ષ ધામ વિસ્તારની હરિયાળી તથા સુંદરતામાં વધારો થશે.

# ધ્રાંગધ્રાઃ રોટરી ક્લબ દ્વારા હોસ્પિટલોમાં મહિલાઓને પોષણ કીટનું વિતરણ

## પ્રીતુલ વોરાએ તેમની પત્નિના જન્મદિવસે સેવા કાર્ય થકી કરી ઉજવણી

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

માતૃત્વ એ સ્ત્રીના જીવનની સૌથી પવિત્ર અને સંવેદનશીલ અવસ્થા છે. આ અવસ્થામાં માતા અને નવજાત શિશુને પોષણ, કાળજી અને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી રોટરી ક્લબ ઓફ ધ્રાંગધ્રા આજે એક અનોખું સેવાકીય આયોજન હાથ ધરવામાં આવ્યું હતુ રોટરી ક્લબ ઓફ ધ્રાંગધ્રા દ્વારા શહેરની વિવિધ સરકારી હોસ્પિટલ તેમજ ગાયનેક હોસ્પિટલોમાં માતૃત્વ ધારણ કરનાર મહિલાઓ



તથા નવજાત શિશુઓ માટે ઉપયોગી પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ. ૧૨૦૦ની કિંમતની ૧૨ કીટનું વિતરણ કરવામાં આવ્યું, જ્યારે જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વધુ ૮થી ૧૦ નાની કીટ પણ તાત્કાલિક તૈયાર કરવામાં આવી હતી આ કીટમાં કેસર, પ્રોટીન પાવડર, ખજૂર, શીંગદાણા, કઠોળ, મગદાળ, સેનિટરી પેડ, ફળો અને ગોળ સહિત વિવિધ પોષક તત્વોથી ભરપૂર સામગ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ સેવાકાર્ય માટે પ્રીતુલભાઈ વોરા દ્વારા તેમના પત્નીના જન્મદિવસ નિમિત્તે ૧૨ કીટ રોટરી ક્લબને અર્પણ કરવામાં આવી હતી. પોતાના ઘરના શુભ પ્રસંગને માત્ર ઉજવણી પૂરતો સીમિત ન રાખી તેને સમાજસેવા સાથે જોડવાનો આ પ્રયાસ અન્ય લોકો માટે પણ પ્રેરણારૂપ બન્યો છે.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સરકારી હોસ્પિટલ, ઓમેક્સ હોસ્પિટલ, સંસ્કારધામ હોસ્પિટલ, સ્વસ્તિક હોસ્પિટલના ગાયનેક તબીબો તથા તેમના તમામ સ્ટાફનો સકારાત્મક સહકાર મળ્યો હતો આ પ્રસંગે રોટરી ક્લબના પ્રમુખ, સેક્રેટરી તથા પ્રોજેક્ટ ચેર દ્વારા દાતા પરિવાર, હોસ્પિટલના પદાધિકારીઓ અને સ્ટાફ તેમજ કાર્યક્રમમાં પ્રત્યક્ષ રીતે ઉપસ્થિત રહેલા

# મેરવદર કંટેસરીયા હાઈસ્કુલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા

## સરપંચ મનસુખભાઈ કથીરિયા રહ્યા ઉપસ્થિત

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

તાલુકાના મેરવદર ગામે ૮૦માં સ્વતંત્ર્યતા પર્વની હાઈસ્કુલના ગ્રાઉન્ડમાં ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

જે.એમ. કંટેસરીયા હાઈસ્કુલ અને પી.એમ. મેરવદર તાલુકા શાળા દ્વારા ૮૦માં સ્વતંત્ર્ય દિન નિમિતે શાળાની બાળાઓને હસ્તેધ્વજ વંદનબાર સરપંચ મનસુખભાઈ કથીરીયા સહિતના ગ્રામજનો શિક્ષકભાઈ બહેનો શાળા પરિવારે ત્રિરંગાને સલામી આપી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક દેશ ભકિતના કાર્યક્રમો યોજાયા હતા.

આ તકે શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓ શાળા અને ગામનું નામ રોશન કર્યું હોય તેનું સન્માન પત્ર આપી સન્માનીત કરાયા હતા.



પ્રાકૃતિક ખેતી શિબિર અંતર્ગત

# લીંબડીમાં આહાર અને સ્મરણશક્તિ અંગે ૪૦૦ વિદ્યાર્થીઓએ માર્ગદર્શન મેળવ્યું



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લીંબડી ખાતે આવેલ દિગ્વિજયસિંહજી રાજપૂત છાત્રાલયમાં વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક ખેતી પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા હેતુથી પ્રાકૃતિક ખેતી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ધોરણ ૫ થી ૧૨ ના અંદાજે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

અને હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતા મોટાભાગના વિદ્યાર્થીઓના વાલીઓ ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી, સંચાલકો દ્વારા કરવામાં આવેલ આ આયોજન વિદ્યાર્થીઓ તેમજ તેમના પરિવારજનો માટે ઉપયોગી અને માર્ગદર્શક બન્યું હતું. આ શિબિરમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટરે વિદ્યાર્થી જીવનમાં સાત્વિક અને રસાયણમુક્ત આહારનું મહત્વ અને રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધુ પડતા વપરાશથી આરોગ્ય અને પર્યાવરણ પર થતી ગંભીર અસરો વિશે માહિતગાર કરી પોતાના ઘરે જઈ વાલીઓને જમીનના અમુક ભાગમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી શરૂ કરવા હાકલ કરી હતી.

પોષણ ઉત્સવ અંતર્ગત

# માણાવદરના બાંટવા ગામે પૌષ્ટિક વાનગી સ્પર્ધામાં મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો

**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**



મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત તેમજ આઈ.સી.ડી.એસ. ઘટક હેઠળ માણાવદર તાલુકાના બાંટવા ગામે નગરપાલિકાના હોલ ખાતે 'પોષણ ઉત્સવ ૨૦૨૬' સેજા કક્ષાની પૌષ્ટિક વાનગી સ્પર્ધાનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય અને મહત્વનો ઉદ્દેશ્ય ગ્રામીણ વિસ્તારોમાંથી કુપોષણની સમસ્યાને જડમૂળથી નાબૂદ કરવાનો તથા પૌષ્ટિક આહાર અંગે લોકોમાં વ્યાપક જાગૃતિ ફેલાવવાનો હતો.

આ સ્પર્ધામાં બાંટવા સેજાની બહોળી સંખ્યામાં મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધકો દ્વારા સ્થાનિક સ્તરે સરળતાથી ઉપલબ્ધ હોય તેવા પૌષ્ટિક ખાદ્ય પદાર્થોનો ઉપયોગ કરીને સ્વાસ્થ્યવર્ધક, ગુણકારી અને સ્વાદિષ્ટ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. મહિલાઓની આ અનોખી રજૂઆતે ઉપસ્થિત તમામ મહાનુભાવો અને ગ્રામજનોનું વિશેષ ધ્યાન ખેંચ્યું હતું. પ્રદર્શનમાં મુકાયેલી વિવિધ વાનગીઓ દ્વારા સ્વાસ્થ્ય માટે જરૂરી વિટામિન્સ અને પોષક તત્વોની માહિતી પણ પૂરી પાડવામાં આવી હતી. તેમજ ત્યાગ લેનારને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતાં.

# પીપલાણા સ્વામિનારાયણ મંદિરે ડો. પ્રવીણ તોગડિયાનું હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા આહ્વાન

**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**



માણાવદર તાલુકાના પીપલાણા ગામે આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડિયાની ખાસ ઉપસ્થિતિમાં એક ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે હિંદુ સમાજને જાગૃત કરવા અને સંગઠિત કરવા માટે વિવિધ વિસ્તારોમાં હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરવા પર ખાસ ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ દરમિયાન હિન્દુ સંસ્કૃતિ તથા સમાજ સામે આવી રહેલા વર્તમાન પડકારો પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત, સમાજમાં ઘટતી જતી વસ્તી અંગે પણ ચિંતા વ્યક્ત કરીને સંગઠિત બની સંસ્કૃતિના જતન માટે એકજૂથ થવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# ચોટીલામાં દિવ્યાંગ બાળકો દ્વારા બનાવેલી રાખડીનું રાહતદરે વેચાણ

## સાદી, ફેન્સી અને ભાભી રાખડી જેવી અલગ-અલગ ડિઝાઈનની ૧૫૦૦ રાખડીઓ બનાવવામાં આવી

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

ચોટીલા નગરમાં ચાલતા દિવ્યાંગ સેન્ટર જે ચામુંડા રોડ પર આવેલા સરકારી ગોડાઉનની સામે આવેલ છે પાંચાળ ભવનમાં માતૃછાયા દિવ્યાંગ સેન્ટર જે નેશનલ એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઈન્ડ અને રાજ સૌભાગ આશ્રમ સંચાલિત આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટના નેજા હેઠળ દિવ્યાંગ બાળકો અને વ્યક્તિઓના સર્વગ્રાહી વિકાસ માટે અને પુન વસન માટે ચાલતા આ સેન્ટરમાં આવતા બાળકોએ આ વર્ષે વિવિધ પ્રકારની રાખડીઓ બનાવવા માટે ખાસ તાલીમ મેળવી હતી.



આ દિવ્યાંગ બાળકોએ સાદી રાખડી, ફેન્સી રાખડી, ભાભી રાખડી સહિતની અલગ અલગ ડિઝાઈનની ૧૫૦૦ થી વધુ રાખડીઓ બનાવી છે આ પ્રવૃત્તિઓ દરમિયાન બાળકોએ પોતાના સર્જનાત્મકતાનો પરિચય કરાવવા સાથે હાથની કલાગીરી અને વ્યક્તિત્વ વ્યવસાયલક્ષી કૌશલ્ય પણ વિકસાવવામાં આવ્યો આ સેન્ટરમાં તાલીમી શિક્ષકો નિકિતાબેન અને મેહુલભાઈ વાઘાણી રૂપાવટી ના માર્ગદર્શન હેઠળ તાલીમ આપતા હોવાથી આ દિવ્યાંગ બાળકોમાં આત્મવિશ્વાસ વધે છે. રાખડી મેળવવાનું સ્થળ ચામુંડા રોડ સરકારી ગોડાઉનની સામે માતૃછાયા દિવ્યાંગ સેન્ટર ચોટીલા.

# રાજકોટમાં ડેબિટ કાર્ડ પર લોનના ધંધામાં રોકાણના નામે રૂ.૯.૬૧ કરોડની ઠગાઈ

## ભાડુઆતના શાળા હાર્દિક તન્નાએ ડેબિટ કાર્ડ પર પ્રિએપ્રુવ્ડ લોનમાં રોકાણ કરી ૧૦% વળતર મેળવવાની લાલચ આપી ફેબ્રીકેશનના ધંધાર્થી યુવાનને ફસાવ્યો, શરૂઆતમાં સમયસર વળતર આપી વિશ્વાસ કેળવ્યો

## યુવાને અલગ અલગ પર્સનલ લોન, મકાન ગીરવે મૂકી મોર્ગેજ લોન, સગા સંબંધીઓ પાસેથી નાણાં મેળવી ઠગને રૂ. ૭.૭૩ કરોડ આપ્યા: મિત્રોએ પણ રૂ.૧.૮૮ કરોડનું રોકાણ કર્યું

**અબતક, રાજકોટ**

શહેરમાં રોકાણ કરી ૧૦% વળતર મેળવવાની લ્હાયમાં ૧૧ લોકો સાથે કરોડોની છેતરપિંડી આચરી લેવામાં આવી છે. હાર્દિક તન્ના નામના શખ્સે ડેબિટ કાર્ડ પર પ્રિએપ્રુવ્ડ લોનના ધંધામાં રોકાણ કરી ૧૦% વળતર આપવાની લાલચે સાળાના મકાન માલિકને ફસાવી રૂ. ૨.૭૦ કરોડ મેળવી લીધા હતા. જેની સામે વળતર ચૂકવી હાર્દિક તન્નાએ વિશ્વાસ સંપાદન કરતા યુવાને સગા સંબંધીઓ પાસેથી રૂ. ૫.૦૩ કરોડ મેળવી ઠગને આપ્યા હતા. જયારે યુવાનના મિત્રોએ પણ રૂ. ૧.૮૮ કરોડનું રોકાણ કર્યું હતું. જે તમામ રકમ ગઠિયો ઓળવી જતાં અંતે રોકાણકારો પોલીસના શરણે પહોંચ્યા હતા. સમગ્ર મામલામાં યુનિવર્સીટી પોલીસે જીપીઆઈડી એક્ટની કલમો હેઠળ ઠગ હાર્દિક તન્ના વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

રાજકોટના કોઠારીયા રોડ પર આનંદનગર કોલોની બ્લોક નં.-૩૧ માં રહેતા સાગરભાઈ રાજેશભાઈ મોરવાડીયા નામના યુવાને આરોપી તરીકે હાર્દિક તુલસીદાસભાઈ તન્ના (રહે. ગોલ્ડન પોરટિક ટાવર, ડી-૧૦૦૨, માધાપર ચોકડી, રાજકોટ)નું નામ આપતાં યુનિવર્સીટી પોલીસે ધ ગુજરાત પ્રોટેકશન ઓફ ઈન્ટ્રેસ ઓફ ડિપોઝિટર્સ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

**ભાડુઆતના બનેવીએ ૧૦% વળતરની લાલચ આપી ફસાવ્યા**

યુવાને ફરિયાદમાં જણાવ્યુ હતું કે, હું મારા બનેવી હિરેનભાઈ સાથે તેમના ફેબ્રીકેશનના ધંધામાં નોકરી કરુ છું. હું અગાઉ શ્રી હરી ઈન્ડ. એરિયામાં શિવમ એન્ટરપ્રાઈઝ નામે હાર્ડવેરનું કારખાનું ધરાવતો હતો. મરે આઈસીઆઈસીઆઈ અમે કોટક બેંકમાં એકાઉન્ટ છે. જયારે મારી પાસે અલગ અલગ નવ બેંકના ક્રેડિટ કાર્ડ છે. ગઈ તા.૨૨/૦૧/૨૦૨૨ અમારા મકાનમા નૈમિષભાઈ નગદીયા ભાડેથી રહેતા હતા. નૈમિષભાઈ નગદીયાના સગા બનેવી હાર્દિક તુલસીદાસભાઈ તન્ના અવારનવાર તેમના ઘરે આવતા હોવાથી તેની સાથે પરિચય થયો હતો. મારે આ હાર્દિક તન્ના સાથે પરીચય થયેલ હતો. ત્યારે હાર્દિક તન્ના ફર્નિચરની દુકાનમાં નોકરી કરતો હતો. વર્ષ ૨૦૨૨ ના ઓક્ટોબર મહિનામાં હાર્દિકે મારી પાસે રૂ. ૧ લાખ ઉછીના માંગ્યા હતા પણ મે ના પાડી દીધી હતી. ત્યારે હાર્દિક તન્નાએ વાત કરેલ કે, હું ફર્નિચરની દુકાનમાં નોકરીની સાથોસાથ ડેબિટકાર્ડ પર પ્રિએપ્રુવ્ડ લોનનું કામ પણ કરુ છું. બાદ ડેબીટકાર્ડ ઉપર પ્રિએપૂવ લોન અંગેની વિગતવારની સ્કીમ સમજાવેલ હતી. તેણે કહેલ કે, ડેબીટ કાર્ડ ઉપર પ્રિએપ્રુવ લોન થાય છે, જેમા કોઈને વસ્તુ ના લેવી હોય અને રોકડા રૂપીયાની જરૂરત હોય તો લોનની રકમના ૮૦% રોકડા કસ્ટમરને આપવાના અને ૨૦% મારૂ કમિશન થાય છે. જો તમે મને ૮૦ હજાર રોકાણ અર્થે આપો તો હું તમને દસ દિવસમાં ૧૦% વળતર સાથે ૯૦ હજાર ચૂકવીશ તેમ જણાવતા મે હાર્દિક તન્નાને પ્રથમ રૂ. ૮૦ હજાર આપેલ હતા. દસ દિવસ બાદ અત્યારે ધંધામાં સારુ વળતર મળે છે, જેથી તમે પણ ૨૦% વળતર રાખો તેમ કહી હાર્દિકે રૂ. ૧ લાખ મને પરત આપેલ હતા. બાદ મે દોઢ લાખ આપતાં દસ દિવસ પછી હાર્દિકે ૨૦% વળતર સાથે રૂ. ૧.૮૦ લાખ પરત આપતા મને વિશ્વાસ બેસી ગયો હતો.

**યુવકે અલગ અલગ પર્સનલ લોન, મોર્ગેજ લોન અને બચતના નાણાંમાંથી રૂ. ૨.૭૦ કરોડનું રોકાણ કર્યું**

ત્યારબાદ યુવાને કટકે કટકે અલગ અલગ રકમ રોકાણ પેટે આપેલ હતી. ત્યારે હાર્દિકે કહેલ કે, મારે ધંધામાં હમણાં વધુ નાણાંની જરૂરિયાત હોવાથી તમને હમણાં હું દર મહિને માત્ર ૧૦% વળતર ચૂકવીશ, તમારી મૂડી મારી પાસે જમા રહેશે. હાર્દિકે વધુ રોકાણ કરવાનું કહેતા યુવાને કોટક બેંકમાંથી રૂ. ૩ લાખની, આઈડીએફસી બેંકમાંથી રૂ. ૧.૨૦ લેકખ, આઈસીઆઈસીઆઈ બેંકમાંથી રૂ. ૪.૫૩ લાખ મળી કુલ રૂ. ૯.૦૬ લાખની પર્સનલ લોન અને આઈસીઆઈસીઆઈ બેંકમાં મકાન મોર્ગેજ કરી રૂ. ૭ લાખ હાર્દિકને આપેલ હતા. બાદ પ્રિફર નામની એપ્લિકેશનમાંથી રૂ.૧.૮૦ લાખની લોન મેળવી તેમજ મારી બચતના નાણાં મળી કુલ રૂ. ૨,૭૦,૦૩,૭૯૧ હાર્દિક તન્નાને રોકાણ પેટે આપેલ હતા.

**યુવાને રૂ. ૭.૭૩ કરોડનું રોકાણ કર્યું, સામે રૂ. ૩.૬૧ કરોડનું વળતર મળ્યું**

ઓક્ટોબર-૨૦૨૩ માં હાર્દિક તન્નાએ શીતલપાર્ક સર્કલ પાસે આવેલ આર.કે, વર્લ્ડ ટાવર ખાતે ઓફિસ નં.૫૧૯ ખાતે દ્વારકાધીશ એન્ટ્રરપ્રાઈઝં નામથી ઓફિસ શરૂ કરેલ હતી. જેના ઓપનિંગમાં હું અને મારા મિત્રો મહેશભાઈ શંભુભાઈ બોઘરા, કૌટુબિક ભાઈ હાર્દિક પરસોત્તમભાઈ મોરવાડીયા, અભિજીતભાઈ મહેશભાઈ મોરવાડીયા ગયેલ હતા. દરમિયાન હાર્દિકએ મને રોકડમા વધુ રૂપીયાની જરૂરત હોવાનું જણાવતા મે મારા મોટા બાપુ ગીરીશભાઈ રમણીકલાલ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ.૬૧,૭૫,૦૦૦, મોટા બાપુના દિકરા પ્રફુલભાઈ પરસોત્તમભાઈ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ.૩૫,૫૦,૦૦૦, હાર્દિકભાઈ પરસોત્તમભાઈ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ. ૮૦,૯૦,૦૦૦, કાકાના દિકરા અભિજીતભાઈ મહેશભાઈ મોરવાડીયા પાસેથી અલગ અલગ સમયે કટકે કટકે રોકડા રૂ. ૧,૧૦,૬૦,૦૦૦, બનેવી હિરેનભાઈ ધીરૂભાઈ મુળાસીયા પાસેથી રૂ.૧૫,૩૦,૦૦૦, બનેવી મનીષભાઈ જેન્તીભાઈ વીરડીયા પાસેથી રૂ.૧,૯૯,૧૦,૦૦૦/- મળીને કુલ રૂ૫,૦૩,૧૫,૦૦૦ મે મારા સગા સબંધીઓ પાસેથી ઉછીના લઈને હાર્દિક તન્નાને આપેલ હતા. જેથી મે કુલ રૂ. રૂ.૭,૭૩,૧૮,૭૯૧ હાર્દિક તન્નાને રોકાણ અર્થે આપેલ હતા. મે કરેલ રોકાણ રકમ સામે હાર્દિક તન્નાએ તેના બેંક ખાતા મારફતે મારા બેંક ખાતામા રૂ.૩,૬૧,૮૭,૩૫૮ વળતર પેટે આપેલ હતા.

## રૂ.૯.૬૧ કરોડના રોકાણ સામે ગઠીયાએ રૂ.૩.૬૧ કરોડનું વળતર ચૂકવી બાકીના નાણાંનું બુચ મારી દીધું: યુની. પોલીસે હાર્દિક તન્ના વિરુદ્ધ જીપીઆઈડી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

**ફરિયાદીના મિત્રોએ પણ રૂ. ૧.૮૮ કરોડ હાર્દિકને રોકાણ પેટે આપ્યા**

મારા સિવાય મારા મિત્રો જેમા મયંક અનીલભાઈ રાઠોડએ રૂ. ૧૧,૫૭, ૭૦૧, મહેશભાઈ શંભુભાઈ બોઘરાએ રૂ.૯૨,૧૫,૦૦૦, રવિભાઈ દિનેશભાઈ પરમારએ રૂ.૮૫,૦૦,૦૦૦ મળી કુલ રૂ. ૧,૮૮, ૭૨,૭૦૧ હાર્દિક તન્નાને રોકાણ પેટે આપેલ હતા. છે. મારા મિત્ર અભિષેક નરેશભાઈ દુદકીયાએ પણ રોકાણ કરેલ છે પરંતુ તેણે હાર્દિક તન્ના પાસે કેટલા રૂપીયાનુ રોકાણ કરેલ છે તેની મને ખબર નથી.

**યુવાન, તેના સગા સંબંધી અને મિત્રો પાસેથી રૂ. ૯.૬૧ કરોડ મેળવી હાથ ઉંચા કરી દીધા:** આ રીતે યુવાને અલગ અલગ લોન, સગા સંબંધીઓ પાસેથી ઉછીના નાણાં લઈ હાર્દિક તન્નાને રોકાણ પેટે રૂ.૭,૭૩,૧૮,૭૯૧ આપેલ હતા. જયારે યુવાનના મિત્રોએ રૂ.૧,૮૮, ૭૨, ૭૦૧ નુ રોકાણ મળી કુલ રૂ.૯,૬૧,૯૧,૪૯૨ નુ રોકાણ કર્યું હતું. જેની સામે હાર્દિક તન્નાએ મને બેંક મારફતે વળતર પેટેના રૂ.૩,૬૧,૮૭,૩૫૮ આપેલ હતા. જ્યારે મૂડી પેટે આપેલ રકમ રૂ. ૯,૬૧,૯૧,૪૯૨ રકમ ઓળવી ગયો હતો. અવાર નવાર સંપર્ક કરવા છતાં તેણે પૈસા પરત આપ્યા ન હતા.

### કોણે કેટલા રૂપિયા ગુમાવ્યા?

સાગરભાઈ મોરવડિયા : રૂ. ૨.૭૦ કરોડ
ગીરીશભાઈ મોરવાડીયા : રૂ.૬૧.૭૫ લાખ
પ્રફુલભાઈ મોરવાડીયા : રૂ.૩૫.૫૦ લાખ
હાર્દિકભાઈ મોરવાડીયા : રૂ.૮૦.૯૦ લાખ
અભિજીતભાઈ મોરવાડીયા : રૂ.૧.૧૦ કરોડ
હિરેનભાઈ મુળાસીયા : રૂ.૧૫.૩૦ લાખ
મનીષભાઈ વીરડીયા : રૂ.૧.૯૯ કરોડ
મયંક રાઠોડ : રૂ.૧૧.૫૭ લાખ
મહેશભાઈ બોઘરા : રૂ.૯૨.૧૫ લાખ
રવિભાઈ પરમાર : રૂ.૮૫ લાખ
અભિષેક દુદકીયા: રોકાણની રકમનો ખ્યાલ નથી

# જૂનાગઢમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારા પાસેથી રૂ.૩૨,૩૦૦નો દંડ વસૂલાયો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ મહાનગર પાલિકા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનું ચેકીંગ હાથ ધરી, નિયમભંગ કરનારાઓ પાસેથી ૩ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક અને વેપારી પાસેથી રૂ.૩૨,૩૦૦નો દંડ વસૂલ કરવામાં આવેલ હતો.

જુનાગઢ મનપાની સેનિટેશન શાખાની ટીમ દ્વારા સમગ્ર શહેરમાં એક સઘન પ્રતિબંધિત પ્લાસ્ટિકની ઝુંબેશ તેમજ જાહેર માં ન્યુસન્સ ફેલાવવા બાબત નું ચેકિંગ કરી એક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન સેનિટેશન વિભાગના અધિકારીઓ અને સુપરવાઈઝરો અને એસ આઈ ની ટીમે વિવિધ બજારોમાં જઈને દુકાનો અને વ્યાપારી એકમોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક



તેમજ જાહેર માં રસ્તા પર દુકાનદાર દ્વારા ન્યુસન્સ ફેલાવવા બાબતે આસામીઓ સામે કડક વહીવટી કાર્યવાહી કરાઈ હતી.

# અમરેલીના માંડવડા ગામે ખાણ-ખનીજ વિભાગની ટીમ પર હુમલો: અધિકારી ઘવાયા



## સરકારી ફરજમાં રૂકાવટ કરી અધિકારીઓને મારી નાખવાની ધમકી: બે ડમ્પર જપ્ત પાંચ સામે ગુનો દાખલ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી તાલુકાના મેડી-નાના માંડવડા ગામે શેત્રુંજી નદીના પટમાં ચાલી રહેલી કથિત ગેરકાયદે રેતીચોરી સામે કાર્યવાહી કરવા ગયેલી ખાણ-ખનીજ વિભાગની ટીમ સાથે ગંભીર ઘટના બનતા ચકચાર મચી ગઈ હતી. ગેરકાયદે રેતી ભરવાની કામગીરી અટકાવવા પાંચ શખ્સોએ ગયેલા અધિકારીને ફરજ બજાવતા રોકી ગાળાગાળી અને મારી નાખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં, લોડર ચાલક દ્વારા અધિકારીને કચડી નાખવાના ઈરાદે લોડર તેમના ઉપર ચડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો,

અમરેલી ખાણ-ખનીજ વિભાગની કચેરીમાં મેડી-નાના માંડવડા ગામે શેત્રુંજી નદીના પટમાં ગેરકાયદેસર રીતે રેતીચોરી થતી હોવાની અરજી મળતાં ગઈ કાલે બપોરે માઈન સુપરવાઈઝર સહિતનો સ્ટાફ સ્થળ તપાસ માટે પહોંચ્યો હતો. તપાસ દરમિયાન લોડર મારફતે ડમ્પરમાં રેતી ભરવાની કામગીરી ચાલી રહી હોવાનું જણાતા ટીમે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી.

આ દરમિયાન વનરાજ ધાખડા, મહીપત વાળા અને શીવરાજ ધાખડા નામના શખ્સોએ અધિકારી તથા કર્મચારીઓને ગાળો આપી મારી નાખવાની ધમકી આપી હતી. આ શકસોએ લોડર લઈને નાના માંડવડા ગામે પોતાના ઘર પાસે પહોંચ્યા બાદ અધિકારીને મારી નાખવાના ઈરાદે લોડર તેમના ઉપર ચડાવી દેવા ડ્રાઈવરને કહ્યું હોવાનું કહેતા લોડર ચાલક રવિ મકવાણાએ લોડર પુરઝડપે ચલાવી તેની ટક્કરે તેમના કમરના ભાગે મુંઢ ઈજા પહોંચી હતી. આ બનાવ બાદ લોડર લઈને ચાલક ફરાર થઈ ગયો હતો.

આ ઉપરાંત અક્ષય દાફડાએ ખાણખનીજ વિભાગ સાથે ગાળાગાળી કરી મારી નાખવાની ધમકી આપી હતી આ અંગે અમરેલી તાલુકા પોલીસે રવિ મકવાણા, વનરાજ ધાખડા, મહીપત વાળા, શીવરાજ ધાખડા અને અક્ષય દાફડા વિરુદ્ધ સરકારી ફરજમાં રુકાવટ, મારી નાખવાની ધમકી તથા જીવલેણ હુમલાના પ્રયાસ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાના માનસાગર તળાવમાંથી આધેડનો મૃતદેહ મળ્યો

## અકસ્માત કે આપઘાત? પોલીસ તપાસ શરૂ


**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના માનસાગર તળાવમાંથી એક આધેડનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી મૃતકની ઓળખ શહેરના સોની તલાવડી વિસ્તારમાં રહેતા ૫૦ વર્ષીય સિકંદરભાઈ કેશરભાઈ મલેક તરીકે થઈ છે બનાવની જાણ થતાં ફાયર ટીમ તેમજ સ્થાનિક તરવૈયા જયદેવસિંહ ઝાલા ઉર્ફે લાલભા સહિતના લોકોએ ભારે જહેમત બાદ સ્થાનિક તરવૈયા જયદેવસિંહ ઝાલાએ મૃતદેહને તળાવમાંથી બહાર કાઢ્યો હતો પ્રાથમિક માહિતી મુજબ સિકંદરભાઈનો પગ લપસી જતાં તેઓ તળાવમાં પડી ગયા હોવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે જોકે, તેમનું મોત પાણીમાં ડૂબી જવાથી થયેલો અકસ્માત છે કે તેમણે આપઘાત કર્યો છે, તે અંગે હાલ કોઈ સત્તાવાર સ્પષ્ટતા થઈ નથી બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી



પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે મોકલી આપ્યો છે સમગ્ર બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સિકંદરભાઈના મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ થશે.

# અંજારમાં સિમેન્ટ મિક્સર વીજ ડીપી સાથે અથડાય: મોટી દુર્ઘટના ટળી



અચાનક વીજ ડીપી સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. હાઈ-ટેન્શન વીજ ડીપી પાસે બનેલી ઘટનાને પગલે લોકોના ટોળાં એકઠાં થઈ ગયા હતા. સદનસીબે અકસ્માતમાં

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજાર: જીઈબી કચેરી નજીક એક સિમેન્ટ મિકસર મશીન કોઈ જાનહાનિ કે ઈજા ન થતાં મોટી દુર્ઘટના ટળી હતી. ઘટના અંગે વીજ વિભાગ દ્વારા જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ધ્રાંગધ્રાના રાવળીયાવદર ગામે તળાવમાં ડૂબી જતા માસુમનું મોત

## માતા સાથે મામાના ઘરે સાતમ-આઠમ કરવા આવેલા ભાણેજના મોતથી પરિવારમાં શોક

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રાવળીયાવદર ગામમાં સાતમ-આઠમના તહેવાર દરમિયાન દુર્ઘટનામાં સાત વર્ષના બાળકનું તળાવમાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું તહેવારની ઉજવણી માટે માતા સાથે મામાના ઘરે આવેલા બાળકના મોતથી પરિવારજનો સહિત સમગ્ર ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પ્રાપ્ત માહિતી મુજબ, મૃતક બાળકનું નામ વિરમ રૂડતલા (ઉં.વ.૭) હતું. વિરમ સાતમ-આઠમનો તહેવાર ઉજવવા પોતાની માતા સાથે રાવળીયાવદર ગામે મામાના ઘરે આવ્યો હતો મંગળવારની સાંજના સમયે વિરમ અચાનક ગુમ થઈ જતાં પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી પરિવારજનો અને ગ્રામજનો દ્વારા આસપાસના વિસ્તારોમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી. દરમિયાન ગામના તળાવમાંથી વિરમનો મૃતદેહ મળી આવતાં પોલીસે મૃતદેહને કબ્જામાં લઈ પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે સાતમ-આઠમના તહેવારની ખુશી



વચ્ચે બનેલી આ હૃદયદ્રાવક ઘટનાથી રૂડતલા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. વિરમના અકાળે અવસાનથી રાવળીયાવદર ગામમાં પણ શોકની લાગણી પ્રસરી ગઈ છે.

# ગૌરીદડ ગામે પતિએ કામનો ઠપકો આપતા પરિણીતાનો ઝેરી દવા પી આપઘાત

## પતિ અન્ય વાડી કામ કરતા હોય અને પરિણિતાએ ઘરે એકલી હોવાથી વખ ઘોળ્યું જીવન ટુંકાવ્યું: પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

રાજકોટના ગૌરીદડ ગામે વાડી વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની ૨૯ વર્ષીય પરણીતાએ ગઈકાલે પતિએ કામનો ઠપકો આપતા ઝેરી દવા પી લેતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જેનું ટૂંકી સારવાર દરમિયાન મોતની નીપજતા કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ તાલુકાના ગૌરીદડ ગામે રહેતા અને શ્રમિક કામ કરતા ભાવનાબેન રાજેશભાઈ નાયકા ઉંમર વર્ષ ૨૯ વર્ષીય પરણીતાએ ગઈકાલે તેમના પતિ રાજેશભાઈ એ કામ બાબતે ઠપકો આપતા પરણીતાને માઠૂં લાગી જતા સવારે ૯:૦૦ વાગે આસપાસ ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ત્યાં ટૂંકી સારવાર બાદ ગત રાત્રે તેમનું મોત નિપજ્યું હતું ઘટનાની જાણ થતા કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે બે ત્રણ દિવસથી પતિ પત્ની વચ્ચે કામ બાબતે ઝઘડો ચાલતો હોય જેથી માઠું લાગી જતા આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે મૃતકને સંતાનમાં ૧ પુત્ર ૧ પુત્રી એ માતાની મમતા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# માળીયા (મી)ના ભાવપર ગામે પરિણીતાનું ઝેરી જાનવર કરડી જતા મોત

**અબતક રાજકોટ**

માળીયા તાલુકાના ભાવપર ગામની વાડી વિસ્તારમાં રહેતી ૩૫ વર્ષીય પરણીતાને પેટમાં દુખાવો થતા સારવાર અર્થે પ્રથમ મોરબી ખાનગી હોસ્પિટલ બાદ સિવિલ હોસ્પિટલમાં બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ટુંકી સારવારમાં પરિણીતાનું મોત નીપજતા માળીયા મી પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો ઝેરી જાનવર કરડવાથી મોત થયાનું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે આ અંગે મળતી માહિતી મુજબ માળીયા મીયાણા તાલુકાના ભાવપર ગામે વાડી વિસ્તારમાં રહેતા નીરૂબેન રવિભાઈ સોલંકી ઉંમર વર્ષ ૩૫ વર્ષીય પરણીતા ને ગઈકાલે સવારે ચાર વાગ્યે આસપાસ ગામમાં



હતા ત્યારે પેટમાં દુખાવો ઉપાડતા પ્રથમ ખાનગી હોસ્પિટલ બાદ સિવિલ હોસ્પિટલ મોરબી બાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ફરજ પરના તબીબને ઝેરી જાનવર કરડી જવાની શંકા ગઈ હતી ત્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે પરિવાર મધ્યપ્રદેશના હોય અને મૃતકને સંતાનમાં ૧ પુત્ર એ માતાની મમતા ગુમાવતા પરિવારમાં આક્રંદ છવાયો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# બાબરામાં ખુલ્લી ગટરમાં વાહન ખાબક્યું

**અબતક, મૌલિક તેરૈયા, બાબરા**

બાબરા બસ સ્ટેશનની પાછળના વિસ્તારમાં ખુલ્લી ગટરના કારણે અકસ્માતની ઘટના સામે આવી છે. ઘરવખરીનો સામાન ભરીને પસાર થઈ રહેલો છોટા હાથી ટેમ્પો ખુલ્લી ગટરમાં ખાબકી જતા વાહન ફસાઈ ગયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ બસ સ્ટેશન પાછળના વિસ્તારમાં ગટર ખુલ્લી હાલતમાં હોવાથી વાહનચાલકો તેમજ રાહદારીઓને અવરજવર દરમિયાન મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને રાત્રિના સમયે ખુલ્લી ગટર દેખાતી ન હોવાથી



## સ્થાનિકોની રજૂઆત છતાં સમસ્યા યથાવત: પાલિકાની કામગીરી સામે રોષ

અકસ્માતનો ભય સતત રહે છે. સ્થાનિક રહેવાસીઓ દ્વારા આ સમસ્યા અંગે નગરપાલિકા તંત્રને અગાઉ અનેક વખત મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં યોગ્ય કામગીરી કરવામાં આવી ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જેના પગલે આજે છોટા હાથી ગટરમાં ખાબકવાની ઘટના બનતા સ્થાનિકોમાં નગરપાલિકા તંત્રની કામગીરી સામે રોષ જોવા મળ્યો હતો.

# વાંકાનેર : સ્વયંભૂ જડેશ્વર મહાદેવ મંદિરે સોમવારે પ્રાગટ્ય દિવસની ઉજવણી

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર શહેરથી દશ કિ.મી. દૂર મોટા-મોટા ડુંગરો આવેલા છે આમાં એક ડુંગર રતન ટેકરી તરીકે ઓળખાય છે. આ ટેકરીની ટોચ ઉપર સૌરાષ્ટ્ર પ્રસિધ્ધ સ્વયંભૂશ્રી જડેશ્વર મહાદેવ નું વિશાળ જગ્યા ધરાવતું ભવ્ય અને ઐતિહાસિક મંદિર આવેલું છે. આસપાસનો વિસ્તાર જંગલ (વીડી) જેવો છે રતનટેકરી અને આસપાસના ડુંગરો અને ધરતી ઉપર આ વર્ષે પણ મેઘરાજાએ જલાભિષેક કરતા આ આખો વિસ્તાર લીલોછમ બની ગયો છે.





ભગવાન શિવપ્રિય પવિત્ર શ્રાવણ માસના પ્રારંભથીજ સ્વયંભૂ જડેશ્વર મહાદેવના મંદિરે દરરોજ વહેલી સવારના ઘણા પગપાળા તો ઘણા વાહનો મારફત ભગવાન ભોળાનાથની પુજા-આરાધના -દર્શન અર્થે બહોળી સંખ્યામાં ભાવિકો આવે છે. સ્વયંભૂશ્રી જડેશ્વર મહાદેવ મંદિરના મહંતશ્રી રતિલાલજી મહારાજે એ માહિતી આપતા જણાવેલ છે કે મંદિરની આ વિશાળ જગ્યામાં ૧૦૦ થી વધુ રૂમો રહેવા માટે છે તેથી શ્રાવણ માસના પ્રારંભ પહેલા જ ભુદેવો આવવા લાગે છે અને આ તમામ રૂમો તેમને આખો માસ રહેવા માટે આપવામાં આવે છે. અહીં ભુદેવો આખો શ્રાવણમાસ સ્વયંભૂશ્રી જડેશ્વર મહાદેવની પુજા આરાધના કરે છે.

સ્વયંભૂશ્રી જડેશ્વર મહાદેવ મંદિરમાં ભુદેવો ઉપરાંત યાંત્રિકો-ભાવિકો માટે ભોજન પ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે આ ઉપરાંત મંદિરના પ્રાંગણમાં પ્રસાદ ઘરની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેથી ભાવિકો ભેટ ધરી પ્રસાદ ઘેર પણ લઈ જઈ શકે છે. ઘણા ભાવિકો દ્વારા લઘુરૂદ્ર-ભંડારા પણ થાય છે.

સ્વયંભૂશ્રી જડેશ્વર મહાદેવ શ્રાવણ માસના બીજા સોમવારે પ્રગટયા હોઈ તેથી શ્રાવણ માસના બીજા સોમવારે અને આગલો દિવસ રવિવાર આમ રવિ-સોમ બે દિવસ મંદિરના નીચેના ભાગે આવેલ પટાંગણમાં લોક સાંસ્કૃતિક મેળો ભરાય છે. જેમા હજજારો લોકો ઉમટી પડે છે તેમજ શ્રાવણ માસના દર સોમવારે દાદાની પાલખી નીકળે છે અને રતનટેકરી અને જયાં પ્રાગટય દિને લોક સાંસ્કૃતિક લોકમેળો યોજાય છે તે ગ્રાઉન્ડમાં ફરી પુનઃનીજ મંદિરે પહોંચે છે.સ્વયંભૂશ્રી જડેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસ દરમ્યાન ગુજરાતભરમાંથી શ્રધ્ધાળુઓ લઘુરૂદ્ર અને પુજા અર્ચના માટે દરરોજ હજારો ભાવિકો પધારે છે. વાંકાનેરથી જડેશ્વર જવા માટે એસ.ટી.બસ અને અન્ય વાહનો પણ સતત મળતા રહે છે.

# મોરબી : મનપાની અગ્નિશમન શાખા દ્વારા ૧૧૫ વિદ્યાર્થી અને સ્ટાફને ફાયર સેફ્ટીની તાલીમ અપાઈ

## બિલ્ડીંગોના ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને સિસ્ટમ ઈન્સ્ટોલેશનનું ચેકિંગ હાથ ધરાયું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા તા.૧૨થી ૧૮ ઓગસ્ટ દરમિયાન એક શાળામાં ૧૧૫ વિદ્યાર્થી અને સ્ટાફને ફાયર પ્રિવેન્શનની તાલીમ આપવામાં આવી હતી. સાથે ફાયર સેફ્ટી સર્ટિફિકેટ અને ફાયર સેફ્ટી સિસ્ટમનું ચેકિંગ કરી અપૂર્તતા ધરાવતી બિલ્ડિંગોને નોટિસ આપવામાં આવી હતી.



મોરબી મહાનગરપાલિકા ફાયર શાખા દ્વારા તા.૧૨/૦૮/૨૦૨૬થી તા.૧૮/૦૮/૨૦૨૬ દરમિયાન ફાયર પ્રિવેન્શન અંતર્ગત કામગીરી કરવામાં આવી હતી. આ દરમિયાન એક શાળામાં ૧૧૫ વિદ્યાર્થી અને સ્ટાફને આગની દુર્ઘટના સમયે સલામતીના પગલાં, ફાયર સાધનોના યોગ્ય ઉપયોગ સહિતની ફાયર સેફ્ટી અંગે તાલીમ આપવામાં આવી હતી. આ ઉપરાંત બિલ્ડિંગોના ફાયર સેફ્ટી સર્ટિફિકેટ તથા ફાયર સેફ્ટી સિસ્ટમ ઈન્સ્ટોલેશનનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અપૂર્તતા જણાયેલી બિલ્ડિંગોને નોટિસ આપી ફાયર પ્રિવેન્શન અંગે જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શિકા આપવામાં આવી હતી.

# મોરબી: મનપા સંકલન સમિતિની બેઠકનુ કાલે આયોજન

## વિકાસકામો અને ટેક્સ વ્યાજ માફી યોજના સહિતના મુદ્દાઓની સમીક્ષા થશે

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા સંકલન સમિતિની ઓગસ્ટ-૨૦૨૬ની બેઠક તા.૨૧ ઓગસ્ટના રોજ સાંજે ૪ વાગ્યે મહાનગરપાલિકા કચેરીના ત્રીજા માળે સભાખંડમાં યોજાશે. બેઠકમાં ગત મીટિંગના મિનિટ્સ, વિકાસકામોની પ્રગતિ, અરીહંત સોસાયટીના કામની દરખાસ્ત તથા ટેક્સ વ્યાજ માફી યોજના અંગેની કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકા સંકલન સમિતિની બેઠક ગાંધી ચોક ખાતે આવેલી મહાનગરપાલિકા કચેરીની નવ નિર્મિત ઈમારતના ત્રીજા માળે આવેલા સભાખંડમાં યોજાનાર છે. બેઠકમાં સમિતિના સભ્યો, પદાધિકારીઓ તથા અધિકારીઓને સમયસર હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. બેઠકમાં સૌપ્રથમ ગત બેઠકના મિનિટ્સને બહાલી આપવા અંગે ચર્ચા થશે.

# વાંકાનેર પંથકમાં ખનન સામે કાર્યવાહી

## વીડી-જાંબુડીયા ભેટ વિસ્તારમાં ફાયરકલેનું ખનન ઝડપાયું: મશીન પોલીસ કસ્ટડીમાં મૂકાયું

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગે વાંકાનેરના વીડી-જાંબુડીયા ભેટ ચોકડી વિસ્તારમાં આકસ્મિક તપાસ કરી ફાયરકલેનું બિનઅધિકૃત ખનન કરતા આશરે રૂ.૪૦ લાખનું હ્યુન્ડાઈ એક્ષકેવેટર મશીન સીઝ કર્યું હતું.



મળતી વિગત મુજબ, ગત તા.૧૮ ઓગસ્ટે ભૂસ્તરશાસ્ત્રી જગદીશ એસ. વાઢેરની સૂચનાથી મોરબીની તપાસ ટીમે વીડી-જાંબુડીયા ભેટ ચોકડી વિસ્તારમાં તપાસ હાથ ધરી હતી. દરમિયાન સ્થળ પરથી ફાયરકલેનું બિનઅધિકૃત ખનન કરતા પીળા રંગનું હ્યુન્ડાઈ કંપનીનું એક્ષકેવેટર કિ.રૂ.૪૦ લાખ મળી આવતા તેને સીઝ કરી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે કસ્ટડીમાં મૂકવામાં આવ્યું હતું.

સીઝ કરાયેલા મશીનના માલિક તરીકે કિશનભાઈ મૈયાભાઈ દેકાવાડીયા રહે. ખેતરડી, તા.હળવદ વાળાનું નામ સામે આવ્યું છે. આ મામલે ગુજરાત મિનરલ્સ નિયમો-૨૦૧૭ હેઠળ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ યાદીમાં જણાવાયું છે.

# ટંકારામાં બે દરોડામાં દારૂ-બિયરના જથ્થા સાથે એક પકડાયો

## મીતાણામાં મકાનમાંથી ૪૪ ચપલા અને જબલપુર પાટિયા પાસેથી ૧૨ બિયર ટીન મળી આવ્યા: ત્રણ સામે ગુનો નોંધાયો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ટંકારા પોલીસે મીતાણા અને જબલપુર પાટિયા નજીક રેઈડ કરી વિદેશી દારૂ-બિયરનો કુલ રૂ.૭,૬૪૦/-ના મુદ્દામાલ સાથે એક આરોપીની અટકાયત કરી છે, જ્યારે બે આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

મીતાણા ગામમાં સંજયભાઈ ગેલાભાઈ બસીયાના રહેણાક મકાનમાં દરોડો પાડતા મકાનમાંથી ૧૮૦મીલી. ની વિવિધ બ્રાન્ડની ઈંગ્લિશ દારૂની કુલ ૪૪ બોટલ કિ.રૂ.૫,૯૬૦/- મળી આવી હતી. દરોડા દરમિયાન આરોપી જયદીપ બાબુભાઈ બસીયા અને સંજયભાઈ ગેલાભાઈ બસીયાની શોધખોળ હાથ ધરી છે.

જબલપુર ગામના પાટિયા પાસેથી હિતેષસિંહ પ્રતાપસિંહ ચૌહાણ ઉવ.૩૫ રહે.હાલ જબલપુર ગામની સીમ ક્યુલેન કારખાનાના લેબર કવાટર્સ માં તા.ટંકારા મુળ રહે. કેસોદ જવાહર ચોક તા.કેશોદ જી.જુનાગઢ વાળાને બડવાઈઝર બિયરના ૧૨ ટીન કિ.રૂ.૧,૬૮૦/- સાથે ઝડપી લેવાયો હતો.

# મોરબી: ચોરાઉ બાઈક સાથે અસગર મોવર ઝડપાયો

## જીલ્લામાં અલગ-અલગ ૧૩ ગુનામાં સંડોવાયેલા આરોપીની ધરપકડ: એલસીબીને મળી સફળતા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી ક્રાઈમ બ્રાંચે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મોટરસાયકલ ચોરીના ગુનામાં ચોરાઉ હોન્ડા સાઈન મોટરસાયકલ સાથે અસગર રમજાનભાઈ મોવરને ઝડપી પાડ્યો હતો. આરોપી અગાઉ મોરબી જીલ્લામાં નોંધાયેલા અલગ-અલગ ૧૩ ગુનામાં સંડોવાયેલ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.



એલ.સી.બી. અને પેરોલ-ફર્લો સ્કવોડની ટીમ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હોય, ત્યારે એએસઆઈ હિતેન્દ્રસિંહ ચુડાસમા, હેડ કોન્સ. ચંદુભાઈ કાણોતરા અને કોન્સ. ભગીરથસિંહ ઝાલાને બાતમી મળી હતી કે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા મોટરસાયકલ ચોરીના ગુનામાં ચોરાયેલ હોન્ડા સાઈન મોટરસાયકલ લઈ એક શખ્સ રવિરાજ ચોકડી તરફથી પસાર થવાનો છે.

બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી ત્યારે બાતમી મુજબનો શખ્સ નંબર પ્લેટ વગરના મોટરસાયકલ સાથે પસાર થતા તેને ઝડપી પાડ્યો હતો. પકડાયેલ આરોપી અસગર રમજાનભાઈ મોવર ઉવ.૨૬ રહે. કાજરડા તા.માળીયા(મી) વાળાની પૂછપરછ દરમિયાન તેણે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં ચોરી કરેલ હોન્ડા સાઈન મોટરસાયકલ હોવાની કબૂલાત આપતાં પોલીસે તે મોટરસાયકલ કબજે કરી આગળની કાર્યવાહી માટે વાંકાનેર તાલુકા પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે. પોલીસ તપાસમાં પકડાયેલ આરોપી અસગર રમજાનભાઈ મોવર વિરુદ્ધ મોરબી જીલ્લાના વિવિધ પોલીસ મથકોમાં ચોરી, પ્રોહિબિશન, ગેરકાયદેસર હથિયાર તથા મારામારી સહિતના કુલ ૧૩ ગુનાઓ નોંધાયેલા છે.

# મોરબીના વનાળીયા ગામે કેબલની ચોરી

## ટંકારાના ઘુનડા બાદ વનાળીયામાં છ સ્થળે ચોરી : અજાણ્યા તસ્કરો સામે પોલીસ ફરિયાદ.

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના વનાળીયા ગામની સૈડવા સીમમાં નદીના પટમાં પિયત માટે રાખવામાં આવેલી મોટરોમાંથી અજાણ્યા તસ્કરો દ્વારા કુલ અંદાજે ૧૪૭ મીટર કોપર કેબલ કાપીને ચોરી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. હાલ મોરબી તાલુકા પોલીસે ભોગ બંબાર ખેડૂતોની ફરિયાદને આધારે આરોપી અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી અલગ અલગ દિશાના તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

મોરબી તાલુકા પોલીસ મથકમાં વનાળીયા ગામના ૬૦ વર્ષીય ખેડૂત સુમારભાઈ જુસબભાઈ સંધીએ નોંધાવેલ ફરિયાદ મુજબ, ગત તા.૧૪ ઓગસ્ટની રાત્રે ૧૦ વાગ્યાથી તા.૧૫ ઓગસ્ટની વહેલી સવારે ૬ વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરોએ સૈડવા સીમમાં નદીના પટમાં પિયત માટે રાખેલી વિવિધ મોટરોના કોપર કેબલ કાપી ચોરી કરી હતી. આ ચોરીમાં સુમારભાઈના આશરે ૩૦ મીટર, દેવજીભાઈ ગામીના ૨૩ મીટર, પરસોતમભાઈ પાડલીયાના ૧૬ મીટર, રામજીભાઈ પાડલીયાના ૧૫ મીટર અને અરવિંદભાઈ ગામીના ૪૫ મીટર કોપર કેબલ ઉપરાંત ઝાહેર વલી પીરની દરગાહ બહાર રાખેલી મોટરનો આશરે ૧૮ મીટર કેબલ મળી કુલ ૧૪૭ મીટર કેબલ કિ.રૂ.૧૦,૨૯૦/-ની ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

# મોરબીના ભડીયાદ નજીક પત્નીનો હત્યારો ઝડપાયો

## પુત્રીની પ્રસૂતા સમયે આપેલ નાણાંની લેતીદેતી બાબતે થયેલા ઝઘડામાં લોખંડના હથોડાથી માથામાં ઘા મારી હત્યા કરી હતી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના ભડીયાદ ગામ નજીક આધ્યાશક્તિ પેપર મિલ ખાતે પત્નીના માથામાં લોખંડના હથોડાથી ઘા મારી હત્યા નિપજાવનાર આરોપી પતિને મોરબી તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. ટેકનિકલ માધ્યમ અને હ્યુમન સોર્સની મદદથી આરોપીને ભાણવડ તાલુકાની સીમમાંથી ઝડપી લેવામાં આવ્યો હતો.

મોરબી તાલુકાના ભડીયાદ ગામના રફાળેશ્વર રોડ પર આવેલી આધ્યાશકિત પેપર મિલના કારખાનામાં એટીબીના કૂવા પાસે તા.૧૭ ઓગસ્ટે હત્યાનો બનાવ બન્યો હતો. જેની ફરિયાદમાં જણાવ્યા મુજબ, ડિલિવરી બાબતે આપેલા નાણાંની લેતીદેતીને લઈને પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. દરમિયાન આરોપી ભુરાભાઈ બુધીયાભાઈ કટારાએ પત્નીના માથામાં લોખંડના હથોડાથી ઘા મારતા તેણીનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે બીએનએસની કલમ ૧૦૩(૧) તથા જીપી એક્ટની કલમ મુજબ ગુનો નોંધી આરોપીને પકડી લેવા ટોઅસ શરૂ કરી હતી.

ઉપરોક્ત હત્યાના ગુનામાં નોંધાયેલ ફરિયાદને આધારે મોરબી તાલુકા પોલીસે આરોપીની શોધખોળ હાથ ધરી હતી. ત્યારે સર્વેલન્સ સ્ટાફે ટેકનિકલ માધ્યમ તથા હ્યુમન સોર્સની મદદથી આરોપી ભુરાભાઈ બુધીયાભાઈ કટારા મૂળ રહે.પાડલવા કાચલા ફળિયું, તા. રાણપુર જી.ઝાબુઆ(મધ્યપ્રદેશ) વાળાને ચોંખડા ગામની સીમ તા.ભાણવડમાંથી ઝડપી પાડ્યો હતો. હાલ મોરબી તાલુકા પોલીસે આરોપી વિરુદ્ધ આગળની તપાસ હાથ ધરી છે.

# મોરબી : બુટલેગર છ માસ માટે હદપારી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**



મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં દેશી દારૂના વેચાણના ગુનામાં સંડોવાયેલા દિનેશભાઈ બાબુભાઈ ચૌહાણ રહે. બૌદ્ધનગર મફતીયાપરા નઝરબાગ રેલવે સ્ટેશન સામે મોરબી-૨ વાળા વિરુદ્ધ પોલીસે હદપારીની દરખાસ્ત તૈયાર કરી હતી. દરખાસ્તના આધારે પ્રાંત અધિકારી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ મોરબી દ્વારા આરોપીને છ માસ માટે મોરબી, સુરેન્દ્રનગર, રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, કચ્છ-ભુજ અને જામનગર જીલ્લાની હદમાંથી હદપારી કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. હુકમના પગલે પોલીસે તેને મોરબી જીલ્લાની હદ બહાર મોકલી આપ્યો છે.

# મોરબીમાં જુગાર રમતા છ ઝડપાયા

## ગોળ ખીજડિયા ગામે જુગાર રમતા નવ પકડાયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરના રાજપર રોડ પર મારૂતિ હોટલવાળી શેરીમાં જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા છ શખ્સોને સીટી એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૪૩,૧૦૦/- સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસની ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન રાજપર રોડ પર મારૂતિ હોટલવાળી શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળામાં કેટલાક ઈસમો જાહેરમાં ગંજીપત્તાના પાનાથી પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા મળી આવ્યા હતા. જેથી પોલીસે જુગાર રમતા આરોપી (૧)તેજસભાઈ અરવિંદભાઈ ખિમચંદભાઈ દોશી ઉવ.૪૫ રહે. હવેલી શેરી ગ્રીન ચોક મોરબી, (૨)નીતેશભાઈ મનહરગીરી ગોસાઈ ઉવ.૪૮ રહે. મોરબી જેલ રોડ નારાયણ પાન સામે મોરબી, (૩)મધુસુદનભાઈ વીઠલદાસ કુબાવત ઉવ.૬૬ રહે. મોરબી નવાડેલા રોડ ખાખીની જગ્યામાં, (૪)મધુસુદન છોટાલાલ ઠાકર ઉવ.૬૩ રહે. મોરબી જેલ રોડ રાજબાઈ માતાના મંદિર પાસે, (૫)નિલેષભાઈ નાગરદાસભાઈ જોબનપુત્રા ઉવ.૬૨ રહે. મોરબી જી.આઈ.ડી.સી. સામે અરીહંત સોસાયટી તથા (૬)પ્રદીપભાઈ શાંતીલાલ રાચ્છ ઉવ.૬૩ રહે. મોરબી કાયાજી પ્લોટ શેરી નં.૨ વાળાની રોકડા રૂ.૪૩,૧૦૦/- સાથે અટકાયત કરી હતી.

મોરબી તાલુકા આધારે ગોળ ખીજડીયા ગામે જુગાર રમતા રોહિતભાઈ કાંતીભાઈ સરવૈયા, રફીકભાઈ નુરમામદભાઈ જામ, ગોપાલભાઈ મોમભાઈ બાબુથર, મહેશભાઈ સામંતભાઈ વિંઝવાડીયા, ભરતભાઈ બાબુભાઈ ચાવડા રહે.નગરદરવાજા બી એ મામુજીવાળી શેરી મોરબી, પનીવેલ કૃપાસ્વામી આદિદ્રવીડન સતીષભાઈ ઉર્ફે સતાભાઈ બેચરભાઈ રાવા સંજયભાઈ ચંદુભાઈ પરેસા તથા ગોપાલભાઈ લખાભાઈ જાદવ વાળાને ઝડપી લીધા હતા. આ સાથે પોલીસે રૂ.૧,૩૪,૨૦૦/-ની રોકડ કબજે કરી તમામ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# ખારાઘોડામાં યુવાનને જાનથી મારી નાખવાની ધમકી

## ત્રણ શખ્સોએ નજીવી બાબતે મારમારી ધમકી આપી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકા ગ્રામ્ય વિસ્તારમાં નજીવી બાબતમાં યુવાનને માર મારીને જાનથી મારવાની ધમકી આપતા ભોગ બનનાર યુવાને પોલીસ મથકે આ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રો પાસે થી મળતી માહિતી મુજબ ખારાઘોડામાં રહેતા ૩૦ વર્ષીય રામસીંગભાઈ ઝીંઝુવાડીયાને ગામમાં શકિત માતાજીના મંદિરે માંડવાનો પ્રસંગ હોઈ પ્રસાદી બાબતે તેમના ભાઈ મુકેશભાઈ અને રાજુ રૂપાભાઈ કણસાગરા સાથે ઝપાઝપી થઈ હતી. જે અંગે ગત તા.૧૧ ઓગસ્ટના રોજ રામસીંગભાઈ સમજાવવા જતા રાજુ, નવઘણ રાજુભાઈ અને સંજય રાજુભાઈએ રામસીંગભાઈને એકસંપ થઈ માર માર્યો હતો. જયારે બીજે દિવસે પણ નવઘણ અને સંજયે અપશબ્દો કહી રામસીંગભાઈને ઢીકાપાટુનો માર માર્યો હતો અને તેમના વિરૂધ્ધ ફરિયાદ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે બનાવ અંગે પાટડી પોલીસ મથકે ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરેન્દ્રનગર: જુગાર સંચાલક ક્રિપાલસિંહ ઝાલા આઠ જિલ્લામાંથી હદપાર

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર શહેરના દાળમિલ રોડ વિસ્તારમાં રહેતા શખ્સ ક્રિપાલસિંહ રણજીતસિંહ ઝાલા, ઉંમર વર્ષ ૩૧ વાળો જુગારની અસામાજીક પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય અને તેના વિરુદ્ધ જુગાર અંગેના ૦૯ કેસો સાબિત થતા એ-ડિવિઝન પોલીસે હદપાર અંગેની દરખાસ્ત તૈયાર કરી વઢવાણ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટને મોકલતા તે દરખાસ્ત મંજૂર કરતા હદપારના વોરંટની બજવણી કરી સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, ભાવનગર, મહેસાણા, પાટણ, બોટાદ અને અમદાવાદ શહેર તેમજ જીલ્લાની હદમાંથી બે વર્ષ માટે હદપાર કરી અમરેલી જીલ્લામાં મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી : મકાનમાંથી વિદેશી દારૂની ૭૫ બોટલ ઝડપાઈ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પૂર્વ બાતમીને આધારે શનાળા રોડ સ્થિત હાઉસિંગ બોર્ડના રહેણાંક મકાનમાં રેઈડ કરી વિદેશી દારૂની અલગ અલગ ક્ષમતાની કુલ ૭૫ બોટલ ઝડપી લીધી હતી.

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મળેલ બાતમીને આધારે શનાળા રોડ સ્થિત ગુજરાત હાઉસિંગ બોર્ડના એમ-૫૧ બ્લોક નં.૨૮૭માં રહેતા વાસુભાઈ ભરતભાઈ લખતરીયાના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની કુલ ૩૭૫મીલી. અને ૧૮૦મીલી.ની કુલ ૭૫ બોટલ કિ.રૂ.૧૭,૬૦૦/- કબજે કરી હતી. દરોડા સમયે આરોપી વાસુભાઈ ભરતભાઈ લખતરીયા હાજર મળી આવ્યો ન હોવાથી તેને ફરાર જાહેર કરી તેની વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કેશોદમાં ગૃહ કલેશનો કરૂણ અંજામ: પત્નીની હત્યા કરી પતિનો આપઘાત

## કાયમી કંકાશથી કંટાળી પરિણીતાનું ગળુ દબાવી મોતને ઘાટ ઉતારી યુવાને ટ્રેન હેઠળ પડતુ મુકી જીવન ટુંકાવ્યું

**અબતક, જય વિરાણી, કેશોદ**

કેશોદમાં ઘરકંકાસનો કરુણ અંજામ સામે આવ્યો છે. કેશોદના સુમનનગર વિસ્તારમાં રહેતા ગિરીશ બાલસે પોતાની પત્ની વિપુલાબેન ઉર્ફે વિજયાબેન બાલસની ગળું દબાવી હત્યા કર્યા બાદ કેશોદ નજીક રેલવે ટ્રેક પર ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.



મળતી માહિતી મુજબ, ગિરીશ બાલસ અને વિપુલાબેનના ચાર વર્ષ પહેલાં પ્રેમલગ્ન થયા હતા. લગ્નજીવન દરમિયાન છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે ઘરકંકાસ ચાલી રહ્યો હોવાનું સામે આવ્યું છે. બંને વચ્ચે મનદુ:ખ થતાં વિપુલાબેન થોડા સમય માટે પોતાના માવતરે રિસામણે ગયા હતા. ત્યારબાદ ગિરીશ બાલસ તેમને મનાવીને પરત કેશોદ લાવ્યો હતો અને બંને અલગ રહેતા હતા.

પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, બંને વચ્ચે ના ઘરકંકાસના પગલે પતિ-પત્ની વચ્ચે અવારનવાર તકરાર થતી હતી. ઘટનાના દિવસે ગિરીશ બાલસે પોતાના ઘરે જ પત્ની વિપુલાબેનનું ગળું દબાવી હત્યા કરી હતી. ત્યારબાદ મોબાઈલ ફોનમાં એક વીડિયો બનાવ્યો હતો અને તેમાં સમગ્ર ઘટનાની જવાબદારી પોતે સ્વીકારી હતી. વીડિયોમાં ગિરીશ બાલસે વધુમાં જણાવ્યું હતું કે, પત્નીની હત્યા કરવાનો તેનો કોઈ પૂર્વ ઈરાદો નહોતો અને પત્નીના મૃત્યુની સંપૂર્ણ જવાબદારી પોતે સ્વીકારી રહ્યો છે. તેણે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિનો હાથ નથી તેમજ કોઈ વ્યક્તિએ તેને ઉશ્કેર્યો નથી.

પત્નીની હત્યા કર્યા બાદ ગિરીશ બાલસ કેશોદ નજીકના રેલવે ટ્રેક પર પહોંચ્યો હતો. ટ્રેન આવી રહી હતી તે દરમિયાન તેણે ટ્રેન નીચે ઝંપલાવી આપઘાત કરી લીધો હતો. રેલવે પોલીસ દ્વારા મૃતકની ઓળખ કરવામાં આવ્યા બાદ તેના મોબાઈલ ફોનની તપાસ દરમિયાન પત્નીની હત્યા અંગેનો વીડિયો સામે આવ્યો હતો.

ઘટનાની જાણ થતાં જૂનાગઢના ડીવાયએસપી હિતેશ ધાંધલ્યા, કેશોદ પોલીસ સ્ટેશનના પી.આઈ. સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે. મૃતક ગિરીશ બાલસનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવ્યો છે અને વીડિયોને તપાસનો મહત્વપૂર્ણ ભાગ બનાવવામાં આવ્યો છે.

પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પતિ-પત્ની વચ્ચેના ઘરકંકાસનું ચોક્કસ કારણ શું હતું, અગાઉ કોઈ ફરિયાદ કે કાયદેસરની કાર્યવાહી થઈ હતી કે નહીં તેમજ ઘટનાના અન્ય કોઈ પાસાં છે કે નહીં તે અંગે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

### મૃતકનો અંતિમ વીડિયો: પત્નીના ત્રાસથી કંટાળી પગલુ ભર્યુ

મૃતક ગિરીશ બાલસે પોતાના અંતિમ વીડિયોની શરૂઆતમાં જણાવ્યું હતું કે, હું ગિરીશ બાલસ છું. મેં મારી ઘરવાળીને મારી નાખી છે. મેં તેનું ગળું દબાવીને હત્યા કરી છે.

વીડિયોમાં તેણે જણાવ્યું હતું કે, છેલ્લા છ મહિનાથી પત્ની સાથે ઘરકંકાસ ચાલી રહ્યો હતો અને આ સમયગાળા દરમિયાન તે માનસિક રીતે ખૂબ પરેશાન હતો. તેણે કહ્યું હતું કે, પત્નીને માવતરમાંથી પરત લાવ્યા બાદ બંને કેશોદમાં અલગ રહેતા હતા,

ગિરીશ બાલસે વીડિયોમાં પત્ની તરફથી પોતાને માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનો દાવો કર્યો હતો. તેણે જણાવ્યું હતું કે, પત્ની તેને હેરાન કરવાની વાત કરતી હતી અને પોલીસ ફરિયાદ કરવાની ધમકી આપતી હતી.

વીડિયોમાં તેણે અગાઉ પોલીસ સ્ટેશનમાં થયેલી રજૂઆતનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેના જણાવ્યા મુજબ, પત્ની દ્વારા ફરિયાદ કરવાની અને પરિવારના સભ્યોને કાયદાકીય કાર્યવાહી હેઠળ ફસાવવાની ધમકી આપવામાં આવતી હતી.

ગિરીશ બાલસે વીડિયોમાં જણાવ્યું હતું કે, મારે એને મારવાનો કોઈ ઈરાદો નહોતો. મારે એને મારવાનો કોઈ હક પણ નથી. પરંતુ પરિસ્થિતિથી કંટાળીને મેં આ નિર્ણય લીધો છે. સરકારને મહિલાઓ અને પુરુષોને લગતા કાયદાઓ અંગે વિચારણા કરવા તથા કાયદામાં જરૂરી ફેરફાર કરવાની રજૂઆત કરી હતી.

# રાજકોટ ગ્રામ્યમાં સર્વત્ર જુગારધામ ધમધમ્યાં: ૧૧ દરોડામાં ૬૨ શકુનીઓ ઝડપાયા: પાંચ ફરાર

## શાપર, ગોંડલ, લોધિકા, કોટડાસાંગાણી, જેતપુર, સુલતાનપુર, ભાયાવદર અને વિંછીયામાં પોલીસ ત્રાટકી: રૂ. ૫.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં સર્વત્ર શ્રાવણીયા જુગારધામ ધમધમ્યા હોય તેમ પોલીસે એક જ દિવસમાં ૧૧ દરોડા પાડી ૬૨ ખેલીઓની રૂ. ૫.૨૩ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી હતી. જયારે ફરાર થઇ ગયેલા પાંચ જુગારીઓની શોધખોળ આદરી હતી.

**ભાયાવદરના અરણી ગામે વાડા પાસે જુગાર રમતા ચાર શખસો ઝડપાયા**

ભાયાવદર પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ એ.બી.જાડેજાના માર્ગદર્શન હેઠળ એ એસ આઈ શક્તિસિંહ જાડેજાની રાહબરી હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય દરમ્યાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, અરણી ગામે પ્લોટ વિસ્તારમાં નારણ કાંધાભાઈ ખાંભલાના માલ ઢોર બાંધવાના વાડા પાસે અમુક શખસો જુગાર રમી રહ્યા છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડતા જુગાર રમતા નારણ કાંધાભાઈ ખાંભલા, આમદ ઉર્ફે કવો કાસમભાઈ નોઈડા(રહે ખીરસરા ગામ), પંકજ ગાગજીભાઈ સખીયા, ઉમેશ અમરશીગભાઈ લખતરિયા(બંને રહે અરણી ગામ)ને રોકડ, મોબાઈલ, મોટરસાયકલ સહિત રૂ.૧,૫૭,૪૭૦નો મુદ્દામાલ સાથે પકડી જુગારધારા કલમ હેઠળ ગુનો નોધી કાર્યવાહી કરી હતી.આ કામગીરીમાં એ.એસ.આઈ અરૂણભાઈ ખટાણા, પોલીસ હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ ભરવાડ, પોલીસ કોન્સ્ટેબલ નરેન્દ્રભાઈ બાબરીયા, સત્યપાલસિંહ જાડેજા, અજયભાઈ સોરઠીયા સાથે રહ્યા હતા.

**અમરાપર ગામની સીમમાં પોલીસ ત્રાટકી**

જુગારના પ્રથમ દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર જેતપુર તાલુકા પોલીસની ટીમ જેતપુરના અમરાપર ગામની સીમમાં મનસુખભાઈ રણછોડભાઈ કયાડાના ખેતરના સેઢા પાસે જાહેરમાં જુગાર રમતા ભીખુ મગનભાઈ કુવારદા, દલસુખ નારણભાઈ ઉંધાડ, રવજી ભીખાભાઈ પરમાર, ભરત હરસુખભાઈ મકવાણા, શામજી કાળુભાઈ કુવારદા, ધીરુ નાગજીભાઈ જોટાણીયા અને રોહિત મધુભાઈ પીલુકિયાની ધરપકડ કરી જુગારના પટમાંથી ૧૨,૧૩૦ ની રોકડ કબજે કરી હતી.

**દેરડીધાર આવાસ યોજના કવાર્ટર નજીક સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગટુ ખેલતા નવ પકડાયા**

બીજા દરોડામાં જેતપુર ઉદ્યોગનગર પોલીસની ટીમે દેરડીધાર આવાસ યોજના કવાર્ટર નજીક સ્ટ્રીટ લાઈટના અજવાળે પત્તા ટીચતા ભાવિક કિશોરભાઈ પરમાર, અયાજ હાજીભાઈ ઠાસરીયા, નઈમ અશરફભાઈ મારફતિયા, વસીમ યુનુસભાઈ ગાંધી, એજાજ અમીનભાઈ લાખાણી, વત્સલ સંજયભાઈ સુચર, આયુષ નીતિનભાઈ ગોસાઈ, તુફેલ મુસાભાઈ ખેડારા અને અફઝલ રફિકભાઈ શાહમદારની ધરપકડ કરી જુગારના



પટમાંથી ૧૧, ૫૦૦ ની રોકડ જપ્ત કરી હતી.

**સડક પીપળીયા અને સાંગણવા ગામે જુગારના દરોડા**

જુગારના અન્ય દરોડાની જાણવા મળતી વિગતો મુજબ, ગોંડલ તાલુકા પોલીસ મથકના સ્ટાફે સડક પીપળીયા ગામે લીયોન સ્ટીલ કંપની પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શખસોને ઝડપી લીધા હતા જેમાં વિરેન્દ્ર રાજભર, ધર્મેન્દ્ર ભારતી, સુનીલ રાજભર, બિરજુ બીંદ, અશ્વિન ભીલનો સમાવેશ થાય છે પોલીસ પટમાંથી રોકડ રૂપિયા ૪,૦૬૦ કબજે કર્યા હતા. જ્યારે લોધિકા પોલીસ મથકના સાથે સાંગણવા ગામ છેવાડાની શેરીમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા છ શખસોને ઝડપી લીધા હતા. જેમાં મનોજ દાફડા, કિશોર બગડા, જયદીપ રાખૈયા, કાનજી મકવાણા, ખોડા ખીમસુરીયા અને રવિ રાખૈયાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રકમ અને મોબાઈલ સહિત રૂપિયા ૧.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**કોટડાસાંગાણીના વાદીપરા અને વિંછીયાના સમઢીયાળા ગામે જુગારની બાજી પોલીસે બગાડી**

કોટડા સાંગાણી પોલીસ મથકના સ્ટાફે વાદીપરા ગામે માયાણીના મઢની બાજુમાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખસોને ઝડપી લીધા હતા જેમાં પ્રકાશ મકવાણા, પરબત માયાણી, મુકેશ વાઘેલા, વિપુલ માયાણી, મનસુખ બારૈયાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રકમ અને મોબાઈલ સહિત ૩૦,૩૨૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. વીંછિયા પોલીસ મથકના સ્ટાફે સમઢીયાળા ગામની સીમમાં વાડીની બાજુમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. પોલીસ અહીં પહોંચતા નાસભાગ મચી જવા પામી હતી પોલીસે અહીં જુગાર રમતા અલ્પેશ જાદવભાઈ મીઠાપરાની ઝડપી લીધો હતો. જ્યારે પાંચ શખસો નાસી ગયા હતા જેમાં દિનેશ નડાળા, ગભરું નડાળા, બુધા મીઠાપરા, શૈલેષ મીઠાપરા, પ્રેમજી ગોહિલનો સમાવેશ થાય છે પોલીસે પટમાંથી રોકડ રકમ બે વાહન સહિત ૩૫,૪૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**શાપરમાં બુધવારની રજા દરમિયાન જુગાર રમતા શ્રમીકો પકડાયા**

શાપર વેરાવળ પોલીસ મથકના સ્ટાફે ગંગા ફોરજ ગેટ અંદર તળાવ પાછળ આવેલા ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા છ શખ્સોની ઝડપી લીધા હતા જેમાં કાસીમ બિહના, અભિષેક અહેરવાલ, ધર્મેન્દ્ર લોધી, સંતોષકુમાર પ્રસાદ, રામશંકર લોધી અને અરુણ જાદવનો સમાવેશ થાય છે પોલીસે પટમાંથી રોકડ રકમ અને મોબાઈલ સહિત ૪૬,૪૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**જેતપુરમાં પીએચસી સેન્ટર નજીક પતા ટીંચતા ચારની ધરપકડ**

જેતપુર તાલુકા પોલીસ મથકના સ્ટાફે અમરનગર ગામે પ્રાઈમરી હેલ્થ સેન્ટર પાસે શેરીમાં જુગાર રમતા ચાર શખ્સોને ઝડપી લીધા હતા. જેમાં ધર્મેશ આલાણી, રવજી સાવલિયા, સાગર વાઘમસિંહ અને પાર્થ ખુટનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૨,૦૫૦ કબજે કર્યા હતા. જ્યારે જેતપુર સીટી પોલીસ મથકના સ્ટાફે દેસાઈવાડી શેરી નંબર ૫ માં રહેતા રવજી ઉર્ફે ચીનો મોતીભાઈ સોલંકીના મકાનમાં દરોડો પાડી અહીં જુગાર રમતા રવજી ઉપરાંત દિનેશ રાવલ, વિજય ચાવડા, અશ્વિન સાવલિયા, સંજય સુબા અને વિપુલ ભૂત સહિત છ શખસોને ઝડપી લઈ રૂ.૨૩,૯૪૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

**વાસાવડ ગામેથી નવ શકુનીઓની ધરપકડ**

સુલતાનપુર પોલીસ મથકના સાથે વાસાવડ ગામેથી ખાટવાડા શેરી પાસે જાહેરમાં જુગાર રમતા નવ શખસોને ઝડપી લીધા હતા જેમાં વિજય મૂળિયા લાલજી ભાખોત્રા, ચેતન પરમાર, ગોપાલ સરવૈયા, અરવિંદ સરવૈયા, ભરત સરવૈયા, ગોપાલ ભાખોત્રા અને કિશન બાવળિયાનો સમાવેશ થાય છે. પોલીસે પટમાંથી રોકડ રૂપિયા ૫૫,૩૫૦ તથા આઠ મોબાઈલ સહિત રૂપિયા ૯૫,૩૫૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# પડધરીના નાનાવડા ગામની સીમમાંથી ગેરકાયદે મોરમનું ખનન ઝડપાયું

## રાજકોટ રૂરલ એસઓજી ટીમનો દરોડો: જેસીબી, ટ્રેકટર અને મોરમ મળી રૂ. ૩૪.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના નાનાવડાની સીમમાં આવેલા ચેકડેમ નજીક સોફ્ટ મોરમનું ગેરકાયદે ખનન અને વહનનો રૂરલ એસઓજી ટીમે દરોડો પાડી પર્દાફાશ કર્યો છે. પોલીસે અહીંથી સોફ્ટ મોરમ સહિત કુલ રૂ.૩૪.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.



રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરની સૂચના અને માર્ગદર્શન હેઠળ એસઓજીના પીઆઈ એફ.એ. પારગીની રાહબરીમાં પીએસઆઈ પી.બી. મિશ્રા સ્ટાફ સાથે પડધરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન હે.કો. નૈમિષભાઈ મહેતાને બાતમી મળી હતી કે, નાનાવડાની સીમમાં ચેકડેમ પાસે ગેરકાયદે મોરમનું ખનન તથા વહન થઈ રહ્યું છે. બાતમીના આધારે દરોડો પાડતાં ઉમેશભાઈ ભરવાભાઈ પાભાંર જાતે પટેલ, રહે. સહજાનંદ પાર્ક, મવડી, રાજકોટ, ગેરકાયદે ખનન-વહન કરતા મળી આવ્યો હતો.

દરોડા દરમિયાન રૂ.૩૦ લાખનુ જેસીબી (જીજે-૦૩-એટી-૯૨૩૮), રૂ.૩.૫૦ લાખનું મોરમ ભરેલું ટ્રેક્ટર (જીજે-૦૩-કે-૯૮૫૬) તથા આશરે ૨૦૦ મેટ્રિક ટન સોફ્ટ મોરમ, કિંમત રૂ.૧ લાખ, મળી કુલ રૂ.૩૪.૫૦ લાખનો મુદામાલ કબજે કરાયો હતો. મુદામાલ અંગે ખાણ-ખનીજ વિભાગને દંડાત્મક કાર્યવાહી માટે રિપોર્ટ કરી સોંપવામાં આવ્યો છે.

આ કામગીરીમાં પીઆઈ એફ.એ. પારગી, પીએસઆઈ જી.જે. ઝાલા, પીએસઆઈ પી.બી. મિશ્રા તથા અ.હે.કો. નૈમિષભાઈ મહેતાનો સ્ટાફ જોડાયો હતો.

### બેફામ દોડતી બસે વધુ એક શ્રમિકના ફૂલ જેવા બાળકનો લીધો ભોગ

# શાપર: ભૂમિ ઈન્ડસ્ટ્રીઝમાં સ્કૂલ બસની ટક્કરે ૩ વર્ષના મહેન્દ્રનું મોત

## સાંજે ઘર પાસે રમતા હતો ત્યારે જ્ઞાનદીપ વિદ્યાલયની બસે અડફેટ લેતા સર્જાયો અકસ્માત: પોલીસે ગુનો નોંધ્યો

**અબતક રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ શાપર વેરાવળમાં ભૂમિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા ૨ શ્રમિક પરિવારનું ૩ વર્ષીય માસુમ બાળક રમત રમતી વેળાએ જ્ઞાનદીપ વિદ્યાલયની બેદરકારી પૂર્વક આવેલ સ્કૂલ બસ ટક્કર મારતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ચાલુ સારવાર દરમિયાન તબીબે મૃત જાહેર કરતા ઘટના સ્થળે શાપર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે મળતી માહિતી મુજબ શાપર વેરાવળમાં અકસ્માતના બનાવો દિવસે અને દિવસે ચિંતાજનક રીતે વધુ રહ્યા છે ત્યારે ભૂમિ ઈન્ડસ્ટ્રીઝ ૨ રહેતા શ્રમિક પરિવારના મહેન્દ્ર માનસિંહભાઈ જાટવ ઉંમર વર્ષ ૩ વર્ષીય બાળક સાંજે ૬ વાગ્યા આસપાસ ઘર પાસે રમી રહ્યો હતો ત્યારે બેફામ ચાલતી જ્ઞાનદીપ વિદ્યાલયની જી જે ૦૩ બી ઝેડ ૪૦૩૭ નંબરની સ્કૂલ બસના ચાલક દ્વારા બાળકને હડફેટે લેતા માથામાં ગંભીર ઈજા થતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટુંકી સારવારમાં દરમિયાન તેમનુ મોત નીપજતા શાપર વેરાવળ પોલીસ મથકનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે માસુમ મૃતક બે ભાઈ માં નાનો અને ૧ બેનનો લાડકવાયો છીનવાઈ જતા પરિવારમાં શોક છવાયો હતો આ અંગે શાપર વેરાવળ પોલીસ બસ ચાલક વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે

### બે ભાઈમાં નાના અને ૧બેનનો લાડકવાયો છીનવાઈ જતા પરિવારમાં આક્રંદ છવાયો

# ગોંડલના મોવિયા ગામની સીમમાં ધોળા દિવસે ચોરી કરનાર ઘાટવડિયા ગેંગ ઝબ્બે

## ખેત મજૂરી કરતા શ્રમિકના મકાનમાંથી ચાંદી અને રોકડ મળી રૂ. ૭.૯૫ લાખની ચોરીને અંજામ આપ્યો'તો: રૂરલ એલસીબી ટીમે મહિલા સહિતની ત્રિપુટીને દબોચી રૂ. ૮.૧૭ લાખનો મુદ્દામાલ રિકવર કર્યો

**અબતક, રાજકોટ**

ગોંડલના મોવિયા ગામની સીમમાં વાડીએ ત્રાટકી પરપ્રાંતીય શ્રમિકના મકાનમાંથી ચાંદી અને રોકડ મળી કુલ રૂ.૭.૯૫ લાખની મતાની ચોરી કરી લેવાઈ હતી. જે ચોરીને અંજામ આપનાર ઘાટવડિયા ગેંગની ત્રિપુટીને રૂરલ એલસીબી ટીમે ઝડપી રૂ. ૮.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. ગેંગના સૂત્રધારના નાના ભાઈના લગ્ન હોવાથી ચોરીને અંજામ આપ્યાની અને પ્રસંગમાં રૂ. ૨.૮૦ લાખ વાપરી નાખ્યાની તસ્કર ટોળકીએ કબૂલાત આપી હતી.





બનાવ અંગે ગોંડલના મોવીયા ગામના ખેડૂત સુરેશભાઈ હિરપરાની મોવીયા-કંટોલીયા રોડ પર આવેલ વાડીએ રહેતાં ફરીયાદી નનેશભાઈ અબલાભાઈ માવી રહે. મુળ-બડા ખુટાજા, અલીરાજપુર) એ ગઈ તા.૧૪ ના ગોંડલ તાલુકા પોલીસ મથકે નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યુ હતું કે, વાડીના રહેણાક મકાનના તાડા તોડી દિવસ દરમ્યાન કોઈ અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી મકાનમાં રાખેલ ઘઉંની કોઠીને મારેલ તાળાના મીજાગરા તોડી ચાંદીના દાગીના તથા રોકડા રૂપીયા મળી કુલ કિ.રૂ.૭.૯૫ લાખનો મુદ્દામાલની ચોરી કરી લઈ જતા ફરિયાદ નોંધાવી હતી.

જે ગુનાની ગંભીરતા પારખી એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા મીલક્ત વિરૂધ્ધના અનડીટેક્ટ ગુન્હા શોધી કાઢવાની આપેલ સુચનાથી એલસીબી પીઆઈ જે.પી.રાવની રાહબરીમાં અલગ અલગ ટીમોએ બનાવ સ્થળની આજુ-બાજુના તેમજ આરોપીઓના રૂટ અંગેના સીસીટીવી ફુટેજ ચેક કરી બનાવ બાબતે ખાનગી બાતમીદારો મારફતે હકિકત મેળવવા તજવીજ કરવામાં આવેલ હતાં. તેમજ અગાઉ આવા બનાવમાં સંડોવાયેલ આરોપીઓ બાબતે માહીતી એકત્રીત કરવામાં આવેલ જે દરમ્યાન આવી દિવસ દરમ્યાનની ચોરીના બનાવમાં ઘાટવડીયા ગેંગ સક્રીય હોવાની માહીતીના આધારે તેમજ બનાવવાળી જગ્યાની નજીકના સીસીટીવી ફુટેજમાં ત્રણ પુરૂષ તથા એક સ્ત્રી એમ ચાર શંકાસ્પદ શખ્સો હોવાનું સામે આવ્યું હતું.

જે બાદ તપાસનો ધમધમાટ આદરતા ઘરફોડ ચોરીના બનાવમાં સંકળાયેલ ઘાંટવડીયા ગેંગના શખ્સો ગોંડલ ગુંદાળા ચોકડીથી આગળ ખુલ્લા પ્લોટમાં ઝુંપડામાં રહેતા હોવાની માહીતી મળતા જ એલસીબીની ટીમે તે જગ્યાએ તપાસ કરતા ચોરીને અંજામ આપ્યા બાદ શંકાસ્પદ શખ્સો ત્યાંથી જતા રહેલ હોય જે આરોપીઓની હ્યુમન સોર્સથી મળેલ માહીતીના આધારે ગોંડલ તાલુકાના ભુણાવા ગામના પાટીયા પાસેથી ચાંદિના દાગીના તથા રોકડ રકમ સાથે આરોપીઓને પકડી યુક્તી-પ્રયુક્તી થી પુછપરછ કરતા ઉપરોક્ત ઘરફોડ ચોરીના ગુન્હાની કબુલાત આપેલ હતી.

પકડાયેલ શખ્સોમાં તસ્કર લખન વિજય રાઠોડ (ઉ.વ.-૨૩, ચેતન વિજય રાઠોડ (ઉ.વ.૨૦) અને નિશા વિજય રાઠોડ (ઉ.વ.૨૨),( રહે.તમામ, ઘાંટવડ ગામ બસસ્ટેન્ડ પાસે, કોડીનાર) ને પકડી ચાંદીના વાઘ નંગ-૦૨, ચાંદીનો કમર પટ્ટો નંગ-૨, ચાંદીની સાંકળી માળા નંગ-૨, ચાંદીના બાવડામા પહેરવાના જેલા નંગ-૨, ચાંદીની બંગળી નંગ-૮, ચાંદીના ઘુઘરી સાંકળા જોડી -૧, ચાંદીના સાંકળા જોડી-૧, ચાંદીના કાંડાના મઠીયા નંગ-૨, ચાંદીના કડા નંગ-૨ મળી કુલ ૪ કિલો ૯૧૫ ગ્રામ ચાંદી રૂ.૭.૩૭ લાખ અને રોકડ રૂ.૮૦ હજાર મળી કુલ રૂ.૮.૧૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જ્યારે આ ગુનામાં સંડોવાયેલ રૂપસંગ રસીક રાઠોડ (રહે.ભુજ મુળ. રહે.ઘાંટવડ ગામ બસસ્ટેન્ડ પાસે) પોલીસ પકડમાં ન આવતાં તેની શોધખોળ યથાવત રખાઈ છે.

વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સોમાં લખન અને નિશા દંપતી છે, જ્યારે ચેતન લખનનો નાનો ભાઈ છે. ઘાટવડ ગેંગનો નાનો ભાઈ શંકર જે ઘાટવડ ગામે રહે છે તેના લગ્ન માટે પૈસાની જરૂરિયાત ઊભી થતા તેઓએ ચોરી અંજામ આપ્યો હતો. ચોરી કરી તેઓ પોતાના વતન ઘાંટવડ પહોંચ્યા હતા અને ગયા રવિવારે તેમના ભાઈના ધામધૂમથી લગ્ન કરી તેમાં રોકડ રૂપિયા ૨.૮૦ લાખ વાપરી નાખ્યાની પણ કબુલાત આપી હતી.

### ધોળા દિવસે જ ચોરીને અંજામ આપવાની ઘાટવડિયા ગેંગની મોડસ ઓપરેન્ડી

ગોંડલના મોવિયા ગામની સીમમાં વાડીના મકાનમાંથી રૂ. ૭.૯૫ લાખની મતા ચોરી જનાર ઘાટવડિયા ગેંગ સામાન્ય રીતે ધોળા દિવસે જ ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. તેમણે ચોરીને અંજામ આપ્યાના પખવાડિયા પૂર્વે જ ગુંદાળા ચોકડી પાસે ઝૂંપડુ બાંધી ત્યાં રહેવાનું શરૂ કર્યું હતું. દિવસ દરમ્યાન પગપાળા ચાલીને નીકળી પ્રથમ તેઓ વ્યવસ્થિત રેકી કરતા હતા અને બાદમાં પ્લાન ઘડી ગ્રામ્ય વિસ્તારમાં ધોળા દિવસે જ મકાનના તાળા તોડી ચોરીને અંજામ આપતાં હતા.

### નાના ભાઈના લગ્ન હોવાથી ચોરીને અંજામ આપ્યાની કબૂલાત: પ્રસંગમાં રૂ. ૨.૮૦ લાખ વાપરી નાખ્યાનું રટણ

## યુવાનો સાથે સીધો સંવાદ સાધવા સરકારનો માસ્ટર પ્લાન

# 'વન ડે, વન યુનિવર્સિટી' અભિયાન અંતર્ગત કેન્દ્રીય મંત્રીઓને દરરોજ એક કેમ્પસની મુલાકાત લેવા વડાપ્રધાનની તાકીદ

### ઈન્સ્ટાગ્રામ અને રીલ્સ દ્વારા જેન ઝી સાથે જોડાણ વધારવા વડાપ્રધાનની તમામ મંત્રીઓને સ્પષ્ટ સૂચના : કેન્દ્રીય મંત્રી ડો.મનસુખ માંડવિયા અને પ્રહલાદ જોશીને દેશવ્યાપી સંકલનની જવાબદારી સોંપાઈ

**અબતક, નવી દિલ્હી**

દેશની નવી પેઢી જેન ઝી અને યુવાનો સાથે સીધો સંપર્ક સ્થાપિત કરવા માટે કેન્દ્રની મોદી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. સરકાર એક વિશેષ પહેલ હેઠળ દરરોજ એક કેન્દ્રીય મંત્રીને દેશની નિયુક્ત યુનિવર્સિટીમાં મોકલવાની તૈયારી કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવ પર વિસ્તૃત ચર્ચા હાથ ધરાઈ હતી.

**મંત્રીઓના સોશિયલ મીડિયા પર્ફોર્મન્સની સમીક્ષા**

તાજેતરમાં નીટ પરીક્ષા સંબંધિત વિવાદો અને શિક્ષણ ક્ષેત્રના વિરોધ પ્રદર્શનો બાદ સરકારે યુવા વર્ગ સુધી પહોંચવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. કેબિનેટ બેઠકમાં તમામ મંત્રીઓના સોશિયલ મીડિયા પર્ફોર્મન્સ અને પહોંચની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં પીએમ મોદી સૌથી આગળ રહ્યા હતા. વડાપ્રધાને તમામ સાથી મંત્રીઓને ઈન્સ્ટાગ્રામ, રીલ્સ અને અન્ય ડિજિટલ ફોર્મેટ્સ દ્વારા યુવાનો સાથે મજબૂત કનેક્ટ બનાવવા સૂચન કર્યું છે.

પીએમ મોદીએ સ્વતંત્રતા દિવસના સંબોધનમાં પણ યુવાનો માટે ફ્રી ઓનલાઈન કોચિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્કિલિંગ, સ્પોર્ટ્સ ટેલેન્ટ હન્ટ તેમજ મેન્યુફેક્ચરિંગ, સ્પેસ, ન્યૂકિલયર એનર્જી અને સેમિકન્ડક્ટર જેવા ઉભરતા ક્ષેત્રોમાં નવી તકો ઊભી કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

### શું છે 'વન ડે, વન યુનિવર્સિટી' અભિયાન?

આ કાર્યક્રમ હેઠળ કેન્દ્રીય મંત્રીઓ સીધા કોલેજ-યુનિવર્સિટી કેમ્પસ પહોંચશે અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધીને તેમના પ્રશ્નો, ચિંતાઓ અને વિચારો જાણશે.મંત્રીઓ વિદ્યાર્થીઓ સમક્ષ કેન્દ્ર સરકાર દ્વારા યુવા કલ્યાણ માટે ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓની માહિતી રજૂ કરશે.આ દેશવ્યાપી મુલાકાતોનું સુચારુ સંકલન કરવા માટે શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી અને યુવા બાબતો તથા રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને જવાબદારી સોંપવામાં આવી છે.

# જામનગરમાં ધન્વંતરિ ગ્રાઉન્ડ સામે મકાનમાં આગ ભભૂકતા દોડધામ

### રેફ્રિજરેટરના વાયરિંગમાં શોર્ટ સર્કિટથી આગ લાગી; ફાયરબ્રિગેડે આગને કાબૂમાં લીધી

**અબતક, જામનગર**

જામનગરના ધનવન્તરી ગ્રાઉન્ડ સામે આવેલા બ્રેકફાસ્ટ રેસ્ટોરન્ટના પાછળના ભાગમાં આવેલા એક મકાનમાં મંગળવારે સાંજે રેફ્રિજરેટરના વાયરિંગમાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ ભભૂકી ઉઠતાં આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

આ બનાવ અંગે સાંજે આશરે સાડા સાત વાગ્યાના અરસામાં જામનગર મહાનગરપાલિકાની ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયર ઓફિસર ઉમેશ ગામેતી ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. મકાનના પાછળના ભાગમાં રેફ્રિજરેટરના વાયરિંગમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી હતી અને જોતજોતામાં આગ પ્રસરી હતી.

ફાયરબ્રિગેડની ટીમે સમયસર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લઈ લીધી હતી. આગ આસપાસના મકાનોમાં પ્રસરે તે પહેલાં જ કાબૂમાં આવી જતાં મોટી દુર્ઘટના અને વધુ નુકસાન ટળી ગયું હતું. આગને પગલે આસપાસના લોકોમાં થોડીવાર માટે ભયનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક તપાસમાં રેફ્રિજરેટરના વાયરિંગમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું છે.

# જામનગરને અછતગ્રસ્ત જાહેર કરી રાહત પેકેજ આપો: ડો. રાજેન્દ્રસિંહ જાડેજા

### જિલ્લા ભાજપ ઉપપ્રમુખની મુખ્યમંત્રીને રજૂઆત; પાક નુકસાનીનું વળતર અને સૌની યોજનાનું પાણી છોડવાની માંગ

**અબતક સંજય ડાંગર ધ્રોલ**

જિલ્લામાં અપેક્ષા મુજબ વરસાદ ન થતાં ખેડૂતોના મગફળી અને કપાસના પાકને નુકસાન થયું હોવાની રજૂઆત સાથે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ડો. રાજેન્દ્રસિંહ જાડેજાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવ્યો છે.

રજૂઆતમાં જણાવ્યું છે કે વરસાદના અભાવે મગફળીના દાણા ફૂગાઈ ગયા છે અને ઉગેલા છોડ સુકાઈ ગયા છે. કપાસના નાના રોપા પણ પાણીના અભાવે સુકાઈ જતા ખેડૂતોને મોટું નુકસાન થયું છે. હવે ફરી વાવેતર કરવું પણ મુશ્કેલ બન્યું છે.

આથી જામનગર જિલ્લાને અસરગ્રસ્ત જાહેર કરી કૃષિ રાહત પેકેજ અને પાક નુકસાનીનું વળતર આપવામાં આવે તેમજ સૌની યોજના અંતર્ગત પાણી પહોંચતા વિસ્તારોમાં ખેડૂતો માટે તાત્કાલિક પાણી છોડવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

# ચોટીલા પીપરડી ગામે પતિએ ઠપકો આપતા નવોઢાનો ઝેરી દવા પી આપઘાત

### સાસુ સાથેની બોલાચાલીમાં પતિએ માતા સાથે યોગ્ય વર્તન કરવા ઠપકાનું માઠું લાગી આવતા જીવન ટુંકાવ્યું: ૬ માસના લગ્ન જીવનનો અંતઃ પરિવારમાં આભ ફાટ્યું તેવા દ્રશ્યો સર્જાયા

**અબતક, રાજકોટ**


ચોટીલા તાલુકાના પીપરાળી ગામે રહેતી નવોઢાને પતિએ ઢપકો આપતા માઠુ લાગી જતા ગઈકાલ બપોરે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે પ્રથમ ચોટીલા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સારવાર મળે તે પહેલા જ નવોઢાને તબીબે મૃત જાહેર કરતા ચોટીલા પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ ચોટીલાના પીપરાળી ગામે રહેતી રંજનબેન રણછોડભાઈ જાદવ ઉંમર વર્ષ ૧૮ વર્ષીય નવોઢાને પતિએ ઠપકો આપતા ગઈકાલ બપોરે ઝેરી દવા પી લેતા પ્રથમ ચોટીલા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં સારવાર મળે તે પહેલાં જ તબીબે નવોઢાને મૃત જાહેર કરતા ઘટના સ્થળે ચોટીલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે ૬ માસના પહેલા નવોઢાના લગ્ન થયા હતા અને સાસુએ પરિવારના મોટાબાપુના ખેતર કામ કરવા જવાનું કહેતા નવોઢાએ સાસુ સાથે બોલાચાલી થઈ હતી જેમાં પતિ દ્વારા નવોઢાને માતા સાથે યોગ્ય વર્તન કરવાનો ઠપકો આપતા ઝેરી દવા પી જીવન ટુંકાવ્યુ હોવાની પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે આ અંગે ચોટીલા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# વિવાહિત વિવાદમાં બાળકના ડીએનએ ટેસ્ટને મંજૂરી આપી શકાય: સુપ્રીમ કોર્ટ

### 'વાંધો શા માટે?': પત્નીની અરજી ફગાવી પુણે કોર્ટ અને બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો યથાવત રાખ્યો

**અબતક, નવી દિલ્હી**



લગ્ન દરમિયાન જન્મેલા બાળકને કાયદેસર માનવામાં આવતું હોવા છતાં, સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં જણાવ્યું છે કે વૈવાહિક વિવાદમાં બાળકના પિતૃત્વ પરીક્ષણ (ઉગઅ ટેસ્ટ)ની મંજૂરી આપી શકાય છે. આ આદેશ એવા કેસમાં આપવામાં આવ્યો છે જ્યાં પતિએ પત્નીના કથિત અનૈતિક આચરણના આધારે છૂટાછેડા માંગ્યા હોય અને દાવો કર્યો હોય કે તે બાળકના જૈવિક પિતા નથી.

જસ્ટિસ એમ. એમ. સુંદરેશ અને જસ્ટિસ પ્રસન્ન બી. વરાળેની બેન્ચે ડીએનએ ટેસ્ટનો વિરોધ કરતી મહિલાની અરજી ફગાવી દીધી હતી. મહિલાની દલીલ હતી કે કોઈ પણ પક્ષને ડીએનએ ટેસ્ટ કરાવવા માટે દબાણ કરી શકાય નહીં તે કાયદાનો સ્થાપિત નિયમ છે, તેથી પતિની છૂટાછેડાની અરજીનો નિર્ણય આ ટેસ્ટ વિના થવો જોઈએ. આ અંગે કોર્ટે ટિપ્પણી કરી હતી કે, ''જો તમે વફાદાર છો, તો આ ટેસ્ટ સામે તમને વાંધો કેમ હોવો જોઈએ?''

સુપ્રીમ કોર્ટે પુણે ફેમિલી કોર્ટ અને બોમ્બે હાઈકોર્ટના ચુકાદાને યથાવત રાખતા બાળકના ડીએનએ ટેસ્ટનો માર્ગ મોકળો કર્યો છે.પતિએ અગાઉ ખાનગી ધોરણે હૈદરાબાદની લેબોરેટરીમાંથી ડીએનએ ટેસ્ટ કરાવ્યો હતો, જે નેગેટિવ આવ્યો હતો (એટલે કે પિતા હોવાની સંભાવના શૂન્ય દર્શાવી હતી). આ રિપોર્ટના આધારે પતિએ છૂટાછેડા માટે અરજી કરી પુરાવા તરીકે કોર્ટ દ્વારા માન્ય ડીએનએ ટેસ્ટ કરાવવાની માંગણી કરી હતી.હાઈકોર્ટે પોતાના આદેશમાં નોંધ્યું હતું કે અનૈતિક આચરણના આક્ષેપોને સાબિત કરવા માટે ડીએનએ રિપોર્ટ સિવાય અન્ય કોઈ નિર્ણાયક પુરાવો મળવો મુશ્કેલ છે. પ્રાથમિક દ્રષ્ટિએ આ મામલે ડીએનએ પરીક્ષણ જરૂરી જણાતાં કોર્ટે આદેશને બહાલી આપી છે.

(પહેલા પાનાનું ચાલું)

**આરએસએસ...**

આરએસએસ ના સહયોગી સંગઠનોએ ધાર્મિક લઘુમતીઓ પર હુમલા કર્યા છે.મહેમૂદનું આ નિવેદન આરએસએસ પ્રમુખ મોહન ભાગવતના અમેરિકા પ્રવાસના થોડા દિવસો પહેલા આવ્યું છે.ભાગવત ૨૯ ઓગસ્ટે ન્યૂયોર્કમાં અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ દ્વારા આયોજિત 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન્સ'માં ભાગ લેવાના છે.

યુએસસીઆઈઆરએફ કમિશનર જીન મિલ્સે કહ્યું કે આરએસએસનેતાઓ ભલે ભારતીય સરકાર સાથે જોડાયેલા હોય, તેમ છતાં તેમને ઉચ્ચ સ્તરીય બેઠકો કે રાજદ્વારી સન્માનના હકદાર ન માનવા જોઈએ.મિલ્સે કહ્યું કે તેના બદલે અમેરિકી સરકારે ધાર્મિક આસ્થાની સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે જવાબદાર ઠરેલા આરએસએસ સભ્યો પર પ્રતિબંધ લગાવવા પર ધ્યાન આપવું જોઈએ.

મહમૂદે પોસ્ટમાં કહ્યું, ભારતના વડાપ્રધાન મોદી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સભ્ય છે. આરએસએસ એક ભારતીય સંગઠન છે, જેના સહયોગી સંગઠનોએ ધાર્મિક લઘુમતીઓ, જેમાં ખ્રિસ્તી અને મુસ્લિમનો સમાવેશ થાય છે, તેમના પર હુમલા કર્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સ કમિશન ઓન ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ એટલે કે અમેરિકાની એક સ્વતંત્ર સરકારી સંસ્થા છે. તેને અમેરિકી કોંગ્રેસે ૧૯૯૮ના ઈન્ટરનેશનલ રિલિજિયસ ફ્રીડમ એક્ટ હેઠળ બનાવ્યું હતું. આ સંસ્થા જુદા જુદા દેશોમાં ધાર્મિક સ્વતંત્રતા અને ધાર્મિક ઉત્પીડનની સ્થિતિનું નિરીક્ષણ કરે છે. પોતાના સંશોધન અને તપાસના આધારે વાર્ષિક અહેવાલ બહાર પાડે છે. અમેરિકી રાષ્ટ્રપતિ, વિદેશ મંત્રી અને કોંગ્રેસને નીતિગત ભલામણો આપે છે. અમેરિકી સરકારને પ્રતિબંધો, રાજદ્વારી દબાણ અથવા અન્ય પગલાં લેવાની ભલામણ કરી શકે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક મોહન ભાગવતની આગામી ન્યૂયોર્ક મુલાકાત પહેલાં અમેરિકામાં આરએસએસને લઈને ફરી એકવાર વિવાદ ઊભો થયો છે. અમેરિકી આંતરરાષ્ટ્રીય ધાર્મિક સ્વતંત્રતા આયોગ ના અધિકારીઓએ અમેરિકી સરકારને છજ્જસામે પ્રતિબંધ લગાવવાની માંગ કરી છે. સાથે જ અમેરિકી અધિકારીઓને આરએસએસ ના નેતાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક ન કરવા અને તેમને રાજદ્વારી સન્માન ન આપવાની અપીલ કરવામાં આવી છે.મોહન ભાગવત ૨૯ ઓગસ્ટે ન્યૂયોર્કમાં યોજાનારા 'યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન' કાર્યક્રમમાં ભાગ લેવાના છે. આ કાર્યક્રમનું આયોજન 'અમેરિકન હિન્દુઝ ફોર એન્ગેજમેન્ટ એન્ડ ડાયલોગ' (AHEAD) દ્વારા કરવામાં આવી રહ્યું છે. ભાગવતની મુલાકાત પહેલાં તરફથી આવેલી આ માંગને કારણે અમેરિકામાં આરએસએસ અંગેની ચર્ચા ફરી તેજ બની છે.USCIRFના અધ્યક્ષ આસિફ મહમૂદે આરએસએસને એક 'અંબ્રેલા ઓર્ગેનાઈઝેશન' તરીકે વર્ણવ્યું છે. તેમનો આરોપ છે કે આરએસએસ સાથે જોડાયેલા કેટલાક સંગઠનો પર મુસ્લિમ અને ખ્રિસ્તી સહિતના ધાર્મિક લઘુમતીઓ સામે હુમલાના આરોપો લાગ્યા છે. USCIRFના કમિશનર જિન મિલ્સે પણ અમેરિકી સરકારને આરએસએસ સાથે જોડાયેલા એવા વ્યક્તિઓ સામે પ્રતિબંધાત્મક કાર્યવાહી (Sanctions) કરવા અંગે વિચાર કરવા જણાવ્યું છે, જેઓ ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘન માટે જવાબદાર હોવાનું માનવામાં આવે છે.

**યુએસસીઆઈઆરએફ...**

પહેલાં સામે આવેલી USCIRFની નવી માંગને કારણે આગામી દિવસોમાં આરએસએસ અને અમેરિકી સરકાર વચ્ચેના સંબંધોને લઈને રાજકીય ચર્ચા વધુ ગરમાવાની શક્યતા છે.રિપોર્ટમાં આરએસએસ અને રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (આરએડબલ્યું) જેવી સંસ્થાઓ અને કેટલાક લોકો પર પ્રતિબંધ મૂકવાનું સમર્થન કરવામાં આવ્યું હતું. રિપોર્ટમાં તેમને ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનો માટે જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા. ભારતે USCIRFના રિપોર્ટને ફગાવી દીધો હતો. ભારતે કહ્યું હતું કે આ સંગઠન સતત દેશની ખરાબ છબી રજૂ કરે છે જે શંકાસ્પદ સ્ત્રોતો અને વૈચારિક કથાઓ પર આધારિત હોય છે.

**ખાંડ...**

હતો, જેને હવે ઘટાડીને ૧૫ દિવસનો કરી વધુ કડક બનાવવામાં આવ્યો છે.બજારના અહેવાલો મુજબ, ઓગસ્ટથી જાન્યુઆરી સુધી ઔદ્યોગિક વપરાશકારોની માંગ પ્રબળ રહેતી હોવાથી ખાંડ મિલો પર તેજીનું વલણ જોવા મળી રહ્યું છે. ઉત્તર પ્રદેશમાં એક્સ મિલ ધોરણે મીડિયમ ગ્રેડની ખાંડના ભાવ વધીને ક્વિન્ટલે ૫૪૦૦ અને હોલસેલ ધોરણે ભાવ ક્વિન્ટલે ૫૮૦૦ ની સપાટી સુધી પહોંચી ગયા છે. આ અહેવાલોને પગલે સ્થાનિક બજારોમાં પણ તેજીનો માહોલ છે અને ભાવ સતત ઊંચકાયા છે.

સ્થાનિક જથ્થાબંધ માર્કેટમાં આજે હાજરમાં ભાવ ક્વિન્ટલે ૧૧૦ થી ૧૪૦ અને નાકા ડિલિવરી ધોરણે ૫૦ થી ૧૧૦ વધી આવ્યા હતા. બજારના સાધનોના જણાવ્યા અનુસાર, સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે ૧૨૦ થી ૧૪૦ વધીને ૫૪૪૦ થી ૫૫૮૨ માં રહ્યા હતા. જ્યારે મીડિયમ ગ્રેડની ખાંડના ભાવ ૧૩૦ થી ૧૧૦ વધીને ૫૫૫૦ થી ૫૬૮૨ આસપાસ ગુણવત્તા અનુસાર રહ્યા હતા. ઔદ્યોગિક અને રિટેલ માંગને કારણે માર્કેટમાં હાલ મજબૂતી જોવા મળી રહી છે.

**રેસ્ટોરન્ટ કિચનમાં સીસીટીવી...**

હાઈજીન, રાંધેલા અને કાચા ખાદ્યપદાર્થોને અલગ રાખવા, સ્ટાફની વ્યક્તિગત સ્વચ્છતા, પેસ્ટ કંટ્રોલ, માન્ય કલર્સ-મસાલાનો ઉપયોગ અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થા ફરજિયાત રહેશે. વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરનાર એકમોના લાયસન્સ રદ કરી તેમને કાયમી ધોરણે સીલ કરવાની ચેતવણી પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

ચેકિંગ દરમિયાન ક્ષતિઓ મળતાં જાણીતા એકમો સીલ

આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરાયેલી સઘન તપાસ દરમિયાન ગંભીર ખામીઓ સામે આવતાં નીચે મુજબના એકમોને તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવ્યા હતા જેમાં મેડ ઓવર ગ્રીલ્સ (કાંકરિયા)માં લોટના સંગ્રહમાં જીવાત/પેસ્ટ મળી આવતાં સીલ કરાયું. સંતોષ ઘી ભંડાર (માધુપુરા)માં એગમાર્ક દેશી ઘીના નમૂનામાં વનસ્પતિ તેલની ભેળસેળ જણાતાં કાર્યવાહી કરી હતી રાજેશ દૂધ ઘર (કુબેરનગર)માં પનીરનો નમૂનો ગુણવત્તા પરીક્ષણમાં ફેલ થતાં પગલાં લેવાયાં. સબરુ ચાઈનીઝ મુગલાઈ એન્ડ તવા ફ્રાય (સરખેજ)માં ગંદકી અને પેસ્ટ કંટ્રોલ પ્રમાણપત્રના અભાવે બંધ કરાયું. શાળા-કોલેજની કેન્ટીનોમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા

એએમસી દ્વારા શહેરની ૮ જાણીતી શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની કેન્ટીનમાં પણ તપાસ હાથ ધરાઈ હતી. જેમાં સૈજપુર બોઘા સ્થિત મહાત્મા ગાંધી ફિઝિયોથેરાપી કોલેજ હોસ્ટેલની કેન્ટીનમાં ખોરાકમાં જીવાત, ગંદકી, કર્મચારીઓના મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટનો અભાવ અને માન્ય ફૂડ લાયસન્સ ન હોવાનું સામે આવતાં તેને તુરંત સીલ કરી દેવામાં આવી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**ગોહિલવાડ...**

વચ્ચે ગોહિલવાડમા ખુલ્લેઆમ વેચાયેલા કેમિકલયુક્ત ઝેરી નકલી દારૂના કારણે ૬ યુવકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે ૨૧ જેટલા લોકો ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. આ બનાવથી સમગ્ર રાજ્યમાં ચકચાર મચી ગઈ છે. ગૃહ વિભાગે સમગ્ર કેસની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલ ને સોંપી દીધી છે. મૃત્યુ આંક હજુ પણ વધે તેવી આશંકા સેવાઈ રહી છે. બુટલેગરોએ બ્રાન્ડેડ રોયલ સ્ટેગ દારૂની ખાલી બોટલો, ઢાંકણા અને સ્ટીકરો મેળવી તેમાં મિથેનોલ મિશ્રિત ઝેરી પ્રવાહી ભર્યું હતું. ઝેરી અસર પામેલા ૧૦ દર્દીઓના લોહી અને યુરિન સેમ્પલમાં ૩૮.૫૯% જેટલું ઘાતક મિથેનોલ મળી આવ્યું છે. સામાન્ય આલ્કોહોલમાં રહેતું ઈથેનોલ માત્ર ૦.૯૪% જ હતું.આ આખું રેકેટ આર્થિક લાભ મેળવવા માટે સિન્ડિકેટ રચીને ચલાવવામાં આવતું હતું. વરતેજના નવા પ્લોટ વિસ્તારની આંબલીવાળી શેરીમાં રહેતા બુટલેગર ગૌતમ સોલંકી અને રઈસ વચ્ચે ભાવનગરમાં દારૂ બનાવવાની ડીલ થઈ હતી. અમદાવાદના સરખેજ વિસ્તારમાંથી લિક્વિડ, ખાલી બોટલ, ઢાંકણા, સ્ટીકર અને મિથેનોલ મંગાવવામાં આવ્યા હતા. કેમિકલનું મિશ્રણ તૈયાર કરવા માટે ઉર્ફે નથી નરેન્દ્રસિંહ ઉર્ફે ડોક્ટર નામના વ્યક્તિને બોલાવ્યો હતો. કેમિકલ મિક્સ કરનાર નરેન્દ્રસિંહે પોતે પણ આ ઝેરી દારૂ પીધો હતો, જેના કારણે ૧૭ ઓગસ્ટે તેની તબિયત લથડી અને ૧૮ ઓગસ્ટે તેનું પણ મોત નીપજ્યું હતું.ટ્રાન્સપોર્ટમાં સામાન આવ્યા બાદ ગૌતમના ઘરે પ્રથમ તબક્કે ૫૧ પેટી દારૂ બનાવવામાં આવ્યો હતો. આ જથ્થો વિવિધ બુટલેગરો મારફતે ગામડાઓમાં સપ્લાય કરવામાં આવ્યો હતો. ઝેરી ઈંગ્લિશ દારૂ પીવાથી તબિયત લથડી હોય જેમાં ભાવનગર સર ટી. હોસ્પિટલમાં અસરગ્રસ્ત દર્દીઓ વધી રહ્યા છે, મુંબઈથી ફોમેપિઝોલના ૧૦ ઈન્જેકશન મંગાવવા વહીવટી પ્રક્રિયા શરૂ કરાઈ હોવાનું માહિતી આપતા જણાવ્યું હતું. અસરગ્રસ્તોની સંખ્યા વધી છે, જેને ધ્યાનમાં લઈ તબીબોની ૪ ટીમો રાઉન્ડ ધ ક્લોક સારવારમાં તહેનાત છે. વધુમાં અસરગ્રસ્તોની સારવાર માટે અમદાવાદ આઈ.કે.ડી.આર.સી. હોસ્પિટલમાંથી કિડની અને લીવરના સ્પેશિયાલિસ્ટ તબીબને બોલાવાયા છે.ડુપ્લીકેટ રોયલ સ્ટેગ દારૂ પીવાથી ૬ વ્યક્તિઓના મોત થયા છે. હાલ ૨૧ વ્યક્તિઓ સારવાર હેઠળ છે. જેમાંથી ૨ દર્દીઓની હાલત ગંભીર અને ૨ને વેન્ટિલેટર ૪ વ્યક્તિ આઈસીયુમાં દાખલ છે. અન્ય લોકો નોર્મલ સ્થિતિમાં સારવાર લઈ રહ્યાં છે. ભાવનગર રેન્જના વડા અન્સારી ભાવનગર જિલ્લા પોલીસ વાળા નિતેશ પાંડે અને ડીવાયએસપી તેમજ એલસીબી પી.આઈ મયુરધ્વજસિંહ સરવૈયા ,એસઓજી અને ગોહિલવાડ પંથકના તમામ પોલીસ સ્ટાફ દ્વારા દારૂ ના ધંધાર્થીઓ પર તૂટી પડ્યા છે.

**નકલી દારૂની તપાસ...**

આવી છે. એસપી મયુર ચાવડાને તાત્કાલિક ભાવનગર મોકલી આ ઘટનામાં કડકમાં કડક કાર્યવાહી કરવાની સૂચનાને પગલે એસએમસીના પી.આઈ એસએમ જાડેજા સહિતનો કાફલો દોડી ગયો હતો અને સ્થાનિક અધિકારીઓ પાસેથી તમામ માહિતીઓ એકત્ર કરી તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે

**તાલુકા વિકાસ અધિકારી...**

ટીડીઓ પરેશ પરમારની ગઢડાના તાલુકા વિકાસ અધિકારી તરીકે ઊંઝાના ટીડીઓ જીગરકુમાર પટેલની ગાંધીનગરના ટીડીઓ તરીકે મહેસાણા જિલ્લા પંચાયત કચેરીના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી ભાર્ગવીબેન વ્યાસની ઊંઝા તાલુકા વિકાસ અધિકારી તરીકે, વાસંદાના ટીડીઓ શૈલેષકુમાર બારોટની ખંભાત ટીડીઓ તરીકે બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત સીધી ભરતીથી અજમાશી તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણૂક પામેલા ભૌમિક ઠાકરને લખતર, જય શુક્લને શહેરા વૃતા ભાવસારને આંકલાવ, જયદીપસિંહ ઝૂલાને સાબરકાંઠા, ક્રિષ્ના પટેલને માલપુર,કરણકુમાર ગોહિલને ઉના કરણ શર્માને ઉના અને હરદીપસિંહ મનાતને રાજકોટમાં નિમણુક આપવામાં આવી છે.

**પોરબંદર જિલ્લાના...**

કરવામાં આવી છે. વધુમાં વન વિસ્તારની સિંચાઈ યોજનાઓ જેમાં બરડા વન વિસ્તારમાં આવેલી દિપડાઝર સિંચાઈ યોજના માટે જમીન તબદીલીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા અને સરમણી સિંચાઈ યોજના માટે વન વિભાગ સાથે સંકલન સાધીને કામગીરી સત્વરે શરૂ કરવા સૂચના અપાઈ છે. ઉપરાંત અડવાણા ગામ પાસેની સોરઠી સિંચાઈ યોજના ઓવરફ્લો થવાથી નદીમાં વહી જતા પાણીને પાઈપલાઈનના માધ્યમથી નજીકના અડવાણા સિંચાઈ યોજનામાં સંગ્રહ કરવા અંગેના પાઈપલાઈન પ્રોજેક્ટની શક્યતાઓ ચકાસી સમયસર આયોજન કરવા જણાવાયું છે. સાથે જ, કટોકટીના સમયે સૌની નેટવર્કથી ઈનટેક સ્ટ્રકચર સુધી જરૂરી એપ્રોચ ચેનલના કામો ઈમરજન્સી ધોરણે પૂર્ણ કરવા આદેશ આપ્યા છે.

પોરબંદર શહેરી વિસ્તારમાં આવેલા સુકાળા તળાવની ઊંડાણ અને પહોળાઈ વધારી તેની જળસંગ્રહ ક્ષમતા વધારવાના કામો ત્વરિત હાથ ધરવા તથા એરપોર્ટ વિસ્તૃતિકરણ હેઠળ આવતા વિસ્તારના ડ્રેઈન-કાંસના કામો ઝડપથી પૂરા કરવા સૂચનાઓ આપવામાં આવી છે. મંત્રીએ ચાલુ વર્ષ ૨૦૨૬ના નબળા ચોમાસાને ધ્યાને રાખીને પોરબંદર જિલ્લાના તમામ ડેમો, સિંચાઈ યોજનાઓ અને તળાવોને 'સૌની યોજના' મારફત જણાવાયું છે. વધુમાં, હયાત સૌની યોજનાના નેટવર્કને અપગ્રેડ કરી તેની ૭.૦ કિલોમીટરની ત્રિજ્યામાં આવતા તળાવો અને ડેમો પાણીથી ભરી દેવા માટે વિભાગને ચોક્કસ આયોજન હાથ ધરવા જણાવાયું છે.

**રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના...**

ગુણવત્તા તથા ઉત્પાદકતા વધારવામાં સહાયતા મળશે. કેન્દ્રીય મંત્રી ચૌહાણ દ્વારા સિક્કિમ માટે ડખ-છઈીંટઢ હેઠળ ૪૭.૩૭ કરોડ રૂ. તથા કૃષોન્નતિ યોજના હેઠળ ૩.૨૧ કરોડ રૂ. ની બીજી મુખ્ય મંજૂરી આપવામાં આવી છે. સિક્કિમમાં આ યોજનાઓના માધ્યમથી કૃષિ પરિયોજનાઓ, સૂક્ષ્મ સિંચાઈ, કૃષિ યાંત્રીકીકરણ, જમીન અને જળ સંરક્ષણ તથા કૃષિ-વનીકરણને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને ટકાવ અને પર્યાવરણ અનુકૂળ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવું આ યોજનાઓનો મહત્વપૂર્ણ ઉદ્દેશ્ય છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહે કહ્યું કે કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચેના વધુ સારા સંકલનથી કૃષિ યોજનાઓનો પ્રભાવ વધુ વધશે. રાજ્યોએ સ્થાનિક જરૂરિયાતો અને ખેડૂતોની પ્રાથમિકતાઓને અનુરૂપ પરિયોજનાઓને લાગુ કરવી જોઈએ જેથી યોજનાઓનો સીધો લાભ ખેતર અને ખેડૂત સુધી પહોંચી શકે. તેમણે કહ્યું કે સરકાર ખેડૂતોને માત્ર આર્થિક સહાયતા આપવા સુધી સીમિત નથી, પરંતુ ખેતીને આધુનિક, ટકાવ અને લાભદાયી વ્યવસાય બનાવવા માટે વ્યાપક સ્તર પર કામ કરી રહી છે. કૃષિ યાંત્રીકીકરણ, સૂક્ષ્મ સિંચાઈ, બાગાયત, તેલીબિયાં-કઠોળ ઉત્પાદન, ડિજિટલ ટેકનોલોજી અને કૃષિ-વનીકરણ જેવા ક્ષેત્રોમાં રોકાણથી ખેડૂતોની આવક વધારવા તથા ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવામાં મદદ મળશે.કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુજરાત અને સિક્કિમ સરકારોને યોજનાઓ હેઠળ મંજૂર કાર્યોને નિર્ધારિત સમયમાં પૂરા કરવા તથા તેમના પરિણામોનું મૂલ્યાંકન કરવાનો આગ્રહ કર્યો. તેમણે કહ્યું કે ખેડૂતોનું કલ્યાણ કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કૃષિ ક્ષેત્રના વિકાસ માટે આવશ્યક સંસાધનોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવતી રહેશે.

**બિન અનામત વર્ગના છાત્રો...**

મેળવવાની તક મળે છે. આવા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાની કારકિર્દીને નવી ઊંચાઈએ લઈ જઈ શકે છે અને શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ગુજરાત તથા દેશના વિકાસમાં પણ યોગદાન આપી શકે છે. આવક મર્યાદામાં કરાયેલો આ વધારો 'વધુ વિદ્યાર્થીઓને તક અને વધુ યુવાનોને વૈશ્વિક શિક્ષણ' તરફનું મહત્વપૂર્ણ પગલું બની શકે છે.

# ઈન્ડોનેશિયામાં ફરી ધરા ધ્રૂજી ૫.૯ની તીવ્રતાનો ભૂકંપ

**અબતક, રાજકોટ**

ઈન્ડોનેશિયાના પૂર્વ નુસા તેંગારા પ્રાંતમાં આવેલા ફ્લોરેસ દ્વીપ પર ભૂકંપના આંચકાઓનો સિલસિલો હજુ યથાવત્ છે. ૧૫ ઑગસ્ટ ૨૦૨૬ના રોજ આવેલા ૭.૭ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપ બાદ હવે આજે ફરી ૫.૯ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો હોવાનું યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર અને જર્મનીના રિસર્ચ સેન્ટરે જણાવ્યું છે.ભૂકંપની ઊંડાઈ માત્ર ૧૦ કિલોમીટર હોવાનું જણાવાયું છે. ઉથલી ઊંડાઈના કારણે આંચકા અનેક વિસ્તારોમાં તીવ્ર રીતે અનુભવાયા હોવાનું અહેવાલોમાં કહેવામાં આવ્યું છે.

૧૫ ઑગસ્ટે આવેલા ૭.૭ની તીવ્રતાના મુખ્ય ભૂકંપના માત્ર પાંચ દિવસ બાદ ફરી ૫.૯ની તીવ્રતાનો આફ્ટરશોક નોંધાતા સ્થાનિક લોકોમાં ભય વધુ વધ્યો છે.અગાઉ ૧૭ ઑગસ્ટે પણ લગભગ ૫.૯ની તીવ્રતાનો આફ્ટરશોક નોંધાયો હતો. સતત આવી રહેલા આંચકાઓને કારણે પહેલેથી જ અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોમાં ગભરાટની સ્થિતિ છે.બચાવ ટીમો હજી પણ કાટમાળ, ધસી પડેલી ઈમારતો અને ભૂસ્ખલનથી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી કરી રહી છે.

મુખ્ય ભૂકંપ બાદ કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં નાની સુનામી લહેરો પણ નોંધાઈ હતી. કેટલીક જગ્યાએ તેની ઊંચાઈ ૧.૬૧ મીટર સુધી હોવાનું જણાવાયું છે.સુનામીની ચેતવણી મળતાં અનેક લોકો દરિયાકાંઠા છોડીને ઊંચાઈવાળા વિસ્તારોમાં દોડી ગયા હતા. જોકે બાદમાં જોખમ ઘટતાં ચેતવણી પાછી ખેંચવામાં આવી હતી.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** સ્વ. મનહરલાલ જે. કામદાર અને નિર્મળાબેન એમ. કામદારના પુત્ર વિજયભાઈ તે અનુપમાબેનના પતિ, રાજેશભાઈ કામદાર અને રેખાબેન રાજેશકુમાર બાટવિયાના મોટાભાઈ, જીગ્નેશ તેમજ પૂનમના પિતા, સેજલ તેમજ દિપક ટી. મોદીના સસરા, ચિ. ગાથાના દાદા, ચિ. માનવના નાના, સ્વ. અમૃતલાલ માણેકચંદ શેઠ મોરબીના જમાઈનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તા. ૨૧ ને શુક્રવારના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે, પારસધામ જૈન દેરાસર, ૧ જલારામ પ્લોટ, નિર્મલા રોડ, ફાયર બ્રિગેડ પાછળ, રાજકોટ ખાતે રાખલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઊનાના જીનીયસ અબેક્સ કલાસિસના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધામાં વિજેતા બન્યા

## ૧૬ વિદ્યાર્થીઓએ ટ્રોફી અને મેડલ જીતી ગૌરવ વધાર્યું

**અબતક, ઉના**

ઊના શહેરમાં છેલ્લા સાત વર્ષથી સુનીતા બેન ઝાલા દ્વારા જીનીયસ અબેક્સ ક્લાસિસ ચલાવવા માં આવે છે નાના બાળકો માં છુપાયેલ અધભૂત પ્રતિભા ને બહાર લાવવા મહેનત કરે છે. જેને કારણે તાલીમ પામેલ વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરે છે. તાજેતરમાં ગાંધીનગર મુકામે બ્રેઈન રે ધ સ્કુલ જીનીયસ દ્વારા રાજ્ય કક્ષા ની અબેક્સ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ઊના શહેર ના ૩૨ વિધાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં વિદ્યાથીઓ એ માત્ર દસ મિનિટ માં ૧૦૦ વધુ ગણિતના પ્રશ્નો ઉતર આપી તેમની એકાગ્રતા અને ઝડપ અને સતત પ્રેક્ટિસ અને સુનિતા બેન ઝાલાના માર્ગદર્શન થી ઉતમ પરિણામ મેળવી ૧૬



વિદ્યાર્થીઓ પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમે વિજેતા થયેલ અને ટ્રોફી અને મેડલ જીતી સંસ્થા અને ઊનાનું ગૌરવ વધાર્યું હતું. પ્રથમ ક્રમે વિજેતા થયેલ કાતરિયા ધ્યાના, મશરૂ ધાનવી, ડોડીયા ઈરાજ , બાંભણિયા ધ્યેય, ચૌહાણ જય, ચૌહાણ મહેશ્વરી. બીજા ક્રમે વિજેતા થયેલ ખેર દ્વતિ , બાંભણિયા જેતવિક, ઝાલા ધાર્મિક, ભટ્ટ હર્ષલ. ત્રીજા ક્રમે વિજેતા શાહ વિવાન, ૧૦૦થી વધુ ગણિતના પ્રશ્નો સોલ્વ કરનાર છગ હેમ. રાઠોડ જીયા, શાહ ધાર્મિ, પાણખાણીયા ધ્યેય, પંડ્યા રીઅર્થએ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

# કેશોદના કેવદ્રા ગામે લોક ડાયરામાં માનવ મહેરામણ ઉમટ્યું

## ડાયરામાં સંસ્કૃતિ અને પરંપરાની ઝલક જોવા મળી, તેજસ્વી તારલાઓ અને ગામના શ્રેષ્ઠીઓનું સન્માન

**અબતક,જય વિરાણી**
**કેશોદ**

કેશોદ તાલુકાના કેવદ્રા ગામે ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ ભવ્ય સાંસ્કૃતિક લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગામના યુવા લોક પ્રતિનિધિ પ્રશાંતભાઈ ખાણીયા દ્વારા 'ગામડાની ડેલીએ' શીર્ષક હેઠળ આયોજિત આ લોક ડાયરામાં મોટી સંખ્યામાં ગ્રામજનો, મહેમાનો અને આસપાસના લોકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન લોકસંસ્કૃતિ અને દેશભક્તિનો માહોલ જોવા મળ્યો હતો.સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય જીવનની સંસ્કૃતિ, લોકપરંપરા અને લોકસાહિત્યને જીવંત રાખવાનો



તેમજ નવી પેઢીને આપણી સમૃદ્ધ પરંપરા સાથે જોડવાનો રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત લોકોએ લોકગીતો અને લોકસાહિત્યની રસપ્રદ રજૂઆતો સાથે સાંસ્કૃતિક વારસાની ઝલક માણી હતી.

લોક ડાયરામાં જાણીતા લોક ગાયક ભરતસિંહ ડોડીયા અને લોક સાહિત્યકાર રજત જોગદીયાએ પોતાની આગવી શૈલીમાં સ્ટેજ પરથી લોકસંસ્કૃતિ, ગામડાની ડેલી, આપણી પરંપરા અને ગ્રામ્ય જીવન સાથે જોડાયેલી વાતો રજૂ કરી હતી. લોકગીતો અને સાહિત્યિક રજૂઆતો દ્વારા કલાકારોએ ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરી હતી અને સમગ્ર વાતાવરણમાં સંગીત તથા મોજનો માહોલ છવાયો હતો.

# તપ, ત્યાગ અને જીવદયાના પ્રેરણાસ્રોત તપસમ્રાટ રતિલાલ મહારાજની અમર ગાથા

**અબતક, માહિર સુમરા**
**વડિયા**





પ્રાણગુરૂ તપસમ્રાટ રતિલાલ મહારાજનું સમગ્ર જીવન તપ, સંયમ, મૌન આરાધના, જીવદયા અને સેવાભાવની અનોખી ગાથા રહ્યું છે. તેમની કઠોર સાધનાઓ અને તપસ્યાને કારણે તેમને તપસમ્રાટ તરીકે ઓળખવામાં આવતા હતા.

તેમનો જન્મ ભેંસાણ તાલુકાના પરબવાવડી ગામે દિવાળીના પાવન દિવસે થયો હતો. બાદમાં તેઓ વડિયામાં આવ્યા અને પાડશાળામાં રહીને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ સાથે જોડાયા. ત્યારબાદ જીવદયા અને સેવા ભાવનાને આગળ વધારવા માટે તેમણે ગૌશાળાનું નિર્માણ કર્યું અને પછી પ્રાણકુંજનું નિર્માણ કર્યું. રતિલાલ મહારાજે જીવનમાં અનેક કઠોર તપ અને ત્યાગ કર્યા હતા. તેમણે અખંડ ૧૬ વર્ષ સુધી મૌન આરાધના કરી હતી. આ દરમિયાન તેઓ બોલતા નહોતા અને કોઈ પ્રશ્ન કે વાતનો જવાબ પાટી પર લખીને આપતા હતા.

રતિલાલ મહારાજને ગાયો પ્રત્યે ખૂબ જ પ્રેમ અને લાગણી હતી. તેમની એક ગાયનું નામ 'ગીતા' હતું. મહારાજ જ્યારે દેવ પામ્યા ત્યારે ગીતા ગાયે જાણે પોતાના પ્રિય આશ્રયદાતાને ગુમાવ્યાની લાગણી અનુભવી હોય તેમ ત્રણ દિવસ સુધી પાણી અને ખોરાકનો ત્યાગ કર્યો હતો. ત્યારબાદ તેનું પણ અવસાન થયું હતું. મહારાજ અને ગીતા ગાય વચ્ચેનો આ સંબંધ આજે પણ તેમની જીવદયા અને પ્રાણીપ્રેમની ભાવનાને યાદ કરાવે છે.

૮ ફેબ્રુઆરી ૧૯૯૮ - મહારાજનું દેવલોકગમન રતિલાલ મહારાજે રાજકોટની દોશી હોસ્પિટલ ખાતે તા.૮ ફેબ્રુઆરી ૧૯૯૮ના રોજ બપોરે ૧:૪૦ કલાકે, વિજય મુહૂર્તના શુભ ચોઘડિયામાં દેવલોક પામ્યા હતા.તેમની સ્મૃતિ આજે પણ લોકોના હૃદયમાં જીવંત છે. તપ, ત્યાગ, સંયમ, જીવદયા અને સેવા-આ પાંચેય મૂલ્યોને પોતાના જીવનમાં ઉતારનાર પ્રાણગુરૂ તપસમ્રાટ રતિલાલ મહારાજની ગાથા વડિયાની ધરતી માટે એક અમૂલ્ય આધ્યાત્મિક વારસો છે.

# જૂનાગઢઃ ડુપ્લિકેટ દૂધના વેંચાણ સામે કડક કાર્યવાહી કરવા માંગ

## કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**

જૂનાગઢ જિલ્લામાં માનવ જિંદગી જોખમમાં મુકાય તે રીતે ઝેર સમાન ડુપ્લિકેટ અને બનાવટી દૂધનો વેપલો બેફામ ચાલી રહ્યો છે. આ ગંભીર બાબતે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવીને ડુપ્લિકેટ માફિયાઓ સામે કડકમાં કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.



જૂનાગઢ જિલ્લામાં દૂધાળા પશુઓની સંખ્યાની સામે ડુપ્લિકેટ દૂધનું ઉત્પાદન અને વેચાણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે, જે નિર્દોષ બાળકો, દર્દીઓ અને નાગરિકો આરોગી રહ્યા છે. ત્યારે જિલ્લાનો ફૂડ એન્ડ ડ્રગ વિભાગ આ ગંભીર પ્રશ્ને સંપૂર્ણ નિષ્ફળ અને નિષ્ક્રિય સાબિત થયો છે. અને લોકોના સ્વાસ્થ્ય સામે જવાબદારો સામે કોઈ નક્કર કાર્યવાહી કરાતી નથી. જેને શહેરોથી લઈને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી નાની-મોટી ડેરીઓ, દૂધાળા પશુઓ ધરાવતા શખ્સો તથા ગ્રાહકોના ઘર અને ખેતીવાડી સુધી તપાસ કરી, રજિસ્ટરની ચકાસણી કરવાની માંગ કરવામાં આવી છે.

# જૂનાગઢમાં વિકાસકામો સમયસર પૂર્ણ કરવાની તાકિદ કરતા મ્યુનિ. કમિશનર આઈ.આર.વાળા

## ચાલતા કામો ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા કડક સૂચનાઓ અપાઈ

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**



જૂનાગઢ મનપા કમિશનર આઈ.આર.વાળા દ્વારા વિવિધ વિસ્તારોની સ્થળ મુલાકાત લઈ ગુણવત્તાસભર કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અને શહેરમાં ચાલતા વિકાસ કામો સમયસર અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા કડક સૂચનાઓ આપી હતી.જૂનાગઢ મનપા કમિશનર આઈ.આર.વાળા દ્વારા શહેરના નાગરિકોને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવા અને પ્રગતિ હેઠળના વિકાસ કામોને ઝડપી બનાવવાનો હેતુથી

શહેરમાં અંડરગ્રાઉન્ડ કેબલિંગ બાદ કરાયેલા રોડ પેચ વર્કની ચકાસણી કરવામાં આવી હતી. આ ઉપરાંત, ધોરાજી ફાટક ખાતે આકાર લઈ રહેલા રેલવે ઓવરબ્રિજ તથા જી.આઈ.ડી. સી. વિસ્તારમાં ચાલી રહેલા રોડ રસ્તાના કામોની રૂબરૂ સમીક્ષા કરીને કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માર્ગદર્શન આપ્યું હતું. સાથે જ દોલતપરા ફાયર સ્ટેશનની કામગીરી, સકરબાગ નજીક ટ્રાફિક સમસ્યાના નિવારણ અર્થે નવો પુલ બનાવવા અંગે અને ભવનાથ ખાતે પ્રવાસીઓની સુવિધા માટે ડીવાઈડર તથા ફુટપાથ નિર્માણ અંગે સ્થળ તપાસ કરાઈ હતી. આ મુલાકાતમાં નાયબ કમિશનર ડી.જે. જાડેજા અને કાર્યપાલક ઈજનેર સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કમિશનરે તમામ કામો નિયત સમયમર્યાદામાં અને ઉચ્ચ ગુણવત્તા સાથે પૂર્ણ કરવા કડક સૂચનાઓ આપી હતી.

# અંજાર નગરપાલિકાની મુલાકાત લેતા રિજનલ કમિશનર આર. એન. કુચરા



**અબતક, ભારતી માખીજાણી**
**ગાંધીધામ**

એ અંજાર નગરપાલિકાની મુલાકાત લઈ એસ. બી. એમ. ના કામો તથા અન્ય વિકાસના કામોની સ્થળ ઉપર ચકાસણી કરી હતી. નગરપાલિકાની ડમ્પીંગ સાઈટ અને વેલસ્પન એસ. ટી. પી. પ્લાન્ટની રૂબરૂ મુલાકાત લઈ જાતે વિગત મેળવી હતી અને જરૂરી સૂચનો કર્યા હતા તેમની નગરપાલિકાની મુલાકાત દરમિયાન નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન શામજીભાઈ ખાંડેકા, ચીફ ઓફિસર તુષારભાઈ ઝાલરીયા, કારોબારી સમિતિ ચેરમેન પ્રકાશભાઈ લોદરીયા, શાસકપક્ષના નેતા આશિષભાઈ ઉદવાણી, શામજીભાઈ ખાંડેકા, કચેરી અધિક્ષક રશ્મિનભાઈ ભીંડે, એન્જિનિયર કિશનભાઈ પ્રજાપતિ, સાવનભાઈ પંડ્યા, પ્રકાશભાઈ રોંશિયા, ગુંજનભાઈ પંડ્યા, ધવલભાઈ થરાદરા તેમજ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલાઃ તમાકુ અને અન્ય પ્રોડક્ટ્સની ગુણવત્તા અને જીએસટી બિલિંગની તપાસ કરવાની માંગ

**અબતક, રેહાન ધાનાણી**
**સાવરકુંડલા**

સાવરકુંડલા તાલુકાના ગ્રાહકોને બજારમાંથી હંમેશાં અસલ (ઓરિજિનલ) અને ગુણવત્તાસભર વસ્તુઓ જ મળે તે માટે જીએસટી વિભાગ દ્વારા સઘન પેટ્રોલિંગ અને ચેકિંગની કાર્યવાહી તાત્કાલિક વધારવામાં આવે તેવી પ્રબળ લોકમાગ ઉઠી છે. બજારોમાં તમાકુ (ટોબેકો) અને બીડી જેવી પ્રોડક્ટ્સના વેચાણ અંગે અનેક ફરિયાદો ઉઠી રહી છે. આ બાબતે જાગૃત નાગરિકો દ્વારા એવી માંગ કરવામાં આવી છે કે, જીએસટી વિભાગની ટીમ દ્વારા બજારમાં અચાનક અને સઘન તપાસ હાથ ધરવામાં આવે. વેચાતી તમાકુ કે બીડી જેવી તમામ પ્રોડક્ટ્સ ઓરિજિનલ (અસલ) છે કે ડુપ્લીકેટ, તેની તપાસ કરવામાં આવે. વેચાણ માટે આવતો માલ ટેક્સ-પેઈડ (બિલ સાથે) છે કે વિધાઉટ બિલ (ગેરકાયદેસર) આવે છે, તેની જીએસટી વિભાગ દ્વારા ઝીણવટભરી તપાસ કરવામાં આવે.

જે વેપારીઓ ટેક્સ ચોરી કરીને નકલી કે વિધાઉટ બિલનો માલ વેચે છે, તેમની સામે વિભાગ દ્વારા કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવે.

# પાકિસ્તાનની જેલોમાં કેદ ભારતીય માછીમારો અને બોટોને મુક્ત કરવા વડાપ્રધાનને રજૂઆત

## ગીર સોમનાથના ભાજપ મહામંત્રી રસિક ચાવડાએ આવેદન પત્ર પાઠવ્યું

**અબતક, ઉના**

ગીર સોમનાથ જિલ્લા ભાજપ (બક્ષીપંચ મોરચા)ના મહામંત્રી રસિક ચાવડા દ્વારા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીને આવેદન પત્ર પાઠવીને પાકિસ્તાનની જેલોમાં બંધ ગુજરાતના નિર્દોષ માછીમારો અને તેમની બોટોને મુક્ત કરાવવા માંગ કરવામાં આવી છે. પોરબંદર, વેરાવળ, માંગરોળ, ઉના, જાફરાબાદ, ઓખા અને દીવના માછીમારો અજાણતા આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા ઓળંગી જતાં પાકિસ્તાની સત્તાવાળાઓ દ્વારા તેમની ધરપકડ કરી બોટો જપ્ત કરવામાં આવે છે. ઘરના મોભી જેલમાં હોવાથી પરિવારો ગંભીર આર્થિક સંકટ અને માનસિક યાતનાઓ ભોગવી રહ્યા છે.જેલોમાં યોગ્ય ખોરાક અને તબીબી સુવિધાઓના અભાવે માછીમારોના અરોગ્ય પર ગંભીર અસર પડી રહી છે.

વિદેશ મંત્રાલય દ્વારા કાનૂની અને રાજદ્વારી સ્તરે વાટાઘાટો કરી માછીમારોને સત્વરે સ્વદેશ પરત લાવવામાં આવે.રોજીરોટીના સાધન સમાન જપ્ત કરાયેલી બોટો પણ ભારત પરત લાવવા યોગ્ય કાર્યવાહી થાય. આ આવેદન પત્રની નકલ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ગૃહમંત્રી અમિત શાહ, વિદેશ મંત્રી એસ. જયશંકર અને સાંસદ રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્ય કે.સી.રાઠોડ સહિતના ઉચ્ચ અધિકારીઓને પણ પાઠવવામાં આવી છે.

# ગાંધીનગર દ્વારા બાગાયતી વિવિધ સહાયલક્ષી ઘટકો માટે આઈ-ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકાયું

**અબતક, રામસિંહ મોરી**
**સુત્રાપાડા**

ગાંધીનગર દ્વારા બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે વર્ષ : ૨૦૨૬ - ૨૭ માટે બાગાયત ખાતાની વિવિધ સહાયલક્ષી ઘટકો માટે ગીરસોમનાથ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂત મિત્રો માટે પોર્ટલ ૨.૦ ખૂલ્લું મૂકવામાં આવ્યું છે.

વિવિધ યોજનાકીય સહાયનો લાભ લેવા માંગતા બાગાયતદારોએ ૂ.શસવયમી.િલીષફફિ.િલજ્ઞદ.શક્ષ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુમાં જણાવવાનું કે, ચાલુ વર્ષ: ૨૦૨૬-૨૭ થી નવીન આઇ - ખેડુત પોર્ટલ ૨.૦ પર નોંધણી કરેલ તેમજ નવા નોંધણી થનાર ખેડુતોએ પોતાનું આધાર ઓર્થેન્ટિકેશન ફરજીયાત કરવાનું રહેશે ત્યાર બાદ જ ઓનલાઇન અરજી કરી શકશે.

અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રિન્ટ લઈ ખેડુતોએ પોતાની પાસે જ રાખવાની રહેશે. નકલ મંજૂરી મળ્યા બાદ ક્લેઈમ સબમીટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સહિત નાયબ બાગાયત નિયામકની કચેરી, નગર પાલિકા સામે, વિનાયક પ્લાઝા, ત્રીજો માળ, ટેલીફોન નં. ૦૨૮૭૬-૨૪૦૩૩૦, વેરાવળ ખાતે બીનચૂક જમા કરાવવાના રહેશે.

# લખતરઃ ભારે વરસાદમાં બે પશુના મોત મામલે પશુપાલકને રાહત ફંડમાંથી રૂ.૩૭,૫૦૦નો ચેક અર્પણ



**અબતક, ઘનશ્યામ ભટ્ટી**
**સુરેન્દ્રનગર**

લખતર તાલુકામાં પડેલા ભારે વરસાદના કારણે તારાજી ફેલાઈ હતી જેમાં લખતર તાલુકામાં ભારે વરસાદના કારણે લખતર તાલુકાના વિઠલગઢ ગામે લાલાભાઈ સાદૂરભાઈ અલગોતર અને તલવણી ગામે જીતેન્દ્રસિંહ બાલુભા રાણાના પશુઓના મૃત્યુ થયા હતા. જેના કારણે પશુપાલકોને આર્થિક રીતે નુકશાની પહોંચી હતી સરકાર દ્વારા પશુપાલકોને નિયમ મુજબ આર્થિક સહાય ચૂકવવામાં આવે છે.ત્યારે લખતર તાલુકા પંચાયત દ્વારા રાહત ફંડમાંથી સરકાર દ્વારા પશુપાલકોને આર્થિક સહાયના ભાગરૂપે જરૂરી સહાય માટે લખતર તાલુકા પંચાયત પ્રમુખની ઉપસ્થિતીમાં પશુપાલકોને રૂ.૩૭,૫૦૦ ની આર્થિક સહાયનો પશુ દીઠ ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. આ તકે ઈન્ચાર્જ તાલુકા વિકાસ અધિકારી, કારોબારી ચેરમેન, તાલુકા પંચાયત સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ, મહામંત્રી સહિતના આગેવાનો અને હોદેદારો ચેક વિતરણ સમયે હાજર રહ્યા હતા.

# અંજારઃ સરહદ ડેરી અને ગૌ લાઈફ સાયન્સિસના સંયુક્ત ઉપક્રમે માર્ગદર્શન કાર્યક્રમ

**અબતક, ભારતી માખીજાણી**
**અંજાર**

ખેડૂતો અને પશુપાલકોના સર્વાંગી વિકાસ તથા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે સરહદ ડેરી અને ગૌ લાઈફ સાયન્સિસના સંયુક્ત ઉપક્રમે બ્રાઉન ગોલ્ડ ક્રાંતિ અંતર્ગત વિશેષ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન બિદડા ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલ તથા ગૌ લાઈફ સાયન્સિસના સ્થાપક પ્રમોટર દર્શિનીબેન પટેલની પ્રેરક



ઉપસ્થિતિમાં ખેડૂતો અને પશુપાલકોને પ્રાકૃતિક ખેતી તથા વૈજ્ઞાનિક પશુપાલન અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી, જમીનની ફળદ્રુપતા અને જમીનનું આરોગ્ય, પશુપાલન વ્યવસ્થાપન, દૂધ ઉત્પાદન વધારવાની પદ્ધતિઓ તથા ખેતીમાં કુદરતી સંસાધનોના અસરકારક ઉપયોગ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સાથે જ ગાયના છાણ અને ગૌ આધારિત કુદરતી સંસાધનોને ખેતી માટે ઉપયોગી બનાવીને ખેતી ખર્ચ ઘટાડવા અને જમીનની ઉત્પાદકતા વધારવા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં કચ્છ જિલ્લા પંચાયતના દંડક જીવરાજભાઈ ગઢવી, માંડવી તાલુકા પંચાયત પ્રમુખ રેખાબેન છાભૈયા, કચ્છ જિલ્લા પંચાયત સદસ્ય વાલજીભાઈ સંઘાર, સરહદ ડેરીના ડાયરેક્ટર ધર્મેન્દ્રસિંહ જાડેજા, બિદડા ગ્રામ પંચાયત સરપંચ જયાબેન છાભૈયા, માંડવી તાલુકા પંચાયત સદસ્ય પરેશભાઈ સંઘાર સાથે બિદડા અને લાયજા દૂધ શીત કેન્દ્ર સાથે સંયોજિત દૂધ મંડળીના પશુપાલક તેમજ ખેડૂતો મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# હોકી વર્લ્ડકપમાં ભારતે પાકિસ્તાનને ૫-૩થી કચડ્યું

## ભારત તરફથી કપ્તાન હરમનપ્રીત અને અભિષેકે ૨-૨ ગોલ કર્યા: ૧૬ વર્ષના લાંબા સમય બાદ વર્લ્ડ કપની મેચમાં ભારતનો શરૂઆતથી જ દબદબો જોવા મળ્યો

**અબતક, રાજકોટ**

ભારતે નાધરલેન્ડ્સના એમસ્ટેલવીન સ્ટેડિયમમાં ૨૦૨૬ હોકી વર્લ્ડ કપના પૂલ-ડીના મુકાબલામાં પાકિસ્તાનને ૫-૩થી હરાવી દીધું. ભારત અને પાકિસ્તાનની હોકી ટીમો વચ્ચે ૧૬ વર્ષના લાંબા સમય બાદ વર્લ્ડ કપની મેચ રમવામાં આવી. વર્લ્ડ કપમાં બંને વચ્ચે છેલ્લો મુકાબલો ૨૦૧૦માં દિલ્હીની ધરતી પર રમાયો હતો. તે મેચમાં ટીમ ઈન્ડિયાએ ૪-૧થી બાજી મારી હતી. હવે વર્લ્ડ કપમાં એકવાર ફરી ટીમ ઈન્ડિયાએ પાકિસ્તાનને રોંદી નાખ્યું. આ સાથે ટીમ ઈન્ડિયા આગામી રાઉન્ડમાં પહોંચી ગઈ અને પાકિસ્તાન ટૂર્નામિનૂટમાંથી બહાર થઈ ગયું.

મેચમાં શરૂઆતથી જ ભારતનો દબદબો જોવા મળ્યો. પ્રથમ ક્વાર્ટરમાં ટીમ ઈન્ડિયાએ કેપ્ટન હરમનપ્રીત સિંહ (૫મી મિનિટે) અને અભિષેક (૧૧મી મિનિટે) ના ગોલની મદદથી ૨-૦ની સરસાઈ હાંસલ કરી લીધી. ત્યારબાદ બીજો ક્વાર્ટર રસપ્રદ રહ્યો, જ્યાં બંને ટીમો તરફથી ૨-



૨ ગોલ જોવા મળ્યા. ભારત માટે કેપ્ટન હરમનપ્રીત (૨૧મી મિનિટે) અને અભિષેકે (૨૪મી મિનિટે) ગોલ દોહરાવ્યા. બીજી તરફ, પાકિસ્તાન માટે હન્નાન શાહિત (૨૨મી મિનિટે) અને સૂફિયાન ખાને (૨૫મી મિનિટે) ગોલ કર્યા. હન્નાને ટીમ માટે ગોલનું ખાતું ખોલ્યું. મેચમાં કુલ ૪ ગ્રીન કાર્ડ આપવામાં આવ્યા. જેમાં ૨ ગ્રીન કાર્ડ ભારતીય ખેલાડીઓને અને બાકીના ૨ પાકિસ્તાનના ખેલાડીઓને મળ્યા. બાકી એક યલો કાર્ડ ભારતના આદિત્ય અર્જુનને મળ્યો.

બે ક્વાર્ટર પૂરા થયા પછી ટીમ ઈન્ડિયા પાસે ૪-૨ની સરસાઈ મોજૂદ હતી. અડધી મેચ થઈ ચૂકી હતી, ભારત આગળ હતું. અહીંથી પાકિસ્તાનને જીતવા માટે એક પછી એક ગોલ કરવાના હતા, પરંતુ ત્રીજા ક્વાર્ટરમાં તેનાથી બિલકુલ ઊલટું થયું. અહીં પાકિસ્તાન તરફથી તો કોઈ ગોલ ન થયો, પરંતુ ભારતે ચોક્કસપણે એક ગોલ કરી દીધો. આ ગોલ હાર્દિક સિંહે પેનલ્ટી કોર્નર પર ૩૫મી મિનિટે કર્યો. ત્રણ ક્વાર્ટર પછી ટીમ ઈન્ડિયા પાસે ૫-૩ની સરસાઈ થઈ ગઈ હતી.

ચોથા એટલે કે છેલ્લા ક્વાર્ટરમાં પાકિસ્તાન તરફથી ત્રીજો ગોલ જોવા મળ્યો, જે શાહિત હન્નાને ૪૬મી મિનિટે કર્યો. પરંતુ ત્યાં સુધીમાં બહુ મોડું થઈ ચૂક્યું હતું. અહીંથી મેચમાં પાકિસ્તાન માટે ફક્ત ઔપચારિકતાઓ જ બાકી રહી હતી. ટીમ માટે મેચ હાથમાંથી નીકળી ચૂકી હતી.

### જીત સાથે ટીમ ઈન્ડિયા રાઉન્ડ ઓફ ૮માં પહોંચી, પાકિસ્તાન બહાર થયું

આ જીત સાથે ટીમ ઈન્ડિયા આગામી રાઉન્ડમાં પહોંચી ગઈ છે. પૂલમાં ટીમ ઈન્ડિયાએ ૩માંથી ૨ મેચ જીતી અને ૬ પોઈન્ટ્સ હાંસલ કરીને પોતાને આગળ વધારી. બીજી તરફ બહાર ફેંકાયેલી પાકિસ્તાનને એક પણ જીત નસીબ ન થઈ. ટીમે ૩માંથી ૨ મેચોમાં હારનો સામનો કરવો પડ્યો અને બાકીની ૧ ડ્રો પર સમાપ્ત થઈ. આ રીતે ખરાબ પ્રદર્શન સાથે ટીમ આગળ વધી શકી નહીં.

# ઈન્કમટેક્સની સ્ક્રુટિની નોટિસથી ગભરાશો નહીં ઘરે બેઠા ઓનલાઈન જવાબ આપી શકશો

## ટેક્સ પોર્ટલ પર ડેટા મિસમેચ અને મોટા વ્યવહારોને કારણે નોટિસ આવવાની શક્યતા; સમયમર્યાદામાં પુરાવા સાથે ઓનલાઈન સ્પષ્ટતા રજૂ કરવી અનિવાર્ય


અબતક રાજકોટ

ઈન્કમટેક્સ રિટર્ન ભર્યા બાદ જો વિભાગ તરફથી કલમ ૧૪૩(૩) હેઠળ સ્ક્રુટિની નોટિસ મળે તો તેનાથી ડરવાની જરૂર નથી, પરંતુ તેને યોગ્ય રીતે સમજીને સમયસર ઉત્તર આપવો જરૂરી છે. આવકવેરા વિભાગે હવે સમગ્ર સ્ક્રુટિની પ્રક્રિયાને 'ફેસલેસ' બનાવી દીધી છે, જેથી કોઈપણ કરદાતાએ અધિકારી સમક્ષ રૂબરૂ હાજર રહેવું પડતું નથી. સમગ્ર પ્રક્રિયા ટેકનોલોજી આધારિત અને પારદર્શક બનાવવામાં આવી છે.

સ્ક્રુટિની નોટિસ આવવાના મુખ્ય કારણોમાં ફાઈલ કરેલા રિટર્ન અને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ કે ફોર્મ ૨૬ એએસ માં નોંધાયેલી રકમ વચ્ચે તફાવત હોવો. નાણાકીય વર્ષ દરમિયાન કરવામાં આવેલી મોટી રકમની લેવડ-દેવડ. રિયલ એસ્ટેટ ખરીદ-વેચાણ, શેર ટ્રેડિંગ કે કેપિટલ ગેઈન્સની વિગતોમાં વિસંગતતા. ખોટી કે શંકાસ્પદ કપાત અથવા કરમુક્તિના દાવા જેવા કારણો હોય છે

### ફેસલેસ એસેસમેન્ટ એટલે શું?

આ પ્રક્રિયામાં કરદાતા અને અધિકારી વચ્ચે કોઈ વ્યક્તિગત સંપર્ક થતો નથી. તમામ નોટિસ, જવાબો અને સહાયક દસ્તાવેજો ઈ-ફાઈલિંગ પોર્ટલ દ્વારા જ આપવાના રહે છે. કેસની વહેંચણી અને તપાસ સંપૂર્ણપણે કેન્દ્રીય સિસ્ટમ દ્વારા થાય છે, જેથી પક્ષપાત કે વિવેકાધીન નિર્ણયોની શક્યતા નહિવત બને છે.





જવાબ સબમિટ કર્યા પછી પણ કરદાતાઓએ સમયાંતરે ઈન્કમટેક્સ પોર્ટલ ચેક કરતા રહેવું જોઈએ. જો વિભાગ તરફથી કોઈ વધારાની સ્પષ્ટતા કે ડ્રાફ્ટ ઓર્ડર આવે તો નિર્ધારિત સમયમાં તેનો યોગ્ય પ્રત્યુત્તર આપી શકાય. નિયમિત મોનિટરિંગ અને ચોક્કસ પુરાવા સાથેનો જવાબ કરદાતાને બિનજરૂરી દંડ કે વિવાદથી બચાવી શકે છે.

### કરદાતાઓએ લેવાના મહત્વપૂર્ણ પગલાં

| તબક્કો | શું કરવું? | ધ્યાનમાં રાખવાની બાબત |
|---|---|---|
| નોટિસ સમજવી | એસેસમેન્ટ વર્ષ, માંગેલી વિગત અને છેલ્લી તારીખ તપાસો. | નોટિસ માત્ર વધારાના ટેક્સ માટે જ નથી હોતી, વિગતોની ચકાસણી માટે પણ હોય છે. |
| પુરાવા તૈયાર કરવા | પ્રશ્ન મુજબ બેંક સ્ટેટમેન્ટ, બિલ, રસીદો અને કરાર તૈયાર કરો. | દરેક મુદ્દાનો તથ્યો અને કાયદાકીય જોગવાઈ સાથે સ્પષ્ટ ઉત્તર આપો. |
| AIS/26AS સુધારો | થર્ડ-પાર્ટી ડેટા ખોટો હોય તો તરત જ ખુલાસો કરો. | ડેટામાં તફાવત દેખાય એટલે સીધી કરપાત્ર આવક સ્વીકારી ન લેવી. |
| સમયમર્યાદા લંબાવવી | દસ્તાવેજો એકત્ર કરવા પોર્ટલ પર વધુ સમય માગો. | સામાન્ય રીતે ૧૫ દિવસની મુદત (Adjournment) માગી શકાય છે, જે મંજૂરીને આધીન છે. |

# સદ્ભાવના વૃદ્ધાશ્રમની હરિયાળી પહેલ: અમરેલીના વરસડામાં ૧૦૦ એકરમાં 'સંજીવ વન'નું નિર્માણ

## દુબઈ સ્થિત કૃષ્ણકાંત મહેતા પરિવારના રૂ.૧.૫ કરોડના અનુદાનથી ૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર; મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ

**અબતક રાજકોટ**

અમરેલી જિલ્લાના વરસડા ગામમાં પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના હેતુથી ૧૦૦ એકર વિસ્તારમાં 'સંજીવ વન'નું નિર્માણ કરવામાં આવ્યું છે. દુબઈસ્થિત સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા પરિવારના રૂ.૧.૫ કરોડના માતબર અનુદાનથી આ વિસ્તારમાં ૫,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. 'સંજીવ વન'ના લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.





વિદેશમાં વસવાટ હોવા છતાં 'માં ભારતીને લીલી ઓઢણી ઓઢાડવાના' ઉમદા મનોરથ સાથે મહેતા પરિવારે આ પર્યાવરણલક્ષી સત્કાર્યમાં સહયોગ આપ્યો છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા હાથ ધરાયેલા આ પ્રકલ્પનો હેતુ અમરેલી જિલ્લાની ધરતીને હરિયાળી બનાવવા ઉપરાંત આવનારી પેઢીઓ માટે સ્વચ્છ અને સમૃદ્ધ કુદરતી વાતાવરણ ઊભું કરવાનો છે.

કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી કૌશિકભાઈ વેકરિયા સહિતના આગેવાનો, પર્યાવરણપ્રેમીઓ અને સેવાભાવી વ્યક્તિઓ ઉપસ્થિત રહી પર્યાવરણલક્ષી અભિયાનને પ્રોત્સાહન આપ્યું હતું.

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વરસડા ગામમાં કુલ ૨૫૦ એકર વિસ્તારમાં ૧૨ હજારથી વધુ વૃક્ષો ઉછેરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. તે પૈકી અત્યાર સુધીમાં આશરે ૧૦૦ એકર વિસ્તારમાં ૫,૦૦૦ વૃક્ષોના વાવેતરની કામગીરી પૂર્ણ થઈ છે. માત્ર સાત દિવસના ટૂંકા ગાળામાં ૨૫૦થી વધુ કર્મચારીઓની ટીમે ૧૫થી વધુ મશીનરી અને વાહનોની મદદથી આ કામગીરી પૂર્ણ કરી હતી.

આ પ્રકલ્પની વિશેષતા એ છે કે વૃક્ષો વાવીને કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે. દરેક વૃક્ષને પીંજરાથી સુરક્ષિત રાખી ત્રણ વર્ષ સુધી નિયમિત પાણી, જાળવણી અને ઉછેરની જવાબદારી પણ સંસ્થા દ્વારા લેવામાં આવશે. એક વૃક્ષના વાવેતરથી લઈને ત્રણ વર્ષ સુધીની જાળવણીનો કુલ ખર્ચ આશરે રૂ.૩,૦૦૦ થાય છે.

વરસડા ગામના હરિત પ્રકલ્પમાં પીપળો, વડલો, ઉમરો, લીમડો, કરંજ, અર્જુન, ખાટી આંબલી, બેહડા, જાંબુડા, રાવણાં સહિતના દેશી અને લાંબું આયુષ્ય ધરાવતા વૃક્ષોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ વૃક્ષો પર્યાવરણનું સંતુલન જાળવવા ઉપરાંત પક્ષીઓ અને અન્ય જીવસૃષ્ટિ માટે ખોરાક તથા કુદરતી આશ્રય ઊભો કરવામાં પણ મહત્વની ભૂમિકા ભજવશે.

### સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા ગુજરાતમાં ૧.૪૦ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા સમગ્ર ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧ કરોડ ૪૦ લાખથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. તેમાંથી ૬૦ લાખથી વધુ વૃક્ષો પીંજરા સાથે સુરક્ષિત રીતે ઉછેરવામાં આવ્યા છે. સંસ્થા પાસે આશરે ૭૫૦ ટ્રેક્ટર અને ૭૫૦ પાણીના ટેન્કર ઉપલબ્ધ છે, જ્યારે સમગ્ર કામગીરી માટે આશરે ૪,૦૦૦ પગારદાર કર્મચારીઓની ટીમ કાર્યરત છે.

વરસડામાં શરૂ થયેલું આ હરિત અભિયાન દાતાશ્રી સંજીવ ઈન્દિરા કૃષ્ણકાંત મહેતા પરિવારના સહયોગ, સદભાવના વૃદ્ધાશ્રમની સેવાભાવના અને સમાજની સહભાગિતાથી સમગ્ર ગુજરાત માટે પર્યાવરણ સંરક્ષણનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે.

# જમીનમાંથી કોલસાને કાઢ્યા વગર જ ઉર્જા ઉત્પન્ન થશે રિલાયન્સ આંધ્રપ્રદેશમાં રૂ.૨.૭૩ લાખ કરોડનું રોકાણ કરશે

## અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન એક એવી પદ્ધતિ છે જેમાં જમીનમાંથી કોલસો બહાર કાઢ્યા વગર જ તેને સીધો સિન્થેટિક ગેસમાં રૂપાંતરિત કરવામાં આવે છે

**અબતક નવી દિલ્હી**

ઉર્જા ક્ષેત્રે ભારત હવે એક નવા અને ક્રાંતિકારી યુગમાં પ્રવેશવા જઈ રહ્યો છે! દેશની દિગ્ગજ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડએ આંધ્રપ્રદેશમાં દેશના પહેલા અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન કોમ્પ્લેક્સ માટે સત્તાવાર રીતે રૂ. ૨.૭૩ લાખ કરોડના જંગી રોકાણનો પ્રસ્તાવ મૂક્યો છે. ખાસ વાત એ છે કે આ પ્રોજેક્ટમાં જમીનમાંથી કોલસો બહાર કાઢ્યા વગર જ, ઊંડાણમાં રહેલા કોલસાને સીધા સિંથેટિક ગેસમાં રૂપાંતરિત કરવામાં આવશે.

આ પ્રોજેક્ટ આંધ્રપ્રદેશના એલૂરુ જિલ્લામાં આવેલા



ચિંતાલપુડી અને રેચેર્લા કોલ બ્લોકમાં બનશે.

આ પ્રોજેક્ટમાં તબક્કાવાર રોકાણ થશે.જેમાં પેલા તબક્કમાં ૨૦૨૬ થી ૨૦૨૭માં ૩,૦૦૦ કરોડનું રોકાણ,બીજા તબક્કમાં ૨૦૨૮ થી ૨૦૩૦માં ૧,૨૦,૦૦૦ કરોડનું રોકાણ,ત્રીજા તબક્કમાં ૨૦૩૦ પછી ૧,૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરાશે.તેમાં ૩,૦૦૦ થી ૫,૦૦૦ પ્રત્યક્ષ અને ૨૦,૦૦૦ થી ૩૫,૦૦૦ પરોક્ષ રોજગારીનું સર્જન થશે. ૬૦૦ મીટરથી વધુ ઊંડા હોવાને કારણે પરંપરાગત પદ્ધતિથી કાઢી ન શકાય તેવા ૧ અબજ ટનથી વધુ ફસાયેલા કોલસાનો ઉપયોગ કરવો. અંડરગ્રાઉન્ડ કોલ ગેસિફિકેશન એક એવી પદ્ધતિ છે જેમાં જમીનમાંથી કોલસો બહાર કાઢ્યા વગર જ તેને સીધો સિંથેટિક ગેસમાં રૂપાંતરિત કરવામાં આવે છે. ક્રૂડ ઓઈલ અને ગેસની આયાત ઘટવાથી ભારતની વિદેશી હુંડિયામણની બચત થશે અને વૈશ્વિક કિંમતોની વધઘટ સામે રક્ષણ મળશે. પરંપરાગત માઈનિંગની જેમ જમીન બગાડ્યા વગર ઉર્જા મેળવી શકાશે.

# એલોન મસ્કની કંપની સ્ટારલિંકે ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ માટે ફરી મંજૂરી માંગી

## ૩૦,૦૦૦ નવા સેટેલાઈટ લોન્ચ કરવા 'ઈન-સ્પેસ' સમક્ષ અરજી, સ્થાનિક ટેલિકોમ કંપનીઓમાં ચિંતા

**અબતક, રાજકોટ**

એલોન મસ્કની કંપની સ્પેસએક્સ સંચાલિત સ્ટારલિંકે ભારતીય સેટેલાઈટ કમ્યુનિકેશન માર્કેટમાં પ્રવેશવા માટે પોતાના પ્રયાસો ફરી શરુ કર્યા છે. કંપનીએ ભારતીય સ્પેસ રેગ્યુલેટર 'ઈન-સ્પેસ' (ઈંગ-જડઅઈય) સમક્ષ તેની 'જનરેશન ૨' સેટેલાઈટ સિસ્ટમ માટે નવી અરજી દાખલ કરી છે. આ નવી ટેકનોલોજી દ્વારા પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષામાં લગભગ ૩૦,૦૦૦ સેટેલાઈટ્સ સ્થાપિત કરીને સીધા સામાન્ય મોબાઈલ ફોન પર જ નેટવર્ક કનેક્ટિવિટી પહોંચાડવાનું આયોજન છે.

આ અગાઉ, સ્ટારલિંકની ૩૦,૦૦૦ સેટેલાઈટ વાળી અરજીને નિયમો અને સ્પેક્ટ્રમ બેન્ડ્સની અમુક ટેકનિકલ શરતોનું પાલન ન થવાના કારણે 'ઈન-સ્પેસ' દ્વારા રદ્દ કરવામાં આવી હતી. જોકે, જુલાઈ ૨૦૨૫માં કંપનીને તેની જૂની જનરેશન -૧ સિસ્ટમ હેઠળ ૪,૪૦૮ સેટેલાઈટ્સ દ્વારા પરંપરાગત બ્રોડબેન્ડ સેવાઓ આપવા માટે મંજૂરી મળી ગઈ હતી. સુરક્ષા અને ટેકનિકલ ટ્રાયલ માટે સરકારે પ્રોવિઝનલ સ્પેક્ટ્રમ પણ આપ્યું હતું, પરંતુ આખરી સુરક્ષા મંજૂરી અને સ્પેક્ટ્રમ ફાળવણીના અભાવે ભારતમાં હજુ સુધી વ્યાપારી સેવાઓ શરૂ થઈ શકી નથી.

જો ભારત સરકાર સેટેલાઈટ દ્વારા સીધા મોબાઈલમાં કનેક્ટિવિટી આપવાની મંજૂરી આપશે, તો સેટેલાઈટ સ્પેક્ટ્રમ ક્ષેત્રે મોટો ફેરફાર આવશે. આ મંજૂરી મળતાં જ સ્ટારલિંક તેના હરીફો જેવા કે રિલાયન્સ જીઓ (૧,૬૦૦ સેટેલાઈટનું નેટવર્ક), એમેઝોન લિયો અને યુટેલસેટ વનવેબ કરતા સ્પીડ અને કવરેજમાં ઘણી આગળ નીકળી જશે.

બીજી તરફ, ભારતીય ટેલિકોમ કંપનીઓ આ ટેકનોલોજી સામે ચિંતા વ્યક્ત કરી રહી છે. જો સેટેલાઈટ દ્વારા સીધા ગ્રાહકોના મોબાઈલ સુધી નેટવર્ક પહોંચશે તો પરંપરાગત ટેલિકોમ બિઝનેસને અસર થશે, જેથી તેઓ માંગ કરી રહ્યા છે કે સેટેલાઈટ કંપનીઓ પર પણ સમાન નિયમો લાગુ કરવા જોઈએ. હાલમાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી (ઝછઅઈ) દ્વારા સ્પેક્ટ્રમની કિંમતો અંગે સૂચનો આપી દેવાયા છે, પરંતુ ડાયરેક્ટ ટુ ડિવાઈસ સેવાઓ અને રાષ્ટ્રીય સુરક્ષાના પાસાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર તમામ પાસાઓની આખરી ચકાસણી કરી રહી છે.

# ઉત્તર કેન્યામાં સફારી દરમિયાન હેલીકોપ્ટર ક્રેશ: સાતના મોત

## કેન્યાના ટ્રાન્સપોર્ટ મંત્રાલય અને સિવિલ એવિએશન ઓથોરિટીએ ઘટનાના કારણો જાણવા માટે વિગતવાર તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

મધ્ય કેન્યાના સંબુરુ કાઉન્ટી સ્થિત માઉન્ટ ઓલોલોકવે વિસ્તારમાં એક ભયાનક હેલિકોપ્ટર દુર્ઘટના સર્જાઈ છે. આ અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર તમામ ૭ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે.

કેન્યા સિવિલ એવિએશન ઓથોરિટી અને સ્થાનિક પોલીસ કમાન્ડર ડેવિડ ન્કોરોએ તમામ ૭ મુસાફરોના મોતની પુષ્ટિ કરી છે. મૃતકોમાં હાઈ-પ્રોફાઈલ નાગરિકોનો સમાવેશ થાય છે. મિશેલ સેન્સી-કોન્ટુગી, ઈકવાડોરની ગુપ્તચર એજન્સીના ડિરેક્ટર જનરલ, મિશેલ સેન્સી-કોન્ટુગીના પત્ની અને જાણીતા ફેશન ડિઝાઈનર. જોસ સુઆરેઝ કે જે સ્પેનિશ ટીવી નેટવર્ક 'ટેલિમુન્ડો'ના એક્ઝિક્યુટિવ છે. આ ઉપરાંત ૫ અમેરિકન નાગરિકોના આ દુર્ઘટનામાં મોત થયા. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ અકસ્માતમાં ૫ અમેરિકનોના મોતની



સત્તાવાર પુષ્ટિ કરી છે. ઈકવાડોરના રાષ્ટ્રપતિ કાર્યાલયે આ દુર્ઘટના અંગે શોક વ્યક્ત કર્યો છે, જ્યારે યુએસ એમ્બેસી મૃતકોના પરિવારોને કોન્સ્યુલર મદદ પૂરી પાડી રહી છે.કેન્યા રેડ ક્રોસના જણાવ્યા અનુસાર, પર્વતીય અને દુર્ગમ ભૂપ્રદેશ તેમજ અકસ્માત બાદ લાગેલી ભીષણ આગના કારણે રાહત અને બચાવ કાર્યમાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઈસિઓલોથી વધારાની ઈમરજન્સી ટીમ ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. હેલિકોપ્ટર ક્રેશ થવાનું ચોક્કસ કારણ હજી સુધી જાણી શકાયું નથી. કેન્યાના ટ્રાન્સપોર્ટ મંત્રાલય અને સિવિલ એવિએશન ઓથોરિટીએ ઘટનાના કારણો જાણવા માટે વિગતવાર તપાસ હાથ ધરી છે.

# શ્રાવણી લોકમેળાના બાકીના ૧૬ પ્લોટની હરાજી પૂર્ણ: મનપાને રૂ.૧.૭૫ કરોડની આવક

## સિંગલ ટેન્ડર, ટેન્ડર ન મળવા અને ટેકનિકલ કારણોસર અટકેલી ફાળવણી બાદ ઓપન હરાજી; ૧ સપ્ટેમ્બરથી ૧૧ દિવસ માટે લોકમેળો યોજાશે





જામનગર મહાનગરપાલિકા દ્વારા આગામી તા. ૧ સપ્ટેમ્બરથી ૧૧ દિવસ માટે યોજનારા શ્રાવણી લોકમેળાના પ્લોટની ફાળવણીની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. અગાઉ કેટલાક પ્લોટ માટે સિંગલ ટેન્ડર મળ્યા હતા, જ્યારે કેટલાક પ્લોટ માટે ટેન્ડર ન મળતા તેમજ ટેકનિકલ કારણોસર ફાળવણી અટકાવવામાં આવી હતી. બાકી રહેલા પ્લોટ માટે આજે જામનગર મહાનગરપાલિકા કચેરી ખાતે ઓપન હરાજી યોજવામાં આવી હતી.અગાઉ ઓનલાઈન અને ઓફલાઈન ટેન્ડર મારફતે પ્લોટની ફાળવણી કરવામાં આવી હતી. જોકે, કેટલાક પ્લોટમાં સિંગલ ટેન્ડર મળવા, કેટલાકમાં ટેન્ડર ન મળવા તેમજ ટેકનિકલ કારણોસર ફાળવણી અટકેલી હતી. આ બાકી રહેલા ૧૬ પ્લોટની ઓપન હરાજી બાદ હવે શ્રાવણી લોકમેળા માટેના તમામ પ્લોટની ફાળવણી પ્રક્રિયા પૂર્ણ થઈ છે.

શ્રાવણી લોકમેળાના આયોજન થકી જામનગર મહાનગરપાલિકાને કુલ અંદાજે રૂ.૧.૭૫ કરોડની આવક થવા પામી હોવાનું જાણવા મળે છે. હવે આગામી તા. ૧ સપ્ટેમ્બરથી લોકમેળાનો પ્રારંભ થવાનો હોવાથી પ્લોટધારકો અને ધંધાર્થીઓ દ્વારા પોતાના સ્ટોલ, મશીન મનોરંજનની રાઈડ્સ તથા અન્ય જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવાની કામગીરી શરૂ કરવામાં આવશે.

મહાનગરપાલિકા દ્વારા મેળા માટે જરૂરી મંજૂરીઓ તથા અન્ય વહીવટી પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે. ૧૧ દિવસ ચાલનારા આ લોકમેળાને લઈને શહેરના વેપારીઓ તેમજ શહેરીજનોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### બાકી પ્લોટની હરાજીમાં શું ફાળવાયું?

ઓપન હરાજીમાં મશીન મનોરંજનના ૬ પ્લોટ, ખાણી-પીણી માટેના ફૂડ ઝોનના ૬ પ્લોટ, આઈસક્રીમ બૂથના ૨ પ્લોટ, પોપકોર્નનો ૧ પ્લોટ તથા ચિલ્ડ્રન રાઈડનો ૧ પ્લોટ મળી કુલ ૧૬ પ્લોટની હરાજી કરવામાં આવી હતી. વેપારીઓ અને ધંધાર્થીઓની હાજરીમાં પ્લોટ માટે ખુલ્લી બોલી બોલાવવામાં આવી હતી. નિયમો મુજબ સૌથી વધુ બોલી બોલનારને પ્લોટ ફાળવવાની કાર્યવાહી કરવામાં આવી હતી.

# દિલ્હી દરબાર રેસ્ટોરન્ટમાં રૂ.૧૦.૩૯ લાખની વીજચોરી ઝડપાઈ

## ગુલાબનગર રોડ પરના રેસ્ટોરન્ટમાં મીટર વગર ગેરકાયદે વીજવપરાશ ઝડપાયો; અગાઉ પણ રૂ.૪.૭૬ લાખની વીજચોરી પકડાઈ હતી

જામનગર શહેરમાં પીજીવીસીએલ દ્વારા વીજચોરી અને વીજવપરાશમાં થતી ગેરરીતિ સામે હાથ ધરાયેલી ચેકિંગ ઝુંબેશ દરમિયાન ગુલાબનગર રોડ પર આવેલા દિલ્હી દરબાર રેસ્ટોરન્ટમાંથી રૂ.૧૦.૩૯ લાખની વીજચોરી ઝડપાઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. વીજચોરીના આ મામલે રેસ્ટોરન્ટના સંચાલક સામે જામનગરના જીયુવીએનએલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પીજીવીસીએલની ટીમ દ્વારા રેસ્ટોરન્ટના વીજજોડાણનું ચેકિંગ કરવામાં આવતા મીટર ન હોવા છતાં ગેરકાયદે રીતે વીજવપરાશ કરવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન વીજચોરી માટે ઉપયોગમાં લેવાયેલ સામાન પણ સ્થળ પરથી કબજે કરવામાં આવ્યો હતો.

ચેકિંગ કામગીરી દરમિયાન સ્થળ રોજકામ, ચેકિંગ સીટ, વીજચોરીના પુરવણી બિલનું ગણતરી પત્રક, સીઝર મેમો તથા સ્થળનો નકશો સહિતના જરૂરી દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ પીજીવીસીએલના અધિકારી દ્વારા રૂ.૧૦.૩૯ લાખની વીજચોરી અંગે લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. ફરિયાદના આધારે રેસ્ટોરન્ટના સંચાલક સામે વીજચોરી અંગે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ જ દિલ્હી દરબાર રેસ્ટોરન્ટમાંથી અગાઉ ૨૭ એપ્રિલ, ૨૦૨૫ના રોજ રૂ.૪.૭૬ લાખની વીજચોરી ઝડપાઈ હતી. અગાઉની કાર્યવાહી બાદ ફરી એક વખત આ સ્થળેથી વીજચોરી ઝડપાતા પીજીવીસીએલની ચેકિંગ કામગીરીમાં મામલો સામે આવ્યો છે. પીજીવીસીએલ દ્વારા જામનગર શહેરમાં વીજચોરી સામે ચેકિંગ ઝુંબેશ વધુ તેજ બનાવવામાં આવી રહી છે. આગામી દિવસોમાં પણ વીજચોરી અને વીજવપરાશમાં ગેરરીતિ કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

નાની શીતળા સાતમે

# ચાંદી બજારમાં શીતળા માતાજીના મંદિરે મોટી સંખ્યામાં બહેનો દર્શનાર્થે ઉમટયાં

## પરિવારના સુખ-શાંતિ, સમૃદ્ધિ અને આરોગ્ય માટે કરી પૂજા-અર્ચના





છોટી કાશી તરીકે પ્રચલિત જામનગર શહેરમાં ધાર્મિક પરંપરાઓ અને તહેવારોની ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. શ્રાવણ સુદ સાતમ એટલે કે નાની શીતળા સાતમના પવિત્ર દિવસે શહેરના ચાંદી બજાર વિસ્તારમાં આવેલા શીતળા માતાજીના મંદિરે દર્શન માટે મોટી સંખ્યામાં બહેનો ઉમટી પડતાં મંદિર પરિસરમાં ભક્તિમય માહોલ સર્જાયો હતો.

શહેરના જૂના બુગદામાં આવેલા શીતળા માતાજીના મંદિર ખાતે વહેલી સવારથી જ દર્શન માટે બહેનોની કતારો લાગી હતી. શ્રદ્ધાળુ બહેનોએ શીતળા માતાજીના દર્શન કરી પૂજા-અર્ચના કરી હતી. પરિવારના સુખ-શાંતિ, સમૃદ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે માતાજીને પ્રાર્થના કરી હતી.

નાની શીતળા સાતમના દિવસે માતાજીની પૂજા-અર્ચના કરવાની વર્ષો જૂની ધાર્મિક પરંપરા છે. આ દિવસે મહિલાઓ દ્વારા અગાઉથી તૈયાર કરવામાં આવેલા ઠંડા ભોજનનો પ્રસાદ માતાજીને ધરાવવામાં આવે છે અને શ્રદ્ધાપૂર્વક આરાધના કરવામાં આવે છે. જામનગરના પ્રાચીન શીતળા માતાજીના મંદિરે પણ આ પરંપરા મુજબ બહેનોએ ઠંડા ભોજનનો પ્રસાદ અર્પણ કરી પૂજા કરી હતી.

મંદિર અને આસપાસના વિસ્તારમાં વહેલી સવારથી જ ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ બહેનો દર્શનાર્થે પહોંચતાં ચાંદી બજાર વિસ્તારમાં ધાર્મિક માહોલ છવાઈ ગયો હતો. ભક્તોની આસ્થાને ધ્યાનમાં રાખીને મંદિર ખાતે દર્શન અને પૂજા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી.

# આર્મી ભરતી પૂર્વે નિઃશુલ્ક તાલીમ માટે અરજીની મુદત ૨૯ ઓગસ્ટ સુધી લંબાવાઈ

ગુજરાત સરકાર દ્વારા આર્મી, એરફોર્સ, નેવી, અર્ધલશ્કરી દળો તથા પેરામિલિટરી ફોર્સની ભરતીમાં યુવાનો સફળ થાય તે હેતુથી ભરતી પૂર્વે પરીક્ષાલક્ષી નિવાસી તાલીમ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત જામનગર જિલ્લા રોજગાર કચેરી દ્વારા આર્મી ભરતી બોર્ડ-જામનગરની ભરતી માટે યુવાનોને ૩૦ દિવસીય નિઃશુલ્ક નિવાસી તાલીમ આપવામાં આવનાર છે.

આ તાલીમ માટે અરજી કરવાની અગાઉની અંતિમ તારીખ ૧૭ ઓગસ્ટ હતી, જે હવે લંબાવીને ૨૯ ઓગસ્ટ, ૨૦૨૬ કરવામાં આવી છે. જામનગર ખાતે યોજાનારી તાલીમ દરમિયાન ઉમેદવારોના રહેવા અને જમવાનો સંપૂર્ણ ખર્ચ સરકાર દ્વારા ભોગવવામાં આવશે. ઉપરાંત તાલીમાર્થીને પ્રતિદિન રૂ.૧૦૦નું સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવશે.

તાલીમમાં જામનગર જિલ્લાના ૧૭.૫૦થી ૨૩ વર્ષની વયના અને ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ પાસ કરેલા પુરુષ ઉમેદવારો અરજી કરી શકશે. ઉમેદવારની ઊંચાઈ ૧૬૮ સેમી, વજન ૫૦ કિલોગ્રામ, જ્યારે છાતી ફુલાવ્યા વગર ૭૭ સેમી અને ફુલાવ્યા બાદ ૮૨ સેમી હોવી જરૂરી છે.

૩૦ દિવસની તાલીમ દરમિયાન ઉમેદવારોને દોડ, લાંબો કૂદકો, પુલ-અપ્સ સહિતની શારીરિક કસોટીઓની સઘન તૈયારી કરાવવામાં આવશે. સાથે જ આર્મી ભરતીની લેખિત પરીક્ષાની તૈયારી માટે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

તાલીમમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ ૩૦ દિવસ સતત તાલીમ કેન્દ્ર ખાતે રહેવાની તૈયારી સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિનો દાખલો, બેંક પાસબુક, આધારકાર્ડ અને બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે ૨૯ ઓગસ્ટ સુધીમાં જિલ્લા રોજગાર કચેરી, જામનગર ખાતે રૂબરૂ અરજી કરવાની રહેશે.

# જામનગર જિલ્લામાં વરિષ્ઠ નાગરિક કલ્યાણ અધિનીયમ હેઠળ દાખલારૂપ ચુકાદો

## લાલપુર એસ.ડી એમ. કોર્ટ દ્વારા જામવાળીના વૃધ્ધાને ભરણ પોષણ ચુકવવા પુત્રને હુકમ

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામેદપુર તાલુકાના જામવાળી ગામે રહેતા એક વૃદ્ધાદિવાળી બેન રવજીભાઈ ખાંટ ઉ. વર્ષ ૮૩ દ્વારા તેમના જ પુત્ર વિનોદભાઈ રવજીભાઈ ખાંટ સામે લાલપુર ના એસ.ડી એમ અને મેન્ટેનન્સ ટીબ્યુનલ સમક્ષ માતા પિતા અને વરિષ્ઠ નાગરિક ભરણ પોષણ અને કલ્યાણ અધિનિયમ ૨૦૦૭ હેઠળ અરજી દાખલ કરેલ હતી જેમા અરજી ચાલી જતા બંન્ને પક્ષના મુદાઓ લેખિત જવાબો અને રજૂ થયેલપુરાવા ઓ ની સમીક્ષા કર્યા બાદ સબ .ડિવીઝન મેજીસ્ટ્રેટ એસ.જે અક્ષવાર દવા રા વૃધ્ધા ના પુત્રને પોતાની માતાને માસીક રૂ . ૪૦૦૦ પુરા ચુકવવા હુકમ કરેલ છે અને જો પુત્ર ભરણ પોષણ નહીં ચુકવે તો ખેતીની જમીન ઉપર મહેસુલી બાકી રકમ ગણીને તંત્ર વસુલાત કરશે તેવો હુકામ ફરમાવેલ છે અરજદાર તરફે વકીલ શ્રી ભાર્ગવ એસ. ભાણવડીયા મનીષ બી. ત્રિવેદી ત્થા સાગર એમ ચાવડા રોકાયેલ હતા.

# દ્વારકા જિલ્લાના ૯ શિક્ષકોની શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે પસંદગી

## પાંચમી સપ્ટેમ્બરે શિક્ષકદિને સન્માનિત કરાશે

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક માટે જિલ્લા કક્ષાએ ૩ અને તાલુકા કક્ષાએ ૬ એમ કુલ ૯ શિક્ષકોને કેટેગરીવાઈઝ શ્રેષ્ઠ શિક્ષક તીરકે પસંદગી કરવામાં આવી છે.

જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ શિક્ષકોમાં ઓડેદરા રૂપલબેન ભાયાભાઈ શાળા, ગોકાણી કલ્પેશ ધનસુખલાલ વી.એચ. હાઈસ્કૂલ, ડો.રણમલ કુરજી પરમાર જુવાનપુર પ્રાથમિક (કુમાર) શાળાની પસંદગી કરવામાં આવી છે. આ ઉપરાંત તાલુકા કક્ષાએ પસંદગી પામેલ પ્રાથમિક શાળાના શિક્ષકોમાં જસ્મીનકુમાર વસંતલાલ માકડીયા તાલુકા શાળા, ગોસ્વામી બિંદીયાબેન રમેશભાઈ - ધતુરીયા પ્રાથમિક શાળા, જોશી અશોકભાઈ દિલીપભાઈ - ગોકલપર પ્રાથમિક શાળા, રિમ્પલબેન કે. સોલંકી ચંદ્રાવાડા પ્રાથમિક ભણખોખરી ડો.બિન્દુબેન અનંતરાય મહેતા વરવાળા પ્રાથમિક શાળા, આંબરડી પ્રાથમિક શાળા, ગોસાઈ આશિષ સવગર રૂપામોરા પ્રાથમિક શાળાની પસંદગી કરવામાં આવી છે. આ તમામ શિક્ષકોનું આગામી તા.૦૫મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ને શિક્ષક દિન નિમિત્તે જિલ્લા અને તાલુકાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત કરવામાં આવશે તેમ જિલ્લા શિક્ષણાધિકારીની યાદીમાં જણાવાયું છે.

# વૃંદાવન પાર્ક-૨ માં જાહેર રસ્તા પર ગેટ મુકાતાં રાહદારીઓ પરેશાન



જામનગરના રણજિત સાગર રોડ પર આવેલા વૃંદાવન પાર્ક-૨ માં કાલિદી સ્કૂલની બાજુની ગલીમાં રહીશો દ્વારા જાહેર રસ્તા પર બંને બાજુ ગેટ મુકવામાં આવતા અવરજવરનો માર્ગ જ બંધ થઈ ગયો હોવાની ફરિયાદ ઉઠી છે. રસ્તો બંધ થઈ જતાં સ્થાનિક રહીશો, રાહદારીઓ તેમજ વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ ગલીની બાજુમાં જ સ્કૂલ આવેલી હોવાથી દરરોજ મોટી સંખ્યામાં વાલીઓ બાળકોને મૂકવા તથા લેવા માટે આ માર્ગ પરથી પસાર થાય છે. પરંતુ જાહેર રસ્તા પર મુકાયેલા ગેટના કારણે ખાસ કરીને સ્કૂલ શરૂ થવાના અને છૂટવાના સમયે અવરજવર તથા ટ્રાફિકની સમસ્યા વધુ ગંભીર બની રહી છે.

સ્થાનિક વાલીઓ અને રાહદારીઓએ જાહેર રસ્તા પર મુકવામાં આવેલા બંને ગેટ તાત્કાલિક દૂર કરી રસ્તો ફરીથી ખુલ્લો કરવાની માંગ કરી છે. તેમજ સંબંધિત તંત્ર દ્વારા સ્થળ તપાસ કરી જાહેર રસ્તા પર થયેલા આ પ્રકારના દબાણ અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

# જામનગરમાં ૧૫થી ૬૦ વર્ષના નિરક્ષરોને અપાશે અક્ષરજ્ઞાન

## નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ નિરક્ષરતા નાબૂદ કરવા વિશેષ ઝુંબેશ; કલેક્ટર પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

જામનગર જિલ્લામાં સાક્ષરતા દર ઊંચો લાવવા અને નિરક્ષરતા સંપૂર્ણપણે નાબૂદ કરવાના હેતુથી ભારત સરકારના 'નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ' અંતર્ગત વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ કાર્યક્રમ હેઠળ ૧૫થી ૬૦ વર્ષની વયજૂથના નિરક્ષર નાગરિકોને વાંચન, લેખન અને પાયાનું ગણિત શીખવવામાં આવશે. આ ઉપરાંત દૈનિક વ્યવહારિક જીવનમાં ઉપયોગી થાય તેવા કૌશલ્યવર્ધક જ્ઞાન અંગે પણ તાલીમ આપવામાં આવશે.કાર્યક્રમના સુચારુ અમલીકરણ અને કામગીરીને વધુ વેગ આપવા માટે જામનગર જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યાના અધ્યક્ષસ્થાને તથા જિલ્લા વિકાસ અધિકારી નિશાના પરામર્શ હેઠળ જામનગર જિલ્લા સાક્ષરતા મિશન સત્તામંડળની કારોબારી સમિતિની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન કલેક્ટરએ સંબંધિત વિભાગના અધિકારીઓને જામનગર જિલ્લાના ૧૫થી ૬૦ વર્ષની વયજૂથના તમામ નિરક્ષર નાગરિકોનો સચોટ સર્વે હાથ ધરવા અને તેમની સમયસર નોંધણી પૂર્ણ કરવા માટે જરૂરી માર્ગદર્શન અને દિશા-નિર્દેશો આપ્યા હતા. જિલ્લામાં એક પણ નિરક્ષર ન રહે તે માટે કામગીરીને અસરકારક રીતે આગળ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

# ખાંભી પૂજન-રાજવીઓની પ્રતિમાઓને પૂષ્પાંજલિ સાથે જામનગરના સ્થાપના દિનની ઉજવણી





## દરબારગઢ ખાતે મહાનુભાવોના હસ્તે ખાંભી પૂજન; રાજવી પરંપરા અને નવાનગરના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરાયો

જામનગર (નવાનગર)ના ૪૮૭મા સ્થાપના દિવસની આજે શહેરમાં ભવ્ય અને પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્થાપના દિવસ નિમિત્તે ખાંભી પૂજન, રાજવીઓની પ્રતિમાઓને પુષ્પાંજલિ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્થાપના દિવસની ઉજવણીના ભાગરૂપે સવારે દરબારગઢ સર્કલ પાસે દિલાવર સાયકલ સ્ટોર્સ ખાતે જામનગર શહેરની સ્થાપનાની ખાંભીનું મેયર મોનિકા વ્યાસના હસ્તે વિધિવત પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જામનગર શહેરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી, જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યા, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડીયા, શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, શાસક જૂથના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન રૂપડીયા સહિત મહાનગરપાલિકાના અધિકારીઓ, પદાધિકારીઓ અને કોર્પોરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

ખાંભી પૂજન બાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી રાજવીઓની પ્રતિમાઓને મહાનુભાવોના હસ્તે પુષ્પહાર અર્પણ કરી પુષ્પાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે નવાનગરના ગૌરવશાળી ઈતિહાસ, રાજવી પરંપરા અને શહેરના ઐતિહાસિક વારસાને યાદ કરવામાં આવ્યો હતો.

દરમિયાન શહેર-જિલ્લા રાજપૂત યુવા સંઘ દ્વારા પણ જામનગરના સ્થાપના દિવસ નિમિત્તે પરંપરાગત ખાંભી પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) સહિત રાજપૂત સમાજના અગ્રણીઓ અને યુવા કાર્યકરોની ઉપસ્થિતિમાં ખાંભી પૂજન કરવામાં આવ્યું હતું. સમાજના આગેવાનોએ રાજપૂત સમાજની પરંપરા, સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાને જાળવી રાખવા તથા નવી પેઢીને પોતાના ગૌરવશાળી ઈતિહાસથી પરિચિત કરાવવા પર ભાર મૂક્યો હતો.

જામનગરના સ્થાપના દિવસની ઉજવણીને લઈને શહેરમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. વિવિધ કાર્યક્રમો દ્વારા નવાનગરની ઐતિહાસિક ધરોહર, રાજવી પરંપરા અને ગૌરવશાળી વારસાનું સ્મરણ કરવામાં આવ્યું હતું.

## ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરા ઉડ્યાં !!

# ગોહિલવાડમા ઝેરી દારૂકાંડથી હાહાકાર: સાતના મોત , ૨૧ સારવાર હેઠળ

## રોયલ સ્ટેગની બોટલોમાં ૩૮.૫૯% મિથેનોલ ભેળવી 'મોતનું મિશ્રણ': ૨૧ આરોપી સામે ગુનો, ૫ પોલીસ સસ્પેન્ડ

### અમદાવાદથી કેમિકલ-બોટલ મંગાવી ભાવનગરમાં બનાવ્યો નકલી દારૂ: શરાબમાં મિશ્રણ કરનાર ઉજ્જૈનના શખ્સનું મોત

### વરતેજ પોલીસ મથકે સૂત્રધાર ગૌતમ સોલંકી સહિત ૨૧ સામે ફરિયાદ

વરતેજ પોલીસ મથકે મુખ્ય આરોપીઓમાં ગૌતમ સોલંકી, રઈસ, મનોજ, જતીન સોલંકી, ગણેશ, અમન, ઝુબેર, નરેન્દ્રસિંહ ઉર્ફે ડોક્ટર (મૃતક), ધર્મેન્દ્રસિંહ ગોહિલ, જગદીપ કનૈયાલાલ, વિવેક સોલંકી, અર્જુનસિંહ, સંજય ચાવડા, જયદીપ મકવાણા, બાર્બવ કનૈયાલાલ, હેવલ સોલંકી, રોહિતભાઈ ચોહાણ, કેવલ સોલંકી, સુખદેવ સોલંકી અને હાર્દિક બારૈયા સહિત ૨૧ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

### મૃતકો

- ઉપેન્દ્રસિંહ ગોહિલ (ગામ ખરકડી, ઘોઘા)
- કનકસિંહ ગોહિલ (ભાવનગર)
- કાર્તિક મકવાણા (તળાજા રોડ ભાવનગર)
- નરેન્દ્ર સિંહ યાદવ (ઈન્દોર મધ્ય પ્રદેશ)
- ઘનશ્યામસિંહ જાડેજા (કાળીયાબીડ )
- હિતેશ પરમાર (વિદ્યાનગર ભાવનગર)
- જયેશ ભટ્ટી (કાળીયાબીડ ભાવનગર)

**અબતક, રાજકોટ**

ભાવનગરમાં ઝેરી દારૂકાંડથી હાહાકાર મચી ગયો છે, જેમાં ૬ યુવકોના કરુણ મોત થયા છે અને ૨૧થી વધુ લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બુટલેગરોએ રોયલ સ્ટેગની બોટલોમાં ૩૮.૫૯% મિથેનોલ ભેળવી 'મોતનું મિશ્રણ' બનાવ્યું હતું. આ રેકેટમાં ૨૧ આરોપીઓ સામે ગુનો નોંધાયો છે અને ૫ પોલીસકર્મી સસ્પેન્ડ થયા છે. રાજ્યના ગ્રુપ મંત્રી હર્ષ સંઘવી દ્વારા બનાવને ગંભીરતાલય તાત્કાલિક સ્ટેટ મોનિટરિંગ સેલ ને

### પાંચ પોલીસમેનને સસ્પેન્ડ કરતા એસપી

ભાવનગરજિલ્લા પોલીસ વડા દ્વારા વરતેજ પોલીસ મથકના બીટ જમાદાર ધર્મપાલસિંહ બહાદુરસિંહ ગોહિલ,ડી સ્ટાફના જયરાજસિંહ પ્રકાશસિંહ, અનિરૂદ્ધસિંહ જયવંતસિંહ ગોહિલ, ધર્મપાલસિંહ બહાદુરસિંહ ગોહિલ અને નીલમબાગ પોલીસ મથકના એક મળી ૫ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### નકલી દારૂની તપાસનો દૌર એસએમસીએ સંભાળ્યો

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદ એરપોર્ટ પર રાજ્ય પોલીસ વડા જી.એસ મલિક, આઈબીના વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જેમાં ભાવનગરમાં નકલી દારૂના વેચાણથી થયેલા મોત અને લોકોની તબિયત લથડી હોવાના પગલે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને તપાસ સોંપવામાં (અનુ. આઠમા પાને)

### પોલીસમા પસંદગી પામેલા યુવકની પાર્ટીમાંથી જ લઠ્ઠાકાંડનો ભાંડો ફૂટ્યો!

ખરકડી ગામના યુવાન વિજયરાજસિંહ ગોહિલ પોલીસ ભરતીમાં પસંદગી થતાં મિત્રો ઉપેન્દ્રસિંહ ગંભીરસિંહ ગોહિલ, હરપાલસિંહ પ્રદીપસિંહ ગોહિલ અને જયદીપસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલને પાર્ટી આપી હતી. જયદીપસિંહ સિવાયના ત્રણ મિત્રોએ રોયલ સ્ટેગ દારૂ પીધો હતો. જેમાં ૧૮ ઓગસ્ટના રોજ ઉપેન્દ્રસિંહનું મોત નીપજ્યું હતું. સમગ્ર ઘટનાની જાણકારી પોલીસ કર્મચારી દ્વારા અપાયેલી પાર્ટીથી બહાર આવી હતી. બાદ ભાવનગર જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોને એલ.સી.બી. દ્વારા તાકીદ કરી હતી.

તપાસનો આદેશ કરતા એસ.પી મયુર ચાવડા ભાવનગર ખાતે દોડી ગયા હતા આઈજી જે. રાજુ અન્સારી સાથે મળીને સમગ્ર નેટવર્કને ઝડપી લેવા કવાયત તેજ કરી છે. વધુ વિગત મુજબ ગાંધીના ગુજરાતમાં દારૂબંધી (અનુ. આઠમા પાને)

### 'મોતનું મિશ્રણ' વેચનાર સિન્ડિકેટનો પર્દાફાશ, અમદાવાદથી કેમિકલ લાવી વરતેજમાં 'લઠ્ઠો' પેક કર્યું, ૫૧ પેટી વેચી

# સૌરાષ્ટ્રના ૧૫ સહિત રાજ્યના 30 તાલૂકા વિકાસ અધિકારીઓની બદલી

### સિહોરના ટીડીઓ મૌસમસિંહ રાવની બદલીનો હુકમ રદ્ કરાયો

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના ૧૫ સહિત રાજ્યના ૩૦ તાલુકા વિકાસ અધિકારીઓની તાત્કાલીક અસરથી બદલી કરવામાં આવી છે. શિહોરના ટીડીઓ મૌસમસિંહ રાવ બદલીનો ઓર્ડર રદ્ કરવામાં આવ્યો છે.

પંચાયત વિભાગ દ્વારા ભાવનગરના વલ્લભીપુરના ટીડીઓ નરેન્દ્રકુમાર ચાંપાનેરીની ગારિયાધાર ટીડીઓ તરીકે, ધોરાજીના ટીડીઓ હરદિપસિંહ ગોહિલની કુંકાવાવના ટીડીઓ તરીકે, કુંકાવાવના ટીડીઓ દિપકભાઈ ખાંભલાની ધોરાજીના ટીડીઓ તરીકે, વિસાવદરના ટીડીઓ કિશોરભાઈ તેરૈયાની અમરેલીના ટીડીઓ તરીકે, પડધરીના ટીડીઓ રાજેશભાઈ ધનગરની વલસાડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં, સાયલાના ટીડીઓ હિતેશકુમાર પંડ્યાની ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે, સુત્રાપાડાના તાલૂકા વિકાસ અધિકારી મૌલિક ગોસાઈની કોડીનારના ટીડીઓ તરીકે, ગઢડાના ટીડીઓ અનિલ વાળાની ઉમરગામના ટીડીઓ તરીકે, માણાવદરના ટીડીઓ મૂકેશ ઉપાધ્યાયની દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત કચેરીના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી તરીકે, મેંદરડાના ટીડીઓ લતાબેન સોલંકીની મહેસાણા જિલ્લા પંચાયત કચેરીના ચીટનીશ કમ તાલુકા વિકાસ અધિકારી તરીકે, ઉનાના તાલુકા વિકાસ અધિકારી કારાભાઈ ચાવડાની રાજકોટના તાલુકા વિકાસ અધિકારી વનરાજસિહ ચૌહાણની વાસંદાના તાલુકા વિકાસ અધિકારી તરીકે અને ભાણવડના તાલુકા વિકાસ અધિકારી પ્રવિણાબેન પીઠીયાની જૂનાગઢના તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરાય છે.

આ ઉપરાંત ખેરગામ, કામરેજ, ગણદેવી, નિઝર, શહેરા, વલસાડ, ફાગવેલ, કાલોલ, ગરબાડા, ધાનપુર, તલોદ, ઉમરગામ, ઉંઝા, મહેસાણા, વાંસદા તાલુકા વિકાસ અધિકારી ચીટનીશની બદલી કરાય છે. ગત ૧૦ જુલાઈના રોજ શિહોર તાલુકા વિકાસ અધિકારી મૌસમસિંહ રાવની અમરેલી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે બદલી કરવામાં આવી છે. આ હુકમ રદ્ કરવામાં આવ્યો છે. જ્યારે સીધી ભરતીથી અજમાયશી તાલુકા વિકાસ અધિકારી તરીકે નિમણુંક પામેલા આઠ અધિકારીને નિયુક્તી અપાય છે.

નવસારીના ખેર ગામ તાલુકા વિકાસ અધિકારી અરુણકુમાર નાયકની ગાંધીનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી તરીકે ,કામરેજના ટીડીઓ પ્રકાશભાઈ પટેલની ખેરગામના ટીડીઓ તરીકે ,ગણદેવીના ગણદેવીના ટીડીઓ ચેતનભાઈ દેસાઈની કામરેજ તાલુકા વિકાસ અધિકારી તરીકે, નિઝરના ટીડીઓ પિયુષભાઈ ગામીતની ગણદેવીના તાલુકા વિકાસ અધિકારી તરીકે, શહેરાના પાર્થ કુમાર પટેલની ફતેપુરાના તાલુકા વિકાસ અધિકારી તરીકે, વલસાડ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મદદનીશ પ્રાયોજના અધિકારી ધીરુભાઈ પટેલની ધરમપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે, ફાગવેલના તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ તેરૈયાની પડધરી તાલુકા વિકાસ અધિકારી તરીકે, કાલોલના રાજુભાઈ પ્રજાપતિની ફાગવેલ ટીડીઓ તરીકે ,ગરબાડાના ટીડીઓ સંજયકુમાર ચૌહાણની ધાનપુર તાલુકા વિકાસ અધિકારી તરીકે જ્યારે ધાનપુરના તાલુકા વિકાસ અધિકારી ગિરીશકુમાર ગઢવીની રાજ્ય ચૂંટણી આયોગના મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે, તલોદના ટીડીઓ આદિત્ય મોદીની ગાંધીનગર ગ્રામ વિકાસની કચેરીના ચીટનિશ તરીકે, ઉમરગામના (અનુ. આઠમા પાને)

# પોરબંદર જિલ્લાના તમામ ડેમ-તળાવોને નર્મદાના નીરથી ભરી દેવાશે

### ઘેડ વિસ્તારના ફેઝ-૧ અને ફેઝ-૨ના કામો ઝડપથી પૂર્ણ કરવા માઈક્રો પ્લાનિંગના આદેશ

**અબતક, રાજકોટ**

પોરબંદર જિલ્લામાં ચાલુ વર્ષે ઓછો વરસાદ નોંધાતા આગામી સમયમાં પીવાના પાણીની સમસ્યા નિવારવા તથા સિંચાઈ અને પાણી પુરવઠાના પ્રશ્નોના કાયમી-ઝડપી ઉકેલ માટે ગાંધીનગર ખાતે એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાની ખાસ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલની હાજરીમાં જળસંપત્તિ, સિંચાઈ, શહેરી વિકાસ અને પાણી પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન પોરબંદર વિસ્તારમાં પાણીની અછત ન સર્જાય તે માટે હયાત સોર્સ અને સૌની યોજનાના મહત્તમ ઉપયોગ સાથે આગોતરું આયોજન તૈયાર કરવામાં આવ્યું હતું. આ તકે બંને મંત્રીઓ દ્વારા સંબંધિત વિભાગોના અધિકારીઓને મહત્વપૂર્ણ કામગીરીઓ હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જેમાં પોરબંદર જિલ્લાના ઘેડ વિસ્તાર માટે ફેઝ-૧ અંતર્ગત પ્રગતિ હેઠળના કામોની સાથે ફેઝ-૨માં સમાવિષ્ટ કામગીરી ઉપરાંત ફેઝ-૨ના કામોનું માઈક્રોલેવલ પ્લાનિંગ કરી બિનજરૂરી વિલંબ વગર કામો સમયસર પૂર્ણ કરવા તાકીદ (અનુ. આઠમા પાને)

### ઉત્તર ગુજરાતના ખેડુતોને આજથી સિંચાઈ માટે પાણી અપાશે

### ઉત્તર ગુજરાતના ખેડૂતોના ઊભા પાકને મળશે સંજીવની, પાકને નુકસાન થતું અટકશે

ઉત્તર ગુજરાતમાં ચાલુ વર્ષે વરસાદ ખેંચાવાના કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન ન થાય અને સમયસર સિંચાઈનું પાણી મળી રહે તે માટે રાજ્ય સરકારે એક મહત્વપૂર્ણ અને ખેડૂતલક્ષી નિર્ણય લીધો છે. હાલ અમેરિકાના પ્રવાસે ગયેલા રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી તથા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ ટેલિફોનિક સંપર્ક સાધીને ઉત્તર ગુજરાતના ખેડૂતોની સ્થિતિ અંગે લાગણીસભર રજૂઆત કરી હતી. તેમણે સુજલામ સુફલામ યોજના અંતર્ગત સિંચાઈ માટે તાત્કાલિક પાણી ઉપલબ્ધ કરાવવા અનુરોધ કર્યો હતો. અમેરિકા પ્રવાસે હોવા છતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પરિસ્થિતિની ગંભીરતા અને ખેડૂતોના હિતને સર્વોપરી રાખીને ત્વરિત પ્રતિસાદ આપ્યો હતો. તેમણે વિધાનસભા અધ્યક્ષ તથા કૃષિ મંત્રીને ખેડૂતો માટે પૂરતું પાણી ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી હતી. આ ખાતરીને પગલે મુખ્યમંત્રીએ વિદેશથી જ સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક ધોરણે જરૂરી નિર્દેશો આપ્યા છે. જે અંતર્ગત સુજલામ સુફલામ યોજના હેઠળ ઉત્તર ગુજરાતના વિસ્તારમાં આજથી સિંચાઈ માટેનું પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજય સરકારના આ સત્વરે લેવાયેલા નિર્ણયથી ઉત્તર ગુજરાતના હજારો ખેડૂતોને રાહત મળશે અને તેમના પાકને સમયસર પાણી મળતાં મોટું આર્થિક નુકસાન થતું અટકશે.

# પ્રધાનમંત્રી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ગુજરાતને રૂ.૨૨૫ કરોડ ફાળવાયા

### ખેડુતોના હિતમાં કેન્દ્ર અને રાજયો વચ્ચે મજબૂત સંકલનથી યોજનાનું અમલીકરણ: શિવરાજસિંહ ચૌહાણ

**અબતક, રાજકોટ**

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ તથા ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગુજરાત અને સિક્કિમના કૃષિ મંત્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરીને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અને કૃષોન્નતિ યોજનાની પ્રગતિની સમીક્ષા કરી હતી.

બેઠક દરમિયાન કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ દ્વારા ગુજરાતને ૨૨૪.૯૪ કરોડ રૂ. તથા સિક્કિમને ૫૦.૫૮ કરોડ રૂ.ની બીજી મુખ્ય મંજૂરી જારી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ પ્રકારે બંને રાજ્યો માટે કુલ ૨૭૫.૫૨ કરોડ રૂ.ની રકમ મંજૂર કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ખેડૂતોને વધુ સારી કૃષિ ટેકનોલોજી, ગુણવત્તાપૂર્ણ ઈનપુટ, સિંચાઈ, બાગાયત, કૃષિ યાંત્રીકીકરણ, ડિજિટલ સેવાઓ અને બજાર સાથે જોડાયેલી સુવિધાઓનો લાભ સમયસર મળે. ગુજરાત માટે મંજૂર રકમ હેઠળ PM-RKVY માં ૧૮૧.૬૨ કરોડ રૂ. અને કૃષોન્નતિ યોજનામાં ૪૩.૩૨ કરોડ રૂ. ની બીજી મુખ્ય મંજૂરી આપવામાં આવી છે. PM-RKVY અંતર્ગત મંજૂર પરિયોજનાઓમાં કૃષિ વિકાસ સાથે જોડાયેલા વિવિધ ઘટકો સામેલ છે. આમાં કૃષિ સંબંધિત પરિયોજનાઓ, સૂક્ષ્મ સિંચાઈ, કૃષિ યાંત્રીકીકરણ, જૈવિક ખેતી, જમીન અને જળ સંરક્ષણ તથા કૃષિ-વનીકરણ જેવા કાર્યો પ્રમુખ છે.

શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું કે ગુજરાતમાં કૃષોન્નતિ યોજના હેઠળ કૃષિ વિસ્તાર, પોષક અનાજ અને ખાદ્ય સુરક્ષા, બીજ અને રોપણ સામગ્રી, બાગાયત વિકાસ, ડિજિટલ કૃષિ, તેલીબિયાં મિશન, ઓઈલ પામ અને કઠોળ મિશન સાથે જોડાયેલા કાર્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ યોજનાઓથી ખેડૂતોને આધુનિક ટેકનોલોજી અપનાવવા, ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને કૃષિ ઉત્પાદનોની (અનુ. આઠમા પાને)

# બિન અનામત વર્ગના છાત્રો માટે વિદેશ અભ્યાસ લોનની આવક મર્યાદામાં ૪ લાખનો વધારો

### વાર્ષિક આવક મર્યાદા રૂ.૬ લાખથી વધારી રૂ.૧૦ લાખ કરાઈ

**અબતક, રાજકોટ**

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ હેઠળ અમલમાં રહેલી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ.૬ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરવામાં આવી છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડો.પ્રદ્યુમન વાજા તથા રાજ્ય મંત્રી ડો.મનીષાબેન વકીલના નેતૃત્વ હેઠળ વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી અગાઉ આવક મર્યાદાને કારણે યોજનાનો લાભ મેળવી શકતા ન હોય, તેવા અનેક વિદ્યાર્થીઓ હવે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લોન સહાય મેળવવા પાત્ર બની શકશે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસની ફી, રહેવા-જમવા સહિતના વિવિધ ખર્ચને પહોંચી વળવા શૈક્ષણિક લોન મહત્વપૂર્ણ સહારો બની શકે છે. અત્યાર સુધી 'વિદેશ અભ્યાસ લોન યોજના'માં લાભ મેળવવા માટે વિદ્યાર્થીના પરિવારની વાર્ષિક આવકની મહત્તમ મર્યાદા રૂ. ૬ લાખ હતી. હવે રાજ્ય સરકારે આ આવક મર્યાદામાં રૂ.૪ લાખનો વધારો કરીને તેને રૂ. ૧૦ લાખ કરી છે એટલે કે, હવે રૂ. ૧૦ લાખ સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા બિન અનામત વર્ગના પાત્ર વિદ્યાર્થીઓ પણ આ યોજનાનો લાભ મેળવી શકશે.

આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આર્થિક રીતે મધ્યમ આવક ધરાવતા પરિવારોના તેજસ્વી વિદ્યાર્થીઓ માત્ર આવક મર્યાદાના કારણે વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાની તકથી વંચિત ન રહે.

વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવવાથી વિદ્યાર્થીઓને વૈશ્વિક સ્તરની શિક્ષણ પદ્ધતિ, આધુનિક ટેક્નોલોજી, સંશોધન અને આંતરરાષ્ટ્રીય અનુભવ (અનુ. આઠમા પાને)